
بفیضِ  
બફયઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**

# બરકાતે ખ્વાજા *(માસિક)*


**મે-૨૦૨૪**

શવ્વાલુલ મઅઝ્ઝમ - ઝિલ્ કઅદ

હિજરી સન : ૧૪૪૫

વર્ષ : ૨૧, અંક : ૦૫, સળંગ અંક : ૨૪૪

**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)

C/o. ફયઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦

તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭

9427464411 PhonePe/Paytm/G Pay

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com

બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ

A/c. No. 34620100000303

Razvi Kitab Ghar

IFSC Code : BARB0DAYADR


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૩૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૨,૦૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૩,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૬,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૫,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૫,૦૦૦/- |


: માનદ તંત્રી :

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | જ્યાંથી ઈસ્લામ ઉદય પામ્યો ત્યાંથી જ એના શત્રુ જાહેર થયા ! | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 07 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) | 09 |
| 04 | હદાઈકે બખ્શિશ (ભાગ : ૨) | 12 |
| 05 | હશ્ત બહિશ્ત : ફવાઈદુલ ફવાદ (દિલોના ફાયદા) | 15 |
| 06 | અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ | 17 |
| 07 | કાનૂને શરીઅત (ભાગ-૨) | 19 |
| 08 | તઝકેરતુલ અવલિયા : હઝરત અહમદ હઝરુવિયહ رحمۃ اللہ علیہ | 22 |
| 09 | ઈસ્લામી અખ્લાક તથા આદાબ | 26 |
| 10 | "શફાઅત" કિતાબ તથા સુન્નતની રોશનીમાં | 31 |
| 11 | *(બીજી સદીના મુજદ્દિદ-૩)* ઈમામે જરહો તઅદીલ યહ્યા ઈબ્ને મુઈન رحمۃ اللہ علیہ | 34 |
| 12 | કોઈના માલમાં ખયાનત તથા તેને હડપ કરવાનો અંજામ | 37 |
| 13 | પોતાની તર્બિયત (સુધારણા) સૌ પ્રથમ જરૂરી | 40 |
| 14 | હુઝૂર صلی اللہ علیہ وسلم ના ગૈર મુસ્લિમોથી મામલાઓ | 42 |
| 15 | બરકાતે ખ્વાજાની ટપાલ | 50 |


## કયા મહકતે હૈં મહકનેવાલે !

કયા મહકતે હૈં મહકને વાલે  
બૂ પે ચલતે હૈં ભટકનેવાલે

જગમગા ઉઠી મેરી ગોર કી ખાક  
તેરે કુર્બાન ચમકનેવોલે

મહ બે દાગ કે સદકે જાઉં  
યૂં દમકતે હૈં દમકનેવાલે

ગુલે તૈબા કી ષના ગાતે હૈં  
નખ્લે તૂબા પે ચમકનેવાલે

આસિયો ! થામ લો દામન ઉન કા  
વો નહીં હાથ ઝટકને વાલે

સુન્નીયો ! ઉન સે મદદ માંગે જાઓ  
પળે બકતે રહેં બકનેવાલે

મૌત કહતી હૈ કે જલ્વા હૈ કરીબ  
એક ઝરા સો લે બિલકનેવાલે

જબ ગિરે મુંહ સૂએ મૈખાના થા  
હોશ મેં હૈં યે બહકનેવાલે

શમ્એ યાદે રૂખે જાના ન બુઝે  
ખાક હો જાએં ભળકનેવાલે

કફે દરયાએ કરમ મેં હૈ **'રઝા'**  
પાંચ ફવ્વરે છલકને વાલે

# જયાંથી ઈસ્લામ ઉદય પામ્યો ત્યાંથી જ

## એના શત્રુ જાહેર થયા !




આમ તો ઈસ્લામ એ પ્રથમ માનવી હઝરત આદમ علیہ السلام તથા બીબી હવ્વા رضی اللہ عنہا ના સમયથી દુનિયામાં અસ્તિત્વમાં આવ્યો અને આપના બાદ આવનાર નબીઓ લગભગ એક લાખ ચોવીસ હજાર હતા જેમણે દરેકે અલ્લાહના એક હોવાનું એલાન કર્યું. જેમાં હઝરત શીશ, હઝરત યાકૂબ, હઝરત ઈસ્હાક, હઝરત ઈબ્રાહીમ, હઝરત ઈસ્માઈલ, હઝરત દાઊદ, હઝરત યૂનસ, હઝરત મૂસા, હઝરત સુલૈમાન, હઝરત ઈસા علیہم السلام અને છેવટમાં આજથી ૧૪૫૦ વરસો પહેલાં આખરી નબી આપણા નબી હઝરત મુહમ્મદ ﷺ એ મક્કા પાસેની ફારાનની ટોચ પરથી અલ્લાહ એક હોવાનો અને પોતે મુહમ્મદ ﷺ રસૂલે ખુદા હોવાનું એલાન કર્યું. કેટલાક નાદાનો જેઓ કહે છે કે ઈસ્લામને તો હજી ૧૪૦૦ જ વરસ થયાં અને અમારો ધર્મ તો હજારો હજાર વરસોથી છે ! તેમણે સમજવું જોઈએ કે ઈસ્લામને કેટલાય હજારો વરસો પહેલાં જ્યારે દુનિયામાં કોઈ માનવી ન હતું ત્યારે પ્રથમ માનવી બલ્કે માનવ પિતા હઝરત આદમ علیہ السلام લઈને આવ્યા અને તે પણ અખંડ ભારતની ભૂમી (શ્રીલંકા)માં જન્નતથી અલ્લાહે ઉતારેલા. ઈન્સાફથી ઈસ્લામનો અભ્યાસ કરનારા એવું બોલશે નહીં. સૌથી આખરમાં આખરી નબી સૈયદુલ અંબિયા હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ દુનિયામાં લોકોની હિદાયત માટે તશરીફ લાવ્યા અને આપ ﷺ ના તથા ચારેવ ખલીફાના દૌરમાં, ત્યારબાદ ઈસ્લામી બાદશાહો ખલીફાઓના દૌરમાં ઈસ્લામ જગતભરમાં ફેલાય ગયો. અરબ દેશો પર તુર્કી સુન્ની ઉષ્માની ખલીફાઓએ ૬૦૦ વરસ રાજ કર્યું અને દીનો સુન્નિયતની ખૂબ હિફાઝત કરી, પણ ઈસ્લામના ગદ્દાર એવા વહાબી નજદીઓ અંગ્રેજોના જોરે જ્યારથી હુકૂમતમાં આવ્યા ત્યારથી ઈસ્લામી કાનૂનો વિરૂધ્ધ પ્રવૃત્તિઓ થતી રહી છે. હરમૈન શરીફૈનની મુકદ્દસ યાદગારો, મસ્જિદો, મઝારો તથા કબરોને આ વહાબી નજદી ડાકૂઓએ મિસ્માર કરી નાખી જેનો ઈતિહાસ વાંરવાર રજૂ થયેલ છે. (વધુ માટે વાંચો રહનુમાએ હક્ક઼ કિતાબ દયાદરામાં મળે છે. –તંત્રી)

### ★ મુસલમાનોની ક઼ત્લેઆમ અને મુશ્રિકોને ઈનામો ઈકરામ ★

આ વહાબી નજદી સઊદી બેદીનોની નિશાનીઓ હદીષે પાકમાં પહેલેથી દર્શાવવામાં આવેલ છે. હદીષોના આધારે ઉલમાએ અહલે સુન્નતે તેમની ૧૨ નિશાનીઓ રજૂ કરેલી છે. જેમ કે : નજ્દની ધરતી પરથી એક શૈતાની ટોળુ નીકળશે, એ લોકો નબી ﷺ ના ગુસ્તાખ હશે, કુર્આન પઢશે પણ કુર્આન તેમના ગળાથી નીચે ઉતરશે નહીં, દીનથી એવા નીકળી જશે કે જેવી રીતે તીર શિકારથી, આ લોકો મુશ્રિકોને છોડીને મુસલમાનોને ક઼ત્લ કરશે, એઓ મખ્લૂકમાં સૌથી બદતરીન મખ્લૂક છે.... વગેરે. સમયે બતાવી આપ્યું કે આ બધી જ નિશાનીઓ તેમના પર સંપૂર્ણપણે ફીટ થઈ છે. અત્રે ફક્ત આ નિશાની કે, "મુશ્રિકોથી દોસ્તી કરશે અને મુસલમાનોને ક઼ત્લ કરશે." એના પર ચર્ચા કરીએ.

### ★ વહાબી નજદી, મુસલમાનોના કાતિલ તથા લૂટારા હોવાની દાસ્તાન ★

હાલમાં મક્કા મદીના સઊદી અરબ પર જેમનુ રાજ છે તે નજદી વહાબી સઊદીના અંગ્રેજોના જોરે મુસલમાનો પર થયેલા જુલ્મની દાસ્તાન રજૂ કરતાં હઝરત અલ્લામા ફઝ્લે હક્ક઼ ખૈરાબાદી رحمۃ اللہ علیہ "સૈફુલ જબ્બાર"માં લખે છે :–

**"જ્યારે વહાબીઓએ મક્કામાં અચાનક હુમ્લો કર્યો ત્યારે મક્કાવાસી પુરૂષ, સ્ત્રીઓ ઘરો છોડીને પહાડો પર ચઢી ગયાં, કેટલાકે મસ્જિદે હરામને બચાવનું સ્થાન સમજી ત્યાં રક્ષણ લીધું. નજ્દી બેદીનોએ ચોપાસથી અંતિમ જુલ્મો સિતમ સાથે મસ્જિદે હરામમાં પ્રવેશી ગિલાફે કા'બામાં છુપાએલા અને ઝમઝમ, હતીમ, મકામે ઈબ્રાહીમમાં દબાએલા લોકોનો લેહાઝ ન કરતાં બધાંને તલ્વારથી કતલ કરી દીધા. (જ્યાં મૂઝી જાનવરને મારવું પણ હરામ છે !)**

હજરે અસ્વદ સુધ્ધાંને ન છોડતાં ત્યાં પણ એટલી બધી કાપા કાપી કરી કે હજરે અસ્વદ ફાટી ગયો. મક્કાના શરીફોનો તમામ માલ, મક્કાવાસીઓના ઘરોનો, અને હરમના ખજાનાનો અને કા'બાનાં નજરાણાને પોતાના કબ્જે કરી લીધાં, કશુય બાકી રાખ્યુ નહીં. આ પછી મક્કાવાસીઓને પોતાના ઘરોમાં પાછા આવવાની પરવાનગી મળી. પરંતુ મક્કાના ખાનદાની રઈસો જેઓ રસૂલુલ્લાહ ﷺના અહલે બૈતમાંથી હતા તેમને રક્ષણ અમાન ન આપ્યાં, બલ્કે એમના માટે એવો હુકમ સાદર કર્યો કે એમનામાંનાં (એહલે બૈતમાંનાં) પુરૂષ, સ્ત્રી, વૃધ્ધ, યુવક, બાળક વિગેરેને દેખો ત્યાંથી ઠાર કરવા. આ હુકમ જાહેર થતાં અહલે બયતના શકિતશાળી જેઓ બહાર જવા શકિતમાન હતા તેઓ હિજરત કરી ગયા, જ્યારે અશકતો આ જાલિમોના હાથે સપડાયા તેમને શહીદ કરી દીધા. જ્યારે થોડાક બચેલા લોકો ઘરોમાં આવ્યા ત્યારે તેમણે તેમના ઘરો સરસામાન સામગ્રીથી ખાલી જોયાં, એટલે કે વહાબીઓ એ બધું જ લૂંટી લીધુ હતું."

આ પછી અલ્લામા મુસલમાનોને સંબોધી ફર્માવે છે કે, "હે મુસલમાનો ! ઈબરત પકડો કે, જે સ્થળે જાનવરનો શિકાર કરવો અને તેમને છાંયડાની નીચેથી ભગાડવાં, ઝાડો કાપવાં અને ઘાસ ઉખાડવી, પાંદડું તોડવું હરામ થયું. વળી ફાડી ખાનાર પશુ જો બકરી વિગેરેની પાછળ દોડે અને તે બકરી હરમની હદમાં ઘુસી જાય, ત્યારે પેલું ફાડી ખાનાર જાનવર હરમ શરીફની અદબ કરતું શિકાર છોડી પાછુ નાસી જાય છે અને હરમની હદમાં પ્રવેશી શિકાર કરતું નથી, વળી પક્ષીઓ ઉડ્ડયન કરતાં કરતાં કા'બાની હદમાં પ્રવેશે કરે છે ત્યારે કા'બા શરીફ પર ઉડતાં નથી બલ્કે જમણી, ડાબી બાજુ ફરીને જાય છે. છતાં વહાબી શૈતાનો બેદીન જુલ્મીઓએ આવા બરકતવંત મકામનો પણ લેહાઝ ન કર્યો અને હરમ શરીફની પનાહ લેનારાઓને પણ તલ્વાર નીચે લાવી કત્લ કર્યા."

મક્કા મોઅઝ્ઝમાને ગારત કર્યા પછી મદીનાને લૂંટવા અને ગારત કરવા માટે થોડીક ફોજ લઈ દોડી પડયા. માર્ગમાં જેને જોયો તેને શહીદ કરતા કરતા મદીના મુનવ્વરા પહોંચ્યા અને મક્કા મોઅઝ્ઝમા જેવો જ રાક્ષસી વર્તાવ મદીના મુનવ્વરામાં પણ કરી પોતાનાં મોઢાં કાળાં કર્યાં. લૂંટમાર ઉપરાંત મુકદ્દસ મસ્જિદો અને મઝારો તેમજ સહાબા, અહલે બૈતના મઝારાત મિસ્માર કરી નાખ્યાં. મક્કા, મદીના કે રસ્તામાંની બધી મસ્જિદો સહાબા, તાબઈનોની બનાવેલી હતી. વળી અમુક તો હુઝૂર ﷺ ની ઈજાઝતથી બનાવાઈ હતી. તે સમયથી આજપર્યંત ઉપરોકત મસ્જિદો મુસલમાનોની ઝિયારતગાહો હતી. મસ્જિદે કુબાની પણ આ મલઊનોએ કારમી બેઅદબી કરી અને અંતે હુઝૂરના રોઝા મુબારકને "સનમે અકબર" (મહા મૂર્તિ) નામ રાખી પાડી નાખવાનો નાપાક ઈરાદો કરી વહાબીઓની એક જમાઅત આ નાપાક નિય્યતથી ત્યાં ગઈ અને દરવાજો ઉઘાડતાં જ, એક અજગરના ફુંફાડાનો અવાજ સંભળાયો. જેને સાંભળતાં જ બધી જમાઅત બળીને કાળી ધૂળ થઈ ગઈ અને તેમની નાપાક રૂહો જહન્નમમાં પહોંચી ગઈ." આ ઉપરાંત તાઈફ વગેરે અનેક સ્થળોએ જુલ્મો સિતમ થયેલ છે પણ લખાણ ટૂંકાવવા આટલે અટકીએ છીએ.

## ★ વહાબી રાજાના કાળા કરતૂતનું બીજુ પાનુ ★

એ જ શાહ સઊદ ઈ.સ. ૧૯૫૫માં એક ગૈર મુસ્લિમ દેશનો મહેમાન બને છે તો વિવિધ ગૈર શરઈ તથા ઈસ્લામ વિરૂધ્ધના પ્રોગ્રામોમાં હાજરી આપી દોસ્તીનું એલાન કરે છે. અને જ્યારે એ દેશનો વડો સઊદી મહેમાન થાય છે તો તેની ખૂબ જ ઈજ્જત તથા આગતા સ્વાગતા થાય છે, તેને "એશિયાઈ ફરિશ્તા અને રસૂલુસ્સલામ"ના લકબો આપવામાં આવે છે, ખૂબ તોહફાઓની આપલે થાય છે.

વળી આજે તો તમો ખુદ જોઈ જ રહ્યા છો કે સઊદી અરબના તથા અરબ દેશોના શું હાલ છે ?! યમનના મુસલમાનો પર બોમ્બ વર્ષા કરવામાં આવી રહી છે અને ઈઝરાઈલ સાથે દોસ્તી સ્થાપીને ત્યાંના મંત્રીઓ વગેરે સઊદીના મહેમાન બની માન સન્માન પામી રહ્યા છે. તે ઉપરાંત ઠેર ઠેર નાચગાનની, શરાબ પાનની કલબો ગૈરો માટે ખુલી ગઈ છે, ઈસ્લામમાં હરામ એવાં અનેક કામો, સિનેમાઘરો ડાન્સ કલબો ખુલી ગઈ છે, બેપર્દગી આમ થઈ ગઈ છે. કહેવાતા પ્રિન્સ સલમાનના દૌરમાં ગૈર મઝહબની સ્ત્રીઓ ઉઘાડા માથે મદીના શરીફ અને રોઝા મુબારક સુધી પહોંચી રહી છે, બેહયાઈ તથા ઐયાશીનું બજાર ખૂબ ગરમ થઈ રહ્યું છે.

એક તરફ પેલેસ્ટાઈનના ગાઝામાં છ મહીનાથી ઈઝરાઈલનો જુલ્મો સિતમનો કહેર અટકવાનું નામ નથી લેતો. ગાઝામાં લગભગ ચાલીસ હજાર નિર્દોષ લોકો, બાળકો, સ્ત્રીઓ, વૃધ્ધો, યુવાનોનાં ઈઝરાઈલી બોમ્બ વર્ષા તથા રોકેટ મારાથી મૃત્યુ પામ્યાં, મકાનો ખંડેર બની ગયાં, હોસ્પિટલો બર્બાદ થઈ રહી છે, ઘાયલો કણસી રહ્યા છે, લોકો ભૂખે તરસે તડપી રહ્યા છે...પણ જોઈ રહી છે દુનિયા ! અને કહેવાતા મુસ્લિમ દેશો ખાસ કરીને સઊદી અરબ તરફથી કોઈ જ નોંધ જાણે એની લેવામાં નથી આવી રહી, ન કોઈ સહાય ! આમ ગાઝાના મુસલમાનો પર જુલ્મો સિતમ થઈ રહ્યા છે અને સઊદીઓ મોજમજાની જિંદગી જીવી રહ્યા છે અને ગૈરોને ગળે મળી રહ્યા છે ! તેમની મહેમાનગતી કરી રહ્યા છે, ખાણી પીણી અને મનોરંજનના પ્રોગ્રામોમાં મસ્ત થઈ રહ્યા છે ! વિદેશથી બેદીન ડાન્સરો, કલાકારોને બોલાવી દિવસો સુધી નાચગાનના પ્રોગ્રામો થઈ રહ્યા છે. અફસોસ સાથે આશ્ચર્ય થાય છે કે શું આ તે જ હિજાઝ મુક઼દ્દસ, અરબદ્વિપ છે જ્યાં આવાં હરામ કામોની કોઈ કલ્પના પણ કરી શકતુ ન હતું ?!

## ★ અંતમાં વહાબીઓના સમર્થક કહેવાતા મુસલમાનોને સંદેશ ★

સમય સંજોગોને આધિન વધુ ખુલીને લખવું મુશ્કેલ છે, પણ જે કલ્માગો લોકો વહાબીઓને હક઼ પર કહેતા રહી તૌહીદના નામ પર તેમના ગલત અક઼ીદાઓને વળગી રહ્યા છે, તેઓની આંખો હજી નથી ખુલતી ?! કે આ સઊદી ઈસ્લામના રહબર નહીં પણ રહઝન તથા શત્રુઓ છે. શું થઈ રહ્યું છે અરબ દેશોમાં નથી જોઈ રહ્યા ? મારે કહેવાની જરૂર જ નથી, સર્વ કાંઈ તમો જોઈ રહ્યા છો. તો હવે વિચારો કે એ તૌહીદ તેમની ક્યાં ગઈ જેને આધાર બનાવી તમે તેમના સમર્થક બની ગયા છો. કહેવાતા અરબ રાજાઓ, પ્રિન્સો, પ્રિન્સેસો, તેમના અમલદારો ખુલ્લમ ખુલ્લા શિર્ક કરી રહ્યા છે, શિર્કની ઈજાઝત ખુશી ખુશી આપી રહ્યા છે ! ગૈરે ખુદાની ઈબાદતગાહો બની રહી છે ! અને સેંકડો લોકો શિર્કિયા પ્રોગ્રામોમાં હાજરી આપી તેમના જેવા થઈ રહ્યા છે ! વાત વાતમાં મુસલમાનો પર શિર્કના ફત્વા લગાડનારા વહાબીઓ શું કરી રહ્યા છે ?! શું તમારી આંખો નથી ?! તમારાં દિલો એટલાં બધાં મુર્દા થઈ ગયાં કે હજી સઊદી વહાબીને ફોલો કરો છો ? અફસોસ છે તમારા પર ! અલ્લાહ કરીમ આ નજદી વહાબી બેદીન શિર્કિયા કામો કરતા અરબો વગેરેથી આપણને તેની પનાહમાં રાખે. ટૂંકો લેખ છે દિલો દિમાગથી વિસ્તારીને વાંચશો અને કાંઈ ન કરી શકો તો અહલે ઈમાનની હિફાઝતની દુઆઓ કરશો.

## કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

આ સૂરહમાં ૧૬૫ આયતો અને ૧૨૯૩૫ અક્ષરો છે.

وَ لَقَدْ جِئْتُمُوْنَا فُرَادٰى كَمَا خَلَقْنٰكُمْ اَوَّلَ مَرَّةٍ وَّ تَرَكْتُمْ مَّا خَوَّلْنٰكُمْ وَرَآءَ ظُهُوْرِكُمْۚ وَ مَا نَرٰى مَعَكُمْ شُفَعَآءَكُمُ الَّذِیْنَ زَعَمْتُمْ اَنَّهُمْ فِیْكُمْ شُرَكٰٓؤُاؕ لَقَدْ تَّقَطَّعَ بَیْنَكُمْ وَ ضَلَّ عَنْكُمْ مَّا كُنْتُمْ تَزْعُمُوْنَ۠ اِنَّ اللّٰهَ فَالِقُ الْحَبِّ وَ النَّوٰىؕ یُخْرِجُ الْحَیَّ مِنَ الْمَیِّتِ وَ مُخْرِجُ الْمَیِّتِ مِنَ الْحَیِّؕ ذٰلِكُمُ اللّٰهُ فَاَنّٰى تُؤْفَكُوْنَ فَالِقُ الْاِصْبَاحِۚ وَ جَعَلَ الَّیْلَ سَكَنًا وَّ الشَّمْسَ وَ الْقَمَرَ حُسْبَانًاؕ ذٰلِكَ تَقْدِیْرُ الْعَزِیْزِ الْعَلِیْمِ وَ هُوَ الَّذِیْ جَعَلَ لَكُمُ النُّجُوْمَ لِتَهْتَدُوْا بِهَا فِیْ ظُلُمٰتِ الْبَرِّ وَ الْبَحْرِؕ قَدْ فَصَّلْنَا الْاٰیٰتِ لِقَوْمٍ یَّعْلَمُوْنَ وَ هُوَ الَّذِیْۤ اَنْشَاَكُمْ مِّنْ نَّفْسٍ وَّاحِدَةٍ فَمُسْتَقَرٌّ وَّ مُسْتَوْدَعٌؕ قَدْ فَصَّلْنَا الْاٰیٰتِ لِقَوْمٍ یَّفْقَهُوْنَ وَ هُوَ الَّذِیْۤ اَنْزَلَ مِنَ السَّمَآءِ مَآءًۚ فَاَخْرَجْنَا بِهٖ نَبَاتَ كُلِّ شَیْءٍ فَاَخْرَجْنَا مِنْهُ خَضِرًا نُّخْرِجُ مِنْهُ حَبًّا مُّتَرَاكِبًاۚ وَ مِنَ النَّخْلِ مِنْ طَلْعِهَا قِنْوَانٌ دَانِیَةٌ وَّ جَنّٰتٍ مِّنْ اَعْنَابٍ وَّ الزَّیْتُوْنَ وَ الرُّمَّانَ مُشْتَبِهًا وَّ غَیْرَ مُتَشَابِهٍؕ اُنْظُرُوْۤا اِلٰى ثَمَرِهٖۤ اِذَاۤ اَثْمَرَ وَ یَنْعِهٖؕ اِنَّ فِیْ ذٰلِكُمْ لَاٰیٰتٍ لِّقَوْمٍ یُّؤْمِنُوْنَ وَ جَعَلُوْا لِلّٰهِ شُرَكَآءَ الْجِنَّ وَ خَلَقَهُمْ وَ خَرَقُوْا لَهٗ بَنِیْنَ وَ بَنٰتٍۭ بِغَیْرِ عِلْمٍؕ سُبْحٰنَهٗ وَ تَعٰلٰى عَمَّا یَصِفُوْنَ۠

• • •

## સૂરએ અનઆમની તફસીર

*અને બેશક ! તમે અમારી પાસે એકલા આવ્યા, જેવા અમે તમને પ્રથમવાર બનાવ્યા હતા,[૨૮૨] અને પીઠ પાછળ મૂકી આવ્યા જે માલ મતા અમે તમને આપી હતી. અને અમે તમારી સાથે તમારા તે ભલામણ કરનારાઓને નથી દેખતા, જેમની તમે પોતાનામાં ભાગીદારી ઠેરવતા હતા.[૨૮૩] બેશક ! તમારી અંદરો અંદરની દોર કપાઈ ગઈ[૨૮૪] અને તમારાથી (વિખુટા પડી) ગયા જેઓ દાવો કરતા હતા[૨૮૫] (૯૪) બેશક ! અલ્લાહ દાણા અને ગોટલીને ફાડનાર છે.[૨૮૬] જીવંતને મૃતથી કાઢનાર[૨૮૭] અને મૃતને જીવંતથી કાઢનાર[૨૮૮] આ છે અલ્લાહ તમે ક્યાં ઊંધા જાવ છો[૨૮૯] (૯૫) અંધકાર ચીરીને પરોઢ કાઢનાર. અને તેણે રાત્રીને આરામ (માટે) બનાવી[૨૯૦] અને સૂર્ય તેમજ ચંદ્રને હિસાબ[૨૯૧], આ નિયંત્રણ છે જબરદસ્ત જાણકારનું (૯૬) અને તે જ છે જેણે તમારા માટે તારાઓ બનાવ્યા, કે એમનાથી જમીન અને પાણીના અંધારાઓમાં માર્ગ મેળવો. અમે નિશાનીઓ વિગતવાર વર્ણવી દીધી થાનવાળાઓ માટે (૯૭) અને તે જ છે જેણે તમને એક જીવથી પેદા કર્યા[૨૯૨]. પછી ક્યાંક તમને રહેવાનું છે[૨૯૩] અને ક્યાંક અમાનત (તરીકે) રહેવાનું[૨૯૪] બેશક ! અમે આયતો વિગતવાર*

*બયાન કરી દીધી સમજવાળાઓ માટે (૯૮) અને તે જ છે જેણે આકાશમાંથી પાણી ઉતાર્યું, તો અમે તેનાથી દરેક ઉગનાર વસ્તુ કાઢી[૨૯૫] તો અમે તેમાંથી કાઢી લીલોતરી જેમાંથી દાણાઓ કાઢ ીએ છીએ, એકબીજા પર ચઢેલા. અને ખજૂરના ગાભામાંથી પાસે પાસેના લુમખા. અને દ્રાક્ષના બગીચા. અને ઝૈતૂન અને દાડમ. કોઈ વાતમાં મલતાં અને વાતમાં જુદાં. એનું ફળ ફળે ત્યારે અને એનું પાકવું જુઓ. બેશક ! આમાં નિશાનીઓ છે ઈમાનવાળાઓ માટે (૯૯) અને[૨૯૬] અલ્લાહના ભાગીદાર ઠેરવ્યા જિન્નાતને,[૨૯૭] અને તેણે જ એમને બનાવ્યા. અને તેના માટે પુત્રો અને પુત્રીઓ ઠોકી બેસાડી, જહાલતના કારણે. પવિત્રતા અને ઉચ્ચતા છે તેને એમને વાતોથી (૧૦૦)*

## :: સમજૂતી ::

**૨૮૨** : ન તમારી સાથે દોલત છે ન મરતબો, ન તો ઔલાદ, જેથી મોહબ્બતમાં તમે આખુ જીવન સપડાએલા રહ્યા, અને ન તે મૂર્તિઓ જેમને પૂજતા રહ્યા, આજે એમનાથી કોઈ તમારા કામ ન લાગ્યું. આવું કયામતના દિવસે કાફિરોને કહેવાશે.

**૨૮૩** : કે તેઓ ઈબાદતના હકદાર હોવામાં અલ્લાહના ભાગીદાર છે. (મુઆઝલ્લાહ)

**૨૮૪** : અને સંબંધો તૂટી ગયા, જૂથ વિખરાઈ ગયું.

**૨૮૫** : તમારા તમામ જૂઠા દાવા જે તમે દુનિયામાં કર્યા કરતા હતા તે જૂઠા પૂરવાર થયા.

**૨૮૬** : તવહીદ અને નબુવ્વતના બયાન પછી અલ્લાહ તઆલાએ પોતાની કમાલની કુદરત અને ઈલ્મ તથા હિકમતની દલીલો બયાન કરી. કારણ કે મુખ્ય હેતુ અલ્લાહ અને તેના બધા ગુણો અને કાર્યોની ઓળખ છે, અને એ જાણવું કે તે જ તમામ વસ્તુનો સર્જનહાર છે, અને જે એવો હોય તે જ ઈબાદત લાયક હોય શકે છે, નહીં કે તે મૂર્તિઓ જેમને મુશ્રિકો પૂજે છે. સૂકા દાણા અને ગોટલીને ફાડીને તેમાંથી છોડ અને ઝાડ જન્માવવું, અને એવી પથ્થરયાળ ધરતીમાં તેમના નરમ રેષાઓને ચલાવવા કે જ્યાં લોખંડનો ખીલો પણ કામ ન કરી શકે, એ તેની કુદરતની કેવી અજબ નિશાનીઓ છે. **૨૮૭** : જીવંત લીલોતરીને નિર્જીવ ગોટલીમાંથી, અને મનુષ્ય તેમજ જાનવરને વિર્યમાંથી, અને પક્ષીને ઈંડામાંથી.

**૨૮૮** : જીવંત ઝાડોમાંથી નિર્જીવ ગોટલી અને દાણાને, અને ઈન્સાન તથા જાનવરમાંથી વિર્યને, અને પક્ષીમાંથી ઈંડાને, આ તેની અજાયબીઓ, કુદરત અને રહસ્યો છે. **૨૮૯** : અને આવી દલીલો સ્થાપિત થયા પછી પણ, કેમ ઈમાન લાવતા નથી, અને મૃત્યુ પછી જીવંત થવાનું કેમ માનતા નથી. જે નિર્જીવ વિર્યમાંથી પ્રાણી પેદા કરી શકે છે તેની કુદરતથી મરેલાને જીવંત કરવું શું અઘરુ છે. **૨૯૦** : કે મખ્લૂક એમાં આરામ મેળવે છે. અને દિવસના થાક સુસ્તીને આરામ કરી ખંખેરી નાખે છે. અને રાત્રે જાગનાર આબિદ ઝાહિદ લોકો પોતાના પરવરદિગારની ઈબાદતથી આરામ મેળવે છે. **૨૯૧** : કે એમના ભ્રમણ અને ચાલ પરથી ઈબાદત અને પારસ્પરિક લેણદેણના સમયો નક્કી થાય.

**૨૯૨** : અર્થાત હઝરત આદમ علیہ السلامથી. **૨૯૩** : માતાના ઉદરમાં અથવા ધરતીની છાતી પર. **૨૯૪** : પિતાની પીઠમાં અથવા કબરમાં. **૨૯૫** : પાણી એક જ, પણ એનાથી જે વસ્તુઓ ઉગાડી તે જાતજાતની અને રંગબેરંગી. **૨૯૬** : આવી આવી કુદરતની દલોલો, અને અજબ ગજબનાં રહસ્યો, અને આવા આવા ઈનામો હોવાં છતાં, જોઈતું તો એ હતું કે આવી હિકમતો અને ઈનામો સર્જનહાર અને કાર્યો બનાવનાર પર ઈમાન લાવત પણ એના બદલે મૂર્તિપૂજકોએ જુલ્મ એ કર્યો જે આયતમાં આગળ બતાવ્યો છે. **૨૯૭** : અને તેમના આજ્ઞાંકિત બનીને મૂર્તિપૂજકો બની ગયા.

# દર્સે હદીષે પાક એટલે

## મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-૨)

**અઝ :** હકીમુલ ઉમ્મત હઝરત મુફતી **અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની** رحمۃ اللہ علیہ

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક)*

### باب الصلوة علی النبی صلی اللہ علیہ وسلم وفضلھا

### બાબુસ્સલાતિ અલન્નબી (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) વ ફઝ્લિહા

### (નબી ﷺ પર દુરૂદ મોકલવું અને તેની ફઝીલત વિશે બયાન)

**૧.** صلوٰۃનો અર્થ છે રહમત અથવા રહમતની તલબ. જ્યારે એનો ફાઈલ (કર્તા) રબ હોય તો રહમતના અર્થમાં થાય છે, અને ફાઈલ જ્યારે બંદા હોય તો રહમતની તલબ થાય છે. દુરૂદ શરીફના ફઝાઈલ આપણી ગણત્રીથી બહાર છે. હક્ક એ છે કે **દરેક મુસલમાન પર જીવનમાં એકવાર દુરૂદ શરીફ પઢવું ફર્ઝ છે. અને દરેક મજલિસમાં જ્યાં વારંવાર હુઝૂર ﷺનું નામ શરીફ લેવામાં આવે ત્યાં એકવાર વાજિબ છે અને દરેકવાર પઢવું મુસ્તહબ છે.** નમાઝના કાઈદામાં દુરૂદ શરીફ ઈમામ શાફઈને ત્યાં ફર્ઝ છે, હનફીઓ તથા અન્ય ઈમામોને ત્યાં સુન્નતે મોઅક્કદા અથવા વાજિબ છે. દુરૂદ શરીફ કેવળ નબી કે ફરિશ્તાઓ પર થઈ શકે છે, ગૈર નબી પર નબીના તાબેઅ થઈને દુરૂદ જાઈઝ, બિલ્ઈસ્તિકલાલ મકરૂહ છે.

*"હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને અબી લયલા رضی اللہ عنہ થી[૧] રિવાયત છે. ફર્માવે છે કે મને હઝરત કઅબ ઈબ્ને ઉજરા મળ્યા.[૨] તો બોલ્યા કે શું હું તમને એ હદિયો ન આપુ જે મેં નબી ﷺથી સાંભળ્યો છે ? મેં કહ્યું, હા ! એ હદિયો મને જરૂર આપો.[૩] તો ફર્માવ્યું કે અમે રસૂલુલ્લાહ ﷺને પૂછ્યું, અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આપના અહલે બયત પર દુરૂદ શું છે ? અલ્લાહે એ તો અમને શીખવી દીધું કે આપના પર સલામ કેવી રીતે અર્ઝ કરીએ.[૪] ફર્માવ્યું, આ પ્રમાણે કહો, હે અલ્લાહ ! મુહમ્મદ તથા આલે મુહમ્મદ પર રહમતો મોકલ.[૫] જેવી રીતે હઝરત ઈબ્રાહીમ તથા આલે ઈબ્રાહીમ પર રહમતો કરી. બેશક ! તું હમ્દ તથા બુઝુર્ગીવાળો છે.[૬] હે અલ્લાહ ! હુઝૂર મુહમ્મદ તથા આલે મુહમ્મદ પર એવી જ બરકતો મોકલ જેવી બરકતો હઝરત ઈબ્રાહીમ તથા આલે ઈબ્રાહીમ પર ઉતારી.[૭] બેશક ! તું હમ્દ તથા બુઝુર્ગીવાળો છે.[૮] (મુસ્લિમ તથા બુખારી) પણ મુસ્લિમે બંને જગાએ આલે ઈબ્રાહીમનો ઉલ્લેખ નથી કર્યો."*

**૧.** આ અન્સારી છે. તાબઈ છે. મદની છે. ૧૨૦ સહાબીઓથી મુલાકાત કરી. ફારૂકી ખિલાફતમાં ઉમર ફારૂકની શહાદતથી છ વરસ પહેલાં પેદા થયા. આપના વાલિદ સહાબી છે. ગઝવએ ઓહદમાં હુઝૂર ﷺની સાથે હતા.

**૨.** આપ સહાબી છે. બયઅતે રિદ્વાનમાં મૌજૂદ હતા. કૂફામાં વસવાટ રહ્યો. ૭૫ વરસની ઉમર પામ્યા. હિ.સ. ૫૧માં મદીના મુનવ્વરામાં ઈન્તેકાલ થયો.

**૩.** જાણવા મળ્યું કે સહાબાએ કિરામ હુઝૂરને હદીષો અણમોલ હદિયો અનો મોઘરો ઈસ્લામી તોહફો સમજતા હતા અને લાઝવાલ નેઅમત સમજીને એને સાંભળતા સંભળાવતા હતા.

**૪.** એટલે કે જ્યારે આયતે કરીમા يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا صَلُّوْا عَلَيْهِ وَ سَلِّمُوْا تَسْلِيْمًا "હે ઈમાનવાળાઓ ! તેમના પર દુરૂદ અને ખૂબ સલામ મોકલો." (૩૩/૫૬) ઉતરી તો અમે હુઝૂરને પૂછયું કે રબે અમને સલાતો સલામનો હુકમ આપ્યો. અમને અત્તહિય્યાતમાં આપને સલામ કરવું તો આવડી ગયું પણ સલાત કેવી રીતે અર્ઝ કરીએ ? યાદ રાખશો કે અહીં સલામથી મુરાદ અત્તહિય્યાતની સલામ છે. અને એટલા માટે મુસ્લિમ શરીફે આ હદીષના માટે આ પ્રકરણ નિશ્ચિત કર્યુ : بَابُ كَيْفِ الصَّلٰوةِ عَلَى النَّبِيِّ صَلَّى اللّٰهُ تعالٰى عَلَيْهِ وَسَلَّمَ فِي الصَّلٰوةِ જાણવા મળ્યું કે હુઝૂરે ઈર્શાદ ફર્માવ્યો હતો કે અમારા પર અને અમારા અહલે બયત પર દુરૂદ મોકલો, ત્યારે સહાબાએ આ સવાલ કર્યો.

**૫.** આલ, અહલથી બન્યો "વાળા"ના અર્થમાં. જેમ કે وَاِذْ نَجَّيْنٰكُمْ مِّنْ اٰلِ فِرْعَوْنَ "અને યાદ કરો ! જ્યારે અમે તમને ફિરઔનવાળાઓથી નજાત બખ્શી." (૨/૪૯, કન્ઝુલ ઈમાન) ક્યાં તો હુઝૂરની બીવીઓ છે. કુર્આને કરીમે બીવીઓને અહલે બયત ફર્માવેલ છે : فَقَالَ لِاَهْلِهِ امْكُثُوْٓا અથવા હુઝૂરની સઘળી ઔલાદ છે. એટલે કે આપના ચારેવ પુત્રો તથા ચારેવ પુત્રીઓ અને કયામત સુધી ફાતિમા ઝહ્‌રાની નસલ. અથવા સર્વ બની હાશિમ જેમના પર ઝકાત લેવી હરામ છે. સહીહ એ છે કે હુઝૂર ﷺની સર્વ પત્નીઓ તથા ઔલાદ આપની આલ છે. એની તેહકીક અમારી કિતાબ શાને હબીબુર્રહમાન ﷺ તથા ફેહરિશ્તે કુર્આનમાં જુઓ.

**૬.** અહીં સરખામણી ખ્યાતિના કારણે છે, નહીં તો હુઝૂર ﷺ તથા હુઝૂરની સલાત, ઈબ્રાહીમ علیہ السلام તથા તેમની સલાતથી અફઝલ છે. કેમ કે ઈબ્રાહીમ علیہ السلامએ આપણા હુઝૂરના માટે દુઆઓ માગી : رَبَّنَا وَابْعَثْ فِيْهِمْ رَسُوْلًا એના શુક્રિયામાં અમે લોકો દર નમાઝે ઈબ્રાહીમ علیہ السلامને દુઆઓ આપીએ છીએ.

**૭.** એટલે કે જેવી ઈજ્જત તથા બુઝુર્ગી ઈબ્રાહીમ علیہ السلامને આપી એવી અમારા હુઝૂરને પણ આપ, કે હઝરત ઈબ્રાહીમ علیہ السلامની ઔલાદમાં હજારો નબીઓ થયા, તો હુઝૂરની ઔલાદમાં લાખો અવલિયા થાય.

**૮.** યાદ રાખશો કે આ દુરૂદે ઈબ્રાહીમ છે. નમાઝમાં કેવળ એ જ પઢવામાં આવશે, અન્ય દુરૂદ નહીં. પણ નમાઝના સિવાય આ દુરૂદ ગૈર મુકમ્મલ થશે. કેમ કે એમાં સલામ નથી. અને કુર્આને કરીમે સલાતો સલામ બંનેવનો હુકમ આપ્યો, જેથી નમાઝ બહાર એ દુરૂદ પઢો જેમાં સલાત તથા સલામ બંનેવ હોય. નમાઝમાં કેમ કે અત્તહિય્યાતમાં સલામ આવી ચૂકી છે એટલા માટે અહીં સલામ ન આવવું નુકસાનકર્તા નથી. અમુક લોકો આ હદીષની બિના પર કહે છે કે દુરૂદે ઈબ્રાહીમીના સિવાય અન્ય કોઈ દુરૂદ જાઈઝ નથી, પણ એ ગલત છે, કેમ કે સર્વ સહાબીઓ, મુહદ્દિષો, ફકીહો આ પ્રમાણે કહે છે : قَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ એ દુરૂદે ઈબ્રાહીમ સિવાયનું છે !

*"હઝરત અબૂ હુમૈદ સાઅદી رضی اللہ عنہ થી રિવાયત છે, ફર્માવે છે કે લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અમે આપના પર દુરૂદ કેવી રીતે મોકલીએ ? તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, આ પ્રમાણે કહો, હે અલ્લાહ ! હુઝૂર મુહમ્મદ તથા તેમની બીવીઓ અને તેમની ઔલાદ પર, એવી જ રહમતો નાઝિલ કર જેમ કે આલે ઈબ્રાહીમ પર ઉતારી. તું હમ્દ તથા બુઝુર્ગીવાળો છે.[૨]" (મુસ્લિમ)*

**૧.** અહીં પણ સવાલ નમાઝના બારામાં છે, જેવું કે જવાબથી જાહેર છે. દુરૂદે ઈબ્રાહીમી કેવળ નમાઝના માટે છે. **૨.** આ હદીષ પાછલી હદીષની જાણે કે તફસીર છે. એ બતાવ્યું કે આલે મુહમ્મદમાં હુઝૂરની બીવીઓ, અવલાદ સૌ દાખલ છે. બીવીઓ અહલે બયતે સુકૂનત છે અને ઔલાદ અહલે બયતે વિલાદત છે. કુર્આને કરીમે ઈમરાનની પત્ની હન્ના અને તેમની પુત્રી હઝરત મરયમને આલે ઈમરાન ફર્માવ્યાં. યાદ રાખશો અવલાદ પૂરી નસલ કહેવાય છે, હુઝૂર ﷺ સિવાય, કે આપની પુત્રીની અવલાદ આપની ઝુર્રિયત (અવલાદ) છે.

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જેણે મારા પર એકવાર દુરૂદ શરીફ પઢયું તેના પર અલ્લાહ દસ રહમતો કરશે.[૧]"(મુસ્લિમ)*

**૧.** આ હદીષનું સમર્થન કુર્આને કરીમની આ આયતથી થાય છે : مَنۡ جَآءَ بِالۡحَسَنَةِ فَلَهٗ عَشۡرُ اَمۡثَالِهَا ઈસ્લામમાં **એક નેકીનો બદલો કમસે કમ દસ ગણો** છે. યાદ રાખશો કે બંદો પોતાની હેસિયતના મુજબ દુરૂદ શરીફ પઢે છે, પણ રબ તઆલા પોતાની શાનના પ્રમાણે તેના પર રહમતો ઉતારે છે, જે બંદાના ખયાલ તથા ગુમાનથી પર છે.

## (વિભાગ : 3) الفصل الثالث

*"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે **જે મારા પર એકવાર દુરૂદ પઢશે અલ્લાહ તેના પર દસ રહમતો કરશે અને તેના દસ ગુનાહ માફ કરવામાં આવશે અને અને તેના દસ દરજા બુલંદ કરવામાં આવશે.**[૧]" (નિસાઈ)*

**૧.** એટલે કે એક દુરૂદમાં ત્રણ ફાયદા છે : દસ રહમતો, દસ ગુનાહોની માફી અને દસ દરજાઓની બુલંદી. મુબારક છે તે લોકો જેમની જીભ દર વખતે દુરૂદ શરીફથી હલતી રહે છે. દુરૂદ શરીફ દરેક દુઆની કૂબૂલિયતની શર્ત છે.

*"હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે કયામતમાં મારાથી અધિક નજીક તે હશે જે મારા અધિક દુરૂદ પઢશે.[૧]" (તિર્મિઝી)*

**૧.** કયામતમાં સૌથી આરામમાં તે હશે જે હુઝૂર ﷺ ની સાથે રહે અને હુઝૂરની હમરાહી નસીબ થવાનો ઝરીયો દુરૂદ શરીફની અધિકતા છે. એનાથી જાણવા મળ્યું કે દુરૂદ શરીફ બેહતરીન નેકી છે કે તમામ નેકીઓથી જન્નત મળે છે અને એનાથી બઝ્મે જન્નતના દુલ્હા મળે છે. صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

*'તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે અલ્લાહના કેટલાક ફરિશ્તા જમીનમાં સૈરો સિયાહત (સફર કરતા રહે છે) કરે છે, જેઓ મારી ઉમ્મતના સલામ મારા સુધી પહોંચાડે છે.[૧]" (નિસાઈ, દારમી)*

**૧.** એટલે કે એ ફરિશ્તાઓની એ જ ડયૂટી છે કે તેઓ આસ્તાના આલિયા સુધી ઉમ્મતના સલામ પહોંચાડયા કરે. અહીં કેટલીક વાતો વિચારવા જેવી છે : એક એ કે ફરિશ્તાના દુરૂદ પહોંચાડવાથી એ લાઝિમ થાય છે કે હુઝૂર જાતે પોતે દરેકનું દુરૂદ ન સાંભળતા હોય. હક્ક એ છે કે સરકાર ﷺ દરેક દૂર તથા નજીકના દુરૂદ પઢનારાઓનાં દુરૂદ સાંભળે પણ છે અને દુરૂદ પઢનારાઓના સન્માનને ખાતર ફરિશ્તાઓ પણ બારગાહે આલીમાં દુરૂદ પહોંચાડે છે, જેથી દુરૂદની બરકતથી આપણે ગુનેહગારોનું નામ આસ્તાનાએ આલિયામાં ફરિશ્તાની ઝબાનથી અદા થાય. **સુલેમાન** علیہ السلام **એ ત્રણ માઈલથી કીડીનો અવાજ સાંભળ્યો, તો હુઝૂર ﷺ આપણા ગુનેહગારોની ફરિયાદ કેમ ન સાંભળે ?!** જુઓ રબ તઆલા આપણા અમલો જુએ છે તેમ છતાં પણ તેની બારગાહમાં ફરિશ્તા અમલો પેશ કરે છે. બીજુ એ કે આ ફરિશ્તા એવા તેજ ગતિવાળા છે કે આ બાજુ ઉમ્મતીના મોઢેથી દુરૂદ નીકળ્યું પેલી બાજુ તેમણે લીલા ગુંબદમાં પેશ કર્યું. જો કોઈ એક મજલિસમાં હજારવાર દુરૂદ શરીફ પઢે. તો એ ફરિશ્તો તેના તથા મદીના તયબહ વચ્ચે હજારો ચક્કર લગાડશે. એવું ન થશે કે દિવસભરનાં દુરૂદ થેલામાં એકત્ર કરીને ટપાલની જેમ સાંજે ત્યાં પહોંચાડે, જેમ કે આજના જમાનાના અમુક જાહિલો સમજે છે. ત્રીજુ એ કે અલ્લાહ તઆલાએ ફરિશ્તાઓને હુઝૂરે અન્વર ﷺ ના આસ્તાનાના ખાદિમ બનાવ્યા છે. હુઝૂરે અન્વર ﷺ ના ખિદમતગાર એ ફરિશ્તાઓ જેવો મર્તબો ધરાવે છે.

## શરહે હ઼દાઈક઼ે બખ઼્શિશ
ભાગ-૨

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**અય 'રઝા' યહ અહમદ નૂરી કા ફયઝે નૂર હૈ**
**હો ગઈ મેરી ગઝલ બઢકર ક઼સીદા નૂર કા**

**અર્થાત :** આ ક઼સીદાએ નૂરમાં તમોએ આ'લા હઝરત رحمۃ اللہ علیہની ઈલ્મી સમૃધ્ધતાને તમે અનુભવી, હવે આ અંતિમ શેઅર (મક઼તઅ)માં આપની આજીજી પણ જોઈ લો અને પછી ફેંસલો કરી લો કે તકબ્બુરવાળો ઈલ્મ આલિમને શૈતાન બનાવી દે છે અને જે ઈલ્મની સાથે આજીજી હોય એવો ઈલ્મ આલિમને આ'લા હઝરત, ઈમામે અહલે સુન્નત તથા મુજદ્દિદે દીનો મિલ્લત બનાવી દે છે કે ક઼સીદો ખુદ લખ્યો છે અને નિસ્બત પોતાના પીરઝાદાની તરફ કરી આપી છે કે એમાં મારો કોઈ ક઼માલ નથી, બલ્કે આ પૂરે પૂરો તેમનો જ ફયઝ છે. જેમ કે ફર્માવ્યું, હે અહમદ રઝા ! આ સઘળો ફયઝ તો હઝરત ક઼િબ્લા નૂરી મિયાંનો છે કે મારી ગઝલ અઝમત તથા શાનની મંઝિલો પાર કરતી કરતી નૂરવાળા આક઼ાનો નૂરવાળો ક઼સીદો બની ગઈ છે.

### (નઅત શરીફ : ૭૫)

**સર સૂએ રોઝા ઝુકા ફિર તુઝકો ક્યા**
**દિલ થા સાજિદ નજ્દિયા ફિર તુઝકો ક્યા**
*(સૂએ = તરફ. સાજિદ = સજદો કરનાર)*

**અર્થાત :** હે નજદી ગુસ્તાખ ! જો અમારુ માથુ રોઝએ અન્વરની પાસે જઈને અદબના લેહાઝથી ઝુકી જ ગયું છે તો તું શા માટે દંડો લઈને અમારી પાછળ પડી ગયો છે ?! અમે ઈરાદાપૂર્વક તો નથી ઝુકાવ્યું ! આપોઆપ જ અનાયાસે ઝુકી ગયું છે. જ્યારે ઈરાદાપૂર્વક પણ કેવળ માથુ ઝુકાવવું કોઈ ગુનાહની વાત નથી, શિર્ક તો સજદો કરવું છે, અને તે પણ ઈબાદતનો સિજદો શિર્ક છે, તાઝીમી સિજદો તો કેવળ હરામ તથા ગુનોહ છે, ન કે શિર્ક. પણ તને તો દરેક વાતમાં શિર્ક જ શિર્ક નજર આવે છે. જ્યારે કે દિલનો સજદો ન ગુનોહ છે ન શિર્ક, જેને અમે કરી રહ્યા છીએ અને કરતા રહીશું, તું શા માટે શોર મચાવે છે ?! એ જ મતલબ છે આ'લા હઝરત رحمۃ اللہ علیہના આ શેઅરની આ કડીનો કે : *અલ્લાહ હી જાનતા હૈ કે નિયત કિધરકી હૈ.*

**બૈઠે ઉઠતે મદદ કે વાસ્તે**
**યા રસૂલલ્લાહ ! કહા, ફિર તુઝકો ક્યા ?!**

**અર્થાત :** હે ગુસ્તાખ નજદી ! તું અમેરિકા તથા બ્રિટનથી મદદ માગે છે અને તેઓ તારી મદદ કરી રહ્યા

છે, તો તને એમાં શિર્ક નથી દેખાતુ ! અને જો અમે મહબૂબે ખુદા ﷺને મદદ માટે પોકારીએ તો તારુ શિર્કનું મશીન ગતિમાં આવી જાય છે ? અમે અમારા આક઼ાને દરેક વખતે યા રસૂલલ્લાહ ! કહીને પોકારતા રહેવાનું છે, તને મૌત આવે કે સાપ સુંઘી જાય, તું શા માટે દરમિયાનમાં આવે છે ?! આ એક ઉમ્મતી તથા તેના નબીનો મામલો છે, તું પાછળ હઠ ! યા રસૂલલ્લાહ ! કહેવું તારી કિસ્મતમાં ક્યાંથી ?! તું યા અમેરિકા ! કહે અથવા યા બ્રિટન ! કહે .... તને એ મુબારક, અને અમને યા રસૂલલ્લાહ ! કહેવું મુબારક.

*તુમ જફ઼ા કરતે રહો હમ વફ઼ા કરતે રહેં—અપના અપના ફ઼ર્ઝ હૈ દોનોં અદા કરતે રહેં*

**યા ગર્ઝસે છટકે મહઝ ઝિક્રકો**
**નામે પાક ઉનકા જપા ફિર તુઝકો ક્યા**

**અર્થાત** : અથવા જો અમે મદદના માટે અમારા આક઼ા ﷺને ન પણ પોકારીએ અને કેવળ બરકતના માટે આપ ﷺના નામનો વઝીફો પઢતા રહીએ છતાં તને અકળામણ થાય છે અને તું એને પણ શિર્ક કહે છે, જ્યારે કે તમારી નજીક તો કેવળ મદદના માટે પોકારવું શિર્ક છે. એનો મતલબ છે કે તમને હુઝૂર ﷺનાથી જ ચીડ છે, તો પછી લગાડો અલ્લાહ પર પણ ફત્વો જે ક્યારેક "યા અય્યુહલ મુઝ્ઝમ્મિલ !" ફર્માવે છે તો ક્યારેક "યા અય્યુહલ મુદ્દસ્સિર !" કહે છે. ક્યાંક "યા અય્યુહર્રસૂલ !" તો ક્યાંક "યા અય્યુહન્નબી !" કહે છે. તને અંદાઝો જ નથી કે મારા આક઼ા ﷺના નામે પાકમાં શું બરકતો રાખવામાં આવી છે.

*ઈસ્મે અહમદકી તાઝીમ કે મુન્કિરો !—ઉનકી અઝમતકો કુર્આનમેં દેખ લો*

**બેખુદીમેં સજદએ દર યા તવાફ**
**જો કિયા અચ્છા કિયા ફિર તુઝકો ક્યા**

**અર્થાત** : કોઈ દીવાનો જો મસ્ત તથા બેખુદ થઈને આપ ﷺની ચોખટ પર સજદો કરી લે છે અથવા રોઝએ અક઼્દસનો તવાફ કરી લે છે તો મરફૂઉલ ક઼લમ (જે હોશમાં ન હોય દીવાનો હોય તેના પર હુકમ લાગશે નહીં) છે, જેને અલ્લાહ તઆલાની તરફથી માફી છે, તો તને કેમ આગ લાગી જાય છે ?! અને તારા દિલમાં શાથી દર્દ ઉઠે છે ? જે કરી રહ્યો છે પોતાના પ્રમાણે તો સારુ જ તો કરી રહ્યો છે તો તું શા માટે બળાપો કરે છે.

*ઔજપે ફિર હી મુક઼દ્દરકા સિતારા હોગા—અર્ઝે તયબહમેં ઠિકાના જો હમારા હોગા*
*નામ લેવા હો તેરા ઔર જહન્નમમેં જલે—તેરી રહમતકો ભલા કૈસે ગવારા હોગા*

**ઉન્કો તમ્લીકસે મલીકુલ મુલ્કસે**
**માલિકે આલમ કહા ફિર તુઝકો ક્યા**

**અર્થાત** : હે નજદીઓ ! શું તમે ખુદાને પોતાના જેવો સમજી રાખ્યો છે કે તે કોઈને કાંઈ ન આપતો હશે ?! અને ખાસ કરીને તમારો એ ગંદો અક઼ીદો કે, "જેનું નામ મુહમ્મદ તથા અલી છે તે કોઈ ચીજના માલિક તથા મુખ્તાર નથી." એ રસૂલ દુશ્મની નથી તો શું છે ?!) અલ્લાહ જે માલિકુલ મુલ્ક છે, તેણે ખુદ પોતાના મહબૂબ ﷺને સર્વ જહાનોનો માલિક તથા મુખ્તાર બનાવ્યો છે (تؤتی الملك من تشاء) એટલા માટે જો અમે અમારા આક઼ા ﷺને 'માલિકે હર દોસરા" કહી દીધો તો તારા પર શાથી ક઼યામત તૂટી પડે છે ?!

*ખાલિકે કુલને આપકો માલિકે કુલ બના દિયા—દોનોં જહાં હૈં આપ કે ક઼બ્ઝા વ ઈખ્તિયારમેં*

**અર્થાત :** આપ ﷺએ ફર્માવ્યું, اعطیت مفاتیح خزائن الارض "મને જમીનના સર્વ ખઝાનાઓની ચાવીઓ આપી દેવામાં આવી છે."

આપ ﷺએ ફર્માવ્યું, "મારા બે વઝીર આસ્માનો પર છે અને બે વઝીર જમીન પર છે." તો બતાવો ભલા વઝીર કોના હોય છે અને ક્યાં હોય છે ?

**ઉનકે નામે પાક પર દિલ, જાન માલ**
**નજ્દિયા સબ તજ દિયા ફિર તુઝકો ક્યા**

**અર્થાત :** અમે આક઼ા ﷺના નામ પર પોતાનું દિલ, પોતાની જાન અને પોતાનો માલ અને સર્વ કાંઈ નિછાવર કરી આપ્યું. અમારું જ સર્વ કાંઈ નિછાવર કર્યું છે અને અમારા જ આક઼ાના નામ પર કર્યું છે પછી તારા પેટમાં શા માટે વમળો વળે છે ! કેમ દુઃખાવો ઉભરે છે ?!

**ફઝાઈલે નામે મુહમ્મદ ﷺ :** ફઝાઈલે ઈસ્મે મુહમ્મદ (ﷺ) અમારી કિતાબ "શાને મુસ્તફા બર ઝબાને મુસ્તફા"માં શબ્દ "અના"માં હદીષ "અના મુહમ્મદ વ અના અહમદ" (પેજ–૧૫૪ થી ૧૬૯ના હેઠળ)માં વિગતવાર જોઈ શકાય છે.

અહીં એટલુ યાદ રાખશો કે અલ્લાહ તઆલાએ પોતાના મહબૂબ ﷺને બંનેવ ઝાતી નામ (આસ્માનો પર અહમદ અને જમીન પર મુહમ્મદ) એવા અર્થ સભર તથા બાબરકત બનાવ્યાં છે કે કોઈ આપની તારીફ કરે કે ન કરે પણ મુહમ્મદ કે અહમદ બોલશે તો આપોઆપ જ તારીફ થઈ જશે. કેમ કે અહમદનો અર્થ સૌથી અધિક પ્રશંસા કરનાર, અને મુહમ્મદનો અર્થ જેની સૌથી અધિક પ્રશંસા કરવામાં આવી હોય. મતલબ થયો કે આપ ﷺ મખ્લૂક઼માં સૌથી વિશેષ અલ્લાહની તારીફ કરનારા છો અને આપ ﷺ તે છે કે અલ્લાહ તઆલા આપ ﷺની સૌથી વિશેષ તારીફ કરનાર છે. જાણે અલ્લાહ તઆલાએ આપના નામ મુબારકને કોઈની પ્રશંસાના મોહતાજ રાખ્યા જ નથી. જ્યારે કે અન્ય અંબિયાએ કિરામના નામોમાં (من حیث الاسماء) આ વાત નથી. દા.ત. આદમનો અર્થ ઘઉં વર્ણવાળા, ઈસાનો અર્થ શરબતી રંગવાળા, મૂસાનો અર્થ પાણીથી કાઢવામાં આવેલ (અરબીમાં અસ્તરાને પણ મૂસા કહે છે), યાકૂબનો અર્થ બાદમાં આવનાર (અક઼બથી છે, એડીને કહે છે. ومن وراء اسحٰق یعقوب) જ્યારે કે મુહમ્મદ અર્થ આપ વાંચી જ ચૂક્યા છો. الذی یحمد حمدا بعد حمد کرة بعد کرة ومرة بعد مرة بلا فصل وبلا انفصال વિના કોઈ આંતરે જેની દરેક વખતે તારીફ કરવામાં આવે.

*હવાદિષ મુંહ છુપાતે હૈં મસાઈલ રુખ બદલતે હૈં–નબીકા નામ જબ લેતા હૂં મૈં તુફ઼ાન ટલતે હૈં*

અન્ય તો અન્ય બલ્કે મોટા મોટા બેઅદબ પ્રકારના લોકો જેઓ હુઝૂર ﷺના સાચા ગુલામો ઉલમાએ એહલે સુન્નતની ઈજ્જત તથા અઝમતની ચાદરને આખુ જીવન તાર તાર કરવાની કોશિશ કરતા રહ્યા તેમના સરદારો પણ કહી ગયા કે :

*મુસલમાં લાખ બુરે હોં મગર નામે મુહમ્મદ ﷺ પર–વો તૈયાર હૈ હર વક઼્ત અપના સર કાટને કો*

અને હુઝૂર ﷺ બંદાઓને ખુદાથી મિલાવવા માટે આવ્યા છે જેથી અલ્લહે આપનું નામ પણ એવું બનાવી આપ્યું કે એકવાર મુહમ્મદ કહો તો બે વાર હોઠો આપસમાં મળી જાય છે. *(ક્રમશઃ)*

# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે સુલ્તાનુલ મશાઈખ હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ

## ફવાઈદુલ ફવાદ

દિલોના ફાયદા

ભાગ-૧ (૩૪ મજલિસો)

સંપાદક : હઝરત ખ્વાજા અમીર હસન અલા સંજરી દહેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

### ★ પંદરમી મજલિસ ★

એ જ વરસે માહે જમાદિયુલ ઉલાની છટ્ઠી તારીખે બુધવારે ખિઝરાબાદ છાવણીથી હાજર થયો. કદમબોસીની દોલત હાંસલ થઈ. મર્દાને ગૈબની ચર્ચા ચાલી કે તેઓ જ્યારે કોઈને કાબેલ જુએ છે અને તાઅત (ફર્માંબરદારી) તથા મુજાહિદામાં આલી કિંમત પામે છે તો ઉડાવીને લઈ જાય છે. એ અરસામાં ફર્માવ્યું કે નસીર લકૂબવાળા એક યુવાન બદાયૂંમાં હતા. તેમનાથી મેં સાભળ્યું કે તે કહેતા હતા કે મારા પિતા પહોંચેલા દુરવેશોમાંથી હતા. એવું થયું કે એક રાતે તેમને દરવાજાની સામે અવાજ આપવામાં આવ્યો. તે બહાર આવ્યા. અમે બસ અંદરથી સલામ અને અલૈક સલૈક સાંભળી અને એટલુ અધિક સાંભળ્યું કે અમારા પિતા કહે છે કે ફરઝંદો અને ઘરવાળાઓથી વિદાય લઈ લઉં. બોલ્યા, એટલી મોહલત નથી. ત્યાર બાદ કાંઈ ખબર ન પડી કે મારા પિતા અને તે લોકોનું શું થયું.

### ★ મર્દાને ગયબ વિશે હિકાયત ★

એ જ પ્રકરણમાં શયખ શહાબુદ્દીન સુહરવર્દી رحمۃ اللہ علیہનો કિસ્સો સંભળાવ્યો કે તેમણે એક કિતાબ લખી છે અને એમાં વર્ણવ્યું છે કે અમારા જમાનામાં એક યુવાન હતા જેમને કઝવીની عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ કહેતા હતા. તેમના ઘરમાં મર્દાને ગયબ જમા થયા. અને નમાઝના સમયે લોકો સફબંધી ઉભા થયા. મર્દાને ગયબમાંથી એક (શખ્સ)એ ઈમામત કરી. જમાઅતે બુલંદ કિરાઅત સાંભળી અને તસ્બીહો અને જે કાંઈ નમાઝમાં હોય છે સાંભળ્યું, અલ્બત્ત તે ઈમામને ન જોયા હતા. શયખ શહાબુદ્દીન رحمۃ اللہ علیہ ફર્માવે છે કે એ જ મર્દાને ગયબમાંથી એક શખ્સે એક સોનાનો સિક્કો એ જ કઝવીનીના હાથે મને મોકલાવ્યો હતો અને તે સિક્કો હજી સુધી મારી પાસે છે.

એના જ અનુસંધાનમાં હિકાયત વર્ણવી કે એક મર્દ હતા અલી નામના. જ્યારે મર્દાને ગયબ એમના કમરાના દરવાજા પર આવતા અને કહેતા, સલામ અલૈક ! તો ખ્વાજા અલી કેવળ તેમનો અવાજ સાંભળતા અને બસ. કેટલીયે વાર એવું થયું, ત્યાં સુધી કે એક દિવસ એ સૌ આવ્યા અને બોલ્યા, સલામ અલૈક હે ખ્વાજા અલી ! ખ્વાજા અલીએ સલામનો જવાબ આપ્યો અને બોલ્યા, સલામ કરશો અને અવાજ આપતા રહેશો, તમારી સૂરત નહીં બતાવો ?! આ વાત કહ્યા બાદ તેમણે ફરી કદી અવાજ પણ ન સાંભળ્યો. આ દરમ્યાન બંદાએ અર્ઝ કરી, કદાચ ખ્વાજા અલીએ આ વાત કહીને ગુસ્તાખી કરી. ઈર્શાદ થયો, હા ! શોખી (શરારત)ની વાત શું કરી કે એ દોલતથી જ વંચિત થઈ ગયા.

ત્યારબાદ ફર્માવ્યું કે મર્દાને ગયબ પહેલાં અવાજ આપે છે, અને પોતાની વાત સંભળાવે છે ત્યાર બાદ મુલાકાત કરે છે અને પછી ઉડાડીને લઈ જાય છે. આ હિકાયતના અંતમાં ઈર્શાદ ફર્માવ્યો કે કેટલો રાહતવાળો મક઼ામ છે કે જ્યાં કોઈને તેઓ લઈ જાય છે !

## ★ સોળમી મજલિસ ★

એ જ મહીનાની ૧૯મી તારીખ પીરના રોજ કદમબોસીની સઆદત નસીબ થઈ. સુલૂકનો ઉલ્લેખ થયો કે ચાલવાવાળો કમાલની તરફ ચહેરો રાખે છે. એટલે સાલિક (તસવ્વુફની રાહનો મુસાફર) જ્યાં સુધી સુલૂકમાં છે કમાલિયતનો ઉમ્મીદવાર છે.

ત્યારબાદ ફર્માવ્યું કે સાલિક હોય છે અને વાકિફ હોય છે અને રાજેઅ. જેમ કે સાલિક તો તે છે જે રસ્તો ચાલે છે, અને વાકિફ તે છે કે જેને વકફા (અંતર, ગાળો) પડી જાય છે. બંદાએ અર્ઝ કરી કે શું સાલિકને પણ વકફો પડે છે ? ફર્માવ્યું, હા ! જ્યારે પણ સાલિકની ઈતાઅત (ફર્માંબરદારી)માં કોઈ ઉણપ આવી જાય છે, જેમ કે તાઅત (ફર્માબરદારી)નો શોખ ન રહે તો તેના માટે વકફો પડે છે. જો જલ્દી હોશિયાર થઈ જાય અને હક્ક઼ તઆલાની તરફ રુજૂઅ થાય તો ફરી સાલિક થઈ શકે છે. અને જો ખુદાની પનાહ એ જ હાલ પર જામેલો રહે તો તેને માટે ખતરો છે કે રાજેઅ થઈ જાય.

ત્યારબાદ આ રાહની લગઝિશના સાત પ્રકારો વર્ણવ્યા : એઅરાઝે હિજાબ, તફાસિલ, સલબે મઝીદ, સલબે ક઼દીમ, તસલ્લી, અદાવત. આ કિતાબોની તફસીલમાં ફર્માવ્યું, જેમ કે બે દોસ્ત હોય, આશિક઼ તથા માશૂક઼. આશિક઼ તથા માશૂક઼ એકબીજાની મહોબ્બતમાં ડૂબેલા હોય. એ દરમ્યાન આશિકથી કોઈ હરકત અથવા કામ અથવા વાત અથવા અમલ એવો થઈ જાય જે તેના દોસ્તની પસંદનો ન હોય તો તે દોસ્ત એનાથી મોં ફેરવી લે છે. પછી આશિક઼ પર વાજિબ છે કે એ જ વખતે ઈસ્તિગફારમાં મશગૂલ થઈ જાય અને માફી ચાહે અને યક઼ીનન ! તેનો દોસ્ત તેનાથી રાજી થઈ જશે. થોડુ સરખુ બેદયાનપણુ જે થયું હતું તે જતુ રહેશે. અને જો તે મહોબ્બત કરનાર એ ખતા પર રીપીટેશન કરશે અને મજબૂરી પેશ નહીં કરે (માફી નહીં માગે) તો એ મોં ફેરવવું હિજાબ (પર્દા) સુધી પહોંચી જશે. માશૂક એક પર્દો દરમિયાનમાં કરી લેશે. જેવા ખ્વાજા ઝિક્રુલ્લાહ બિલ્ખૈર પર્દાના દષ્ટાંતમાં આ વાત પર પહોંચ્યા તો હાથ ઊંચા કર્યા અને બાંય ચહેરા મુબારકની સામે કરી લીધી અને ફર્માવ્યું કે દા.ત. આ રીતનો પર્દો મુહિબ્બ તથા મહબૂબની વચ્ચે થઈ જશે ! પછી મુહિબ્બ (આશિક઼) પર વાજિબ થશે કે માફી માગવાની કોશિશમાં રહે અને તૌબા કરે. અને જો આ મામલામાં આળસ કરશે તો તે હિજાબ તફાસિલ (દૂરી)માં બદલાય જશે. તો શું થશે ? એ કે તે દોસ્ત તેનાથી જુદાઈ અપનાવી લેશે. તો શરૂમાં વિમુખતા વધારે ન હતી પણ કેમ કે માફી ન માગી તો પર્દો પડી ગયો અને જ્યારે એ નાપસંદીદગી પર અડેલા રહ્યો તો તફાસિલ થઈ ગયો (દૂરી થઈ ગઈ). જો એના બાદ પણ દોસ્ત માફી ન માગે તો સલબ અધિક લાગુ થશે, એટલે કે તેના અવરાદ તથા ફર્માબરદારી તથા ઈબાદતોના ઝોક઼ શોખમાં જે વધારો હતો તે પરત લઈ લેવામાં આવશે. જો પછી એના પર પણ માફી ન માગે અને એ જ હઠધર્મી પર જામેલો રહે તો સલબ કદીમ થશે કે તે તાઅત (ફર્માંબરદારી) અને તે રાહત જે "મઝીદ" (વધારા)થી પહેલા મયસ્સર હતી તે પણ છીનવી લેવામાં આવશે. પછી જો અહીં પણ તૌબામાં કસર રહી જાય તો તેના બાદ તસલ્લી થશે. તસલ્લી કોને કહે છે ? એટલે તેના દોસ્તનું દિલ તેની જુદાઈ પર સંતુષ્ઠ થઈ જાય છે. પછી જો તેમ છતાં તૌબામાં સુસ્તી થાય તો અદાવત પેદા થઈ જાય છે, અને મહોબ્બત જે હતી તે અદાવતમાં બદલાય જાય છે. નઊઝુબિલ્લાહ મિન્હા. *–(ક્રમશઃ)*

## (૭) હજ્જ કે બારે મેં ગલતફહમિયાં ઔર ઉનકા શરઈ હલ

**૦૧. ક્યા સરસે ટોપી હટાકર નંગે સર આબે ઝમઝમ પીના ચાહિયે ?**

હમારે યહાં યે બહોત ઝયાદા મશહૂર હૈ કે સર સે ટોપી વગૈરા હટાકર નંગે સર આબે ઝમઝમ પીને કો સુન્નત સમજતે હૈં, ચુનાં ચે ઉમૂમી તોર પર અવામ કો ઈસ તરહ આબે ઝમઝમ પીતે હૂએ દેખા જાતા હૈ. હાલાં કે યે સરાસર અદબ ઔર સુન્નત કે ખિલાફ હૈ. આબે ઝમઝમ ખળે હોકર પીના યે તો સુન્નત હૈ, અલ્બત્તા ટોપી વગૈરા હટાકર નંગે સર પીના યે સુન્નત નહીં, બલ્કે દીગર પાનિયોં કી તરહ આબે ઝમઝમ ભી સર ઢાંપ કર પીના સુન્નત હૈ. હદીષે પાકમેં હૈ :–

عن ابن عباس أَنَّ رسولَ اللّٰهِ صلَّى اللّٰهُ عليهِ وسلَّمَ،
شرِبَ من ماءِ زَمزمَ وَهوَ قائِمٌ.

**તર્જુમા** : "હઝરતે અબ્દુલ્લા ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما સે રિવાયત હૈ કે અલ્લાહ કે રસૂલ ﷺ ને ખળે ખળે આબે ઝમઝમ નોશ ફર્માયા."

ઈસ તરહ કી હદીષોં મેં ભી નંગે સર આબે ઝમઝમ પીને કા ઝિક્ર મૌજૂદ નહીં હૈ.

**૦૨. મીક઼ાત કે બાહર સે અગર કોઈ મક્કા કિસી કામકાજ યા તિજારત કે ઈરાદે સે જાએ તો ક્યા વોહ બગેર એહરામ કે જા સક્તા હૈ ?**

યે તો હર કોઈ જાનતા હૈ કે મીક઼ાત ઉસ જગા કો કેહતે હૈં કે મક્કએ મુઅઝ્ઝમા કે જાનેવાલે કો બગૈર એહરામ વહાંસે આગે જાના જાઈઝ નહીં, અલ્બત્તા ઈસકે હવાલે સે અવામ કે દરમિયાન એક ગલતફહેમી યે પાઈ જાતી હૈ કે એહરામ પહેનકર જાને કા હુકમ સિર્ફ ઉસ શખ્સ કે લિયે હૈ જો મક્કતુલ્ મુકર્રમા હજ્જ યા ઉમરા કે ઈરાદે સે જા રહા હો ઔર જો તિજારત યા કિસી ઔર મક઼સદ સે જા રહા હૈ ઉસકે લિયે એહરામ પહેનના ઝરૂરી નહીં. યે સોચ ગલત હૈ. શરીઅત કા હુકમ તો યે હૈ કે મીક઼ાત કે બાહર સે જો ભી મક્કા શરીફ કે ઈરાદે સે જાએ, બગૈર એહરામ કે ઉસકે લિયે જાના જાઈઝ નહીં, ખાહ વોહ હજ્જ યા ઉમરા કે ઈરાદે સે જાએ યા તિજારત યા કિસી ઔર કામકાજ કે લિયે. (ફિર એહરામ સે બાહર આને કે લિયે હજ્જ યા ઉમરા કે અરકાન અદા કરને પળેંગે.)

અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ (નજમી દારુલ ઈફ્તા-આમોદ) હપ્તો : ૨૮

બહારે શરીઅતમેં હૈ :–

મીક઼ાત ઉસ જગા કો કેહતે હૈં કે મક્કએ મુઅઝ્ઝમા કે જાનેવાલે કો બગેર એહરામ વહાંસે આગે જાના જાઈઝ નહીં અગરચે તિજારત વગૈરા કિસી ઔર ગર્ઝ સે જાતા હો.

મક્કએ મુઅઝ્ઝમા જાને કા ઈરાદા ન હો બલ્કે મીક઼ાત કે અંદર કિસી ઔર જગા મષલન જિદ્દા જાના ચાહતા હૈ તો ઉસે એહરામ કી ઝરૂરત નહીં ફિર વહાં સે અગર મક્કએ મુઅઝ્ઝમા જાના ચાહે તો બગેર એહરામ જા સકતા હૈ, લિહાઝા જો શખ્સ હરમ મેં બગેર એહરામ જાના ચાહતા હૈ વોહ યે હીલા કર સકતા હૈ બશર્તે કે વાકિઈ ઉસકા ઈરાદા પેહલે મષલન જિદ્દા જાને કા હો. નીઝ મક્કએ મુઅઝ્ઝમા હજ્જ ઔર ઉમરા કે ઈરાદે સે ન જાતા હો, મષલન તિજારત કે લિયે જિદ્દા જાતા હૈ ઔર વહાં સે ફારિગ હોકર મક્કએ મુઅઝ્ઝમા જાનેકા ઈરાદા હૈ ઔર અગર પેહલે હી સે મક્કા મુઅઝ્ઝમા કા ઈરાદા હૈ તો અબ બગેર એહરામ નહીં જા સકતા. *(બહારે શરીઅત, જિલ્દ : ૧, હિસ્સા : ૬, સફહા : ૧૦૬૭/૧૦૬૮)*

➻ અઝ : **હઝરત મુફ્તી સાબિર નજમી મિસ્બાહી** *(સદર મજલિસે ફ઼ઝા ઈદારા શરઈય્યહ–ભરૂચ, C/o. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, જિ. ભરૂચ)*

**03. ક્યા એરપોર્ટ સે એહરામ બાંધ લેનેસે એહરામ કે તમામ એહકામ લાગુ પળ જાતે હૈં ?**

બાઝ અવામ કી યે સોચ હોતી હૈ કે એરપોર્ટ સે એહરામ બાંધ લેને કે બા'દ એહરામ કે તમામ એહકામ લાગુ પળ જાતે હૈં, હાલાં કે શરઅન ઐસા નહીં હૈ. સિફ એહરામ કા કપળા પેહન લેને સે એહરામ કે એહકામ લાગુ નહીં પળતે, બલ્કે એહરામ પહેનકર નિય્યત કરેંગે ઔર લબ્બૈક કહેંગે તબસે એહરામ કે એહકામ કી પાબંદી લાઝિમ હોગી.

બહારે શરીઅતમેં હૈ :–

"એહરામ કે લિયે નિય્યત શર્ત હૈ અગર બગેર નિય્યત લબ્બૈક કહા એહરામ ન હુવા. યહીં તન્હા નિય્યત ભી કાફી નહીં જબ તક લબ્બૈક યા ઉસકો કાઈમ મકામ કોઈ ઔર ચીઝ ન હો." *(બહારે શરીઅત, જિલ્દ : ૧, હિસ્સા : ૬, સફહા : ૧૦૭૪)*

**૦૪. ક્યા ઉમરાહ યા હજ્જ મુકમ્મલ હોનેસે પેહલે એહરામ કા કપળા ઉતારના યા બદલના જાઈઝ નહીં ?**

બાઝ અવામ મેં યે ગલત ફેહમી પાઈ જાતી હૈ કે એક મર્તબા જબ એહરામ કા કપળા પેહન લિયા ઔર ઉમરાહ યા હજ્જ કી નિય્યત કર લી તો જબ તક ઉમરાહ યા હજ્જ મુકમ્મલ ન કર લેં તબ તક એહરામ કા કપળા ઉતારને યા બદલને કી ઈજાઝત નહીં, યે ગલત ખયાલ હૈ. એરામ કા કપળા ઉતારના યા બદલના બિલ્કુલ જાઈઝ હૈ, ઉસ સે ઉમરાહ યા હજ્જ પર કોઈ અષર નહીં પળતા. જૈસા કે બહારે શરીઅતમેં હૈ –

"એહરામ કે કપળે યા'ની તેહબંદ ઔર ચાદર યહીં સે યા બંબઈ સે લે લે ક્યૂં કે એહરામ જહાઝ હી પર બાંધના હોગા ઔર બેહતર યે કે દો જોળે હોં કે અગર મૈલા હુવા તો બદલ સકેંગે." *(બહારે શરીઅત, જિલ્દ : ૧, હિસ્સા : ૬, સફહા : ૧૦૫૫/૧૦૫૬)*

**૦૫. હરમૈન શરીફૈન મેં અસ્ર કી અઝાન હોને કે બા'દ હનફિયોં કા અસ્ર કી નમાઝ અદા કર લેના કૈસા ?**

ઉમરાહ યા હજ્જ કે લિયે યા કિસી ઔર કામ કે લિયે હરમૈન શરીફૈન જાનેવાલે હનફી હઝરાત જો ઈમામે આ'ઝમ કી તકલીદ કરનેવાલે હૈં, ઉન મેં સે અકષર કો યે ઈલ્મ હી નહીં હોતા હૈ હરમૈન શરીફૈન મેં જો લોગ હૈં ઉન મેં સે અકષર અહમદ બિન હંબલ કી તકલીદ કરનેવાલે હૈં ઔર ઉનકે મઝહબ કે એઅ્તેબાર સે અસ્ર કા વક્ત જલ્દી શુરૂ હોતા હૈ, જબ કે હનફી મઝહબ કે એઅ્તેબાર સે અસ્ર કા વક્ત કુછ તાખીર સે શુરૂ હોતા હૈ. દોનોં કે દરમિયાન તકરીબન એક ઘંટે કા ફાસ્લા રહેતા હૈ, લિહાઝા હનફી હઝરાત જબ ભી હરમૈન શરીફૈન જાએં તો ઈસ બાત કા ઝરૂર ખયાલ રખેં. હનફી મઝહબ કે એઅ્તેબાર સે અસ્ર કા વક્ત કબ શુરૂ હોતા હૈ, ઈસ કે બારે મેં કિસી જાનકાર સે પૂછકર યા કિસી મુઅ્તબર મોબાઈલ એપ મેં દેખકર માલૂમ કર લેં ઔર ઉસી કે મુતાબિક અસ્ર કી નમાઝ અદા કરેં. (અબ તક વહાં કે એઅ્તેબાર સે જિન હનફિયોં ને નમાઝે અસ્ર અદા કી, ઉનકી નમાઝ હો ગઈ. આઈંદા ઉપર ઝિક્ર કી ગઈ બાત કા ખયાલ રખેં)


ફતાવા મર્કઝે તર્બિયતે ઈફતામેં હૈ :–

કયા ફર્માતે હૈં ઓલમાએ દીન વ મુફ્તિયાને શરએ મતીન મસાઈલે ઝેલ મેં કે :–

હરમૈન શરીફૈન મેં અસ્ર કી નમાઝ બહિસાબે મિષ્લ યા'ની અહનાફ કે નઝદીક વક્તે ઝોહર મેં હોતી હૈ, કયા અહનાફ કી નમાઝ હોગી ?

**જવાબ** : અગર ચે સહીહ વ મુઅ્તમદ કૌલે ઈમામ હૈ કે મિષ્લે ષાની મેં અસ્ર પળ્હને સે અદા ન હોગી, ફર્ઝ ઝિમ્મા પર બાકી રહેગા, મગર સાહિબૈન કે મઝહબ પર હો જાએગી ઔર વધુ પેજ ૩૬ પર.

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

ભાગ–૨

**લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ
**અનુવાદક** : મર્હૂમ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી

**મસ્અલા** : બે રૂપિયા અને એક અશરફીને એક રૂપિયા અને બે અશફીઓમાં વેચવું દુરસ્ત છે કેમ કે રૂપિયાની સરખામણીમાં અશરફી ધારે અને અશરફીના મુકાબલામાં રૂપિયા. એ રીતે બે મણ ઘઉં અને એક મણ જવને એક મણ ઘઉં અને બે મણ જવના બદલામાં વેચવા પણ જાઈઝ છે અને જો અગિયાર રૂપિયાને દસ રૂપિયા અને એક અશરફીના બદલામાં વેચાણ કર્યા છે તો દસ રૂપિયાના મુકાબલામાં દસ રૂપિયા અને એક અશરફીના મુકાબલામાં (સરખામણીમાં) એક અશરફી ગણાશે. આ બંને અલગ જાતિના છે, એમાં વધઘટ દુરસ્ત છે. જો એક રૂપિયા અને એક થાનને એક રૂપિયા અને એક થાનના બદલામાં વેચ્યા અને રૂપિયા પર પક્ષકારોએ કબ્જો ન કર્યો તો વેચાણ સહીહ રહ્યું નહીં. *(હિદાયા)*

**મસ્અલા** : સોના ચાંદીમાં મેલ હોય પરંતુ સોના ચાંદીનું પ્રમાણ વધારે હોય તો એ સોનુ, ચાંદી જ ગણાશે (કહેવાશે) જેમ કે રૂપિયા અને અશરફી. કેમ કે એ ફકત સોનુ ચાંદી જ નથી, એમાં મેલ પણ જરૂર છે પરંતુ ઓછો છે એ કારણે એને સોનુ, ચાંદી સમજીશું. અને એની જાતિથી વેચાણ કરવામાં આવ્યું હોય તો વજન સાથે (વજનથી) બરાબર કરવું જરૂરી છે અને કર્જે લેવામાં પણ એનું વજન વિશ્વાસપાત્ર રહેશે. કેમ કે એમાં અન્ય ધાતુ પોતે મેળવી હોય. જેમ કે રૂપિયા અશરફીમાં ઢાળતી વખતે અન્ય ધાતુ મેળવવામાં આવે છે અથવા મેળવવામાં (ભેળવવામાં) ન આવી હોય બલ્કે પેદાઈશી છે. ખાણમાંથી જ્યારે કાઢવામાં આવ્યું તે વખતે ભેળવણી હતી, બંને માટે એક જ હુકમ છે. *(હિંદાયા, આલમગીરી)*

**મસ્અલા** : સોના, ચાંદીમાં એટલી ભેળસેળ છે કે જેમાં અન્ય ધાતુનું પ્રમાણ વધારે હોય તો એ નોર્મલ (એકલી ચાંદી)ના હુકમમાં નહીં ગણાય. (એને નોર્મલનો હુકમ લાગુ નહીં પડે). એનો હુકમ એ છે કે જો એને ફકત નોર્મલ ગણી સોના ચાંદીથી એનું વેચાણ કરે. જેટલી ચાંદી અન્ય ધાતુ ભેળવેલ ચાંદીમાં છે એના કરતાં એ ચાંદી વધારે હોવી જોઈએ. જેથી ચાંદીના મુકાબલામાં ચાંદી થઈ જાય અને વધારે અન્ય ધાતુના મુકાબલામાં હોય (ગણાય). કબ્જો લેવો શર્ત છે કેમ કે બંને તરફ ચાંદી છે અને જો ફકત નોર્મલ ચાંદી એના મુકાબલામાં એટલી છે જેટલી એમાં છે અથવા એનાથી ઓછી છે અથવા વધારે કે ઓછી છે તેની જાણકારી નથી તો વેચાણ જાઈઝ નથી. કેમ કે પહેલી બંને હાલતમાં ખુલ્લું વ્યાજ છે અને ત્રીજી હાલતમાં વ્યાજનો સંભવ છે. *(હિદાયા)*

**મસ્અલા** : એવા રૂપિયા કે જેમાં અન્ય ધાતુની મેળવણીનું પ્રમાણ વધારે હોય તેમાં વેચાણ તથા કર્જ વજનના એ'તેબારથી દુરસ્ત છે અને ગણતરીના લેહાઝથી પણ દુરસ્ત છે. જો વજનનો રિવાજ હોય તો વજનથી અને ગણતરીનો રિવાજ હોય તો ગણતરીથી અને જો બંનેનો રિવાજ હોય તો બંને રીતે દુરસ્ત છે. કારણ કે એ એમાં ગણાશે નહીં જેના વજનની ખાત્રી કરવામાં આવી છે. *(હિદાયા)*

**મસ્અલા** : અમે કેટલીક જગ્યાએ ઈશારો કરી જણાવ્યું છે કે નોટ પણ ઈસ્તેલાહી કિંમત (નાણું) જ છે. એનુ કારણ એ છે કે આજે તમામ લોકો એનાથી જ વસ્તુઓ ખરીદે છે. લેણ, દેણ તથા અન્ય બાબતોમાં જરા પણ તકલ્લુફ કર્યા વગર લેવડ દેવડ કરે છે. એટલે સુધી કે દસ રૂપિયાની ચીજ ખરીદે છે અને નોટ આપી દે છે. દસ રૂપિયા કર્જે લઈને દસની નોટ આપી દે છે. ન લેનાર એમ સમજે છે કે હક્કથી વધારે અથવા ઓછા મળ્યા છે, ન દેનાર એમ સમજે છે. જે રીતે આઠ આની, ચાર આની, બે આનીની કોઈ ચીજ ખરીદી અને પૈસા આપી દીધા યા ચીજો કર્જે લીધી હતી જે પૈસા આપીને કર્જ અદા કર્યું એમાં કોઈ તફાવત સમજતા નથી, એ રીતે નોટમાં પણ ફર્ક સમજવામાં નથી આવતો. જ્યારે કે એ નોટ એક કાગળનો ટૂકડો છે જેની કિંમત હજાર પાંચસો તો શું પૈસો બે પૈસા પણ નથી થઈ શક્તી. ફક્ત ઈસ્તેલાહે એને એ રૂત્બા પર પહોંચાડી કે હજારોમાં વેચાય છે. જો આજે ઈસ્તેલાહ ખતમ થઈ જાય તો એને કોડીની કિંમતે પણ કોઈ ન પૂછે. આ બયાનથી સમજવું જોઈએ એ ખોટા રૂપિયા અને પૈસા માટે જે હુકમ છે તે હુકમ નોટ માટે પણ લાગુ પડશે. એનાથી વસ્તુ ખરીદી શકાય છે. નિશ્ચિત કરવાથી નિશ્ચિત પણ થશે નહીં. નોટના બદલામાં નોટ વેચવી પણ જાઈઝ છે અને બંને નક્કી કરી લે તો એક નોટના બદલામાં બે નોટ પણ ખરીદી શકાય છે જે રીતે એક પૈસાથી નક્કી કરેલ બે પૈસા ખરીદી શકાય છે. રૂપિયાથી નોટ ખરીદવા વેચવામાં આવે તો જુદા પડતા પહેલાં એક પર કબ્જો હોવો જરૂરી છે. જે રકમ એના પર લખેલી હોય છે એનાથી ઓછી વત્તી કિંમતે નોટને વેચવી જાઈઝ છે. દસની નોટ પાંચ રૂપિયામાં, બારમાં વેચવી દુરસ્ત છે. જે રીતે એક રૂપિયાના ૬૪ (ચોસઠ)ને બદલે ૧૦૦ (સો) પૈસા યા પચાસ પૈસામાં વેચવામાં આવે તો એમાં કોઈ વાંધો નથી. કેટલાક લોકો જે વધ ઘટને નાજાઈઝ જાણે છે (સમજે છે) તેઓ નોટને ચાંદી તસવ્વુર કરે છે જ્યારે કે એ જાહેર છે કે એ નોટ ચાંદી નથી પણ કાગળ છે. જો ચાંદી હોત તો એના વેચાણમાં વજનનો એ'તેબાર જરૂર કરવો પડતો. દસ રૂપિયાથી દસની નોટ લેવી ત્યારે જ દુરસ્ત થાત કે જ્યારે એક પલ્લામાં દસ રૂપિયા મૂકી બીજા પલ્લામાં નોટ મૂકવામાં આવત અને બંનેનુ વજન બરાબર (એક સરખુ) કરવામાં આવત. અલબત્ત, એવું કહી શકાય ખરું કે કેટલીક બાબતોમાં ચાંદીના હુકમમાં છે. (ચાંદીનો હુકમ લાગુ પડે છે). દા.ત. દસ રૂપિયા કર્જે લીધા હતા અથવા વસ્તુની કિંમત દસ રૂપિયા હતી અને રૂપિયાની જગ્યાએ (બદલે) નોટ આપી દે. એ દુરસ્ત છે જે રીતે પંદર રૂપિયાની જગ્યાએ એક ગિન્ની આપવી દુરસ્ત છે પરંતુ એનાથી એમ નહીં થાય કે ગિન્નીને ચાંદી કહેવામાં આવે કેમ કે ગિન્નીને પંદરથી ઓછી વત્તી કિંમતે વેચવી જ નાજાઈઝ હોય.

## ★ બયએ તલ્જિઆના મસ્અલા (તલ્જિઆ સોદાના મસ્અલા) ★

**તલ્જિઆ** સોદો એને કહેવામાં આવે છે કે બે માણસો જાહેરમાં બીજાઓની હાજરીમાં કોઈ ચીજને વેચવા ખરીદવા ઈચ્છે છે પરંતુ તેમનો ઈરાદો તે ચીજને વેચવા ખરીદવાનો હોતો નથી. આવા પ્રકારની વેચવાની જરૂરત એ કારણે ઊભી થાય છે કે તેઓ જાણતા હોય છે કે ફલાણા માણસને ખબર પડી જશે કે આ ચીજ મારી છે તો જબરદસ્તીથી ઝૂંટવી લેશે અને હું એનો મુકાબલો કરી શકીશ નહીં. **તલ્જિઆ** સોદામાં એ જરૂરી છે કે ખરીદનારને

એવું કહી દેવામાં આવે કે જાહેરમાં હું તમારી સાથે વેચાણ કરીશ પણ હકીકતમાં એ વેચાણ નહીં હોય અને આ બાબતમાં લોકોને ગવાહ બનાવી લે. ફકત દિલમાં ખયાલ કરીને, જબાનથી જાહેર કર્યા વગર વેચાણ કરવામાં આવે તો એ **તલ્જિઆ** સોદો ગણાશે નહીં. **તલ્જિઆ**નો હુકમ મશ્કરાપન (મજાક)નો છે. એટલે કે દેખાવ વેચાણનો હોય અને હકીકતમાં વેચાણ ન હોય. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

આજકાલ જેને ફરજી વેચાણ કહેવામાં આવે છે તેને આ **તલ્જિઆ** સોદામાં ગણી શકાય છે પરંતુ એ વેચાણમાં **તલ્જિઆ**ની શરતો સમાવિષ્ટ હોય તો.

**મસ્અલા : તલ્જિઆ** સોદા માટે એ હુકમ છે કે એ સોદો મૌકૂફ (ગણાય) છે. જાઈઝ કરી દેવામાં આવે તો જાઈઝ થશે અને રદ કરી દેવામાં આવે તો રદ થઈ જશે. *(આલમગીરી)* અર્થાત જ્યારે કે સોદામાં જ તલ્જિઆની સ્પષ્ટતા કરવામાં આવી હોય તો.

**મસ્અલા :** બેમાંથી એક એમ કહેતો હોય કે **તલ્જિઆ** હતું અને બીજો એમ કહેતો હોય કે ના **તલ્જિઆ** ન હતું તો જે **તલ્જિઆ**નો દાવો કરે છે તેણે ગવાહ રજુ કરવા પડશે. ગવાહ ન લાવે તો ના કહેનારની વાત સોગંદપૂર્વક વિશ્વાસપાત્ર ગણાશે. *(આલમગીરી)*

## બયઉલ વફા

એને **બયઉલ અમાનત, બયઉલ ઈતાઅત** પણ કહેવામાં આવે છે. એનો પ્રકાર એ છે કે એવી રીતે વેચાણ કરવામાં આવે કે જ્યારે વેચનાર પોતે ખરીદનારને રકમ પાછી આપી દેશે તો ખરીદનાર લીધેલો માલ પાછો આપી દેશે અથવા કર્જદાર પોતે પોતાની કોઈ વસ્તુ લેણદારને (કર્જના બદલામાં) એવી શરતે વેચાણ આપે કે જ્યારે હું કર્જ અદા કરી દઉં ત્યારે હું મારી વસ્તુ પાછી લઈ લઈશ અથવા એવું નક્કી કરે કે મેં તમને આ ચીજ વેચી દીધી એવી શરતે કે જ્યારે હું કિંમત લીધેલી રકમ પાછી આપું ત્યારે તમારે મને એ ચીજ વેચાતી આપી દેવી. આજકાલ **બયઉલ વફા** થાય છે તેમાં મુદ્દત પણ નક્કી થતી હોય છે કે જો હું આટલી મુદ્દતમાં રકમ અદા કરી આપું તો એ ચીજ મારી નહીંતર એ તમારી.

**મસ્અલા : બયઉલ વફા** હકીકતમાં ગીરો જ છે. લોકોએ ગીરોનો નફો ખાવા માટેની તરકીબ કાઢેલી છે. કેમ કે વેચાણની હાલતમાં ગીરો રાખે છે, જેથી કે ગીરો રાખનાર એનાથી નફો મેળવી ફાયદો હાસિલ કરી શકે. પરિણામે ગીરો અંગેના તમામ હુકમ એને લાગુ પડશે અને જે કંઈ નફો મળ્યો હશે તે તમામ પાછો આપવો પડશે અને જે કંઈ નફો પોતે વાપર્યો હશે કે હલાક કર્યો હશે તે તમામને બદલો આપવો પડશે. અને જો વેચેલી વસ્તુ હલાક થઈ ગઈ તો કર્જના તમામ રૂપિયા રદ થઈ જશે (જતા રહેશે) શર્ત એ છે કે તે કર્જની રકમ બરાબર હોય. અને એની પાડોશમાં કોઈ મકાન કે જમીન વેચાણ થતી હોય તો (એને લેવાનો) વેચનારનો પ્રથમ હક્ક રહેશે, કેમ કે મકાન કે જમીન વેચાણ થતી હોય તો (એને લેવાનો) વેચનારનો પ્રથમ હક્ક રહેશે, કેમ કે તે માલિક છે ખરીદનારનો નહીં, કેમ કે તે ગીરો રાખનાર છે. *(રદ્દુલ મુહ્તાર)* **બયઉલ વફા**નો મામલો ઘણો પેચીદો છે. એના બારામાં ફુકહાએ કિરામનાં કથનો ઘણા વિવિધ પ્રકારનાં કરવામાં આવ્યાં છે. જેને વિગતવાર જોવાં હોય તો મતુલાતે કુતુબે ફિકહમાં જોવાં.

• • •

تذکرتુલ અવલિયા

# હઝરત અહમદ હઝરુવિયહ رحمۃ اللہ علیہ

ના

## હાલાત તથા ખૂબીઓ

**ઓળખ :** આપ ખુરાસાનના મહાન અલ્લાહવાળાઓમાંથી છે. તદ્ઉપરાંત આપની કિતાબો તથા નસીહતો અને આપના મુરીદોની સંખ્યા પણ ખૂબ જ અધિક છે. ન કેવળ એ બલ્કે આપના તમામ હલ્કા બગોશ (આપના વર્તુળમાં સામેલ રહેનારા) કમાલવાળા બુઝુર્ગોમાંથી થયા છે.

**હાલાત :** આપને હઝરત હાતિમ અસમ رحمۃ اللہ علیہથી બયઅતનો શરફ હાંસલ હતો પરંતુ લાંબા અરસા સુધી હઝરત અબૂ તુરાબથી પણ ફયઝો હાંસલ કરતા રહ્યા. અને જ્યારે લોકોએ હઝરત અબૂ હફ્સને પૂછ્યું કે વર્તમાનકાળના સર્વ સૂફીઓમાં આપની નજીક કોનો મકામ બુલંદ છે ? તો આપે ફર્માવ્યું કે મેં હઝરત અહમદ હઝરુવિયહ رحمۃ اللہ علیہથી વધુ બાહોસલા તથા સાદિકુલ અહવાલ કોઈને નથી જોયો. બલ્કે અબૂ હફ્સ તો ત્યાં સુધી ફર્માવતા હતા કે જો આપનું વજૂદ ન હોત તો મુરવ્વત તથા ફતહોનો ઝહૂર જ ન થાત.

આપ હમેશાં ફોજી લિબાસમાં રહેતા હતા અને આપનાં પત્ની ફાતિમા ખૂબ જ ઈબાદતગુઝાર અને બલ્ખના સરદારનાં પુત્રી હતાં. અને એ પણ મશહૂર છે કે તેમણે ખુદ નિકાહની ખ્વાહિશને પ્રદર્શિત કરીને આપને પોતાના માબાપથી નિકાહનો પયગામ આપવા માટે કહ્યું પરંતુ આપે ઈન્કાર કરી આપ્યો. પણ જ્યારે બીજીવાર તેમણે કહ્યું કે આપ રહનુમા થઈને રાહ મારી રહ્યા છો. તે વખતે આપે તેમના આગ્રહ પર નિકાહનો પયગામ મોકલી આપ્યો. અને જ્યારે નિકાહ બાદ આપના ત્યાં આવ્યાં તો આપની સાથે સાચા દિલથી ઈબાદતમાં મશગૂલ થઈ ગયાં. અને જ્યારે આપ આપનાં પત્ની સાથે હઝરત બાયઝીદ رحمۃ اللہ علیہથી મુલાકાત માટે પહોંચ્યા તો આપનાં પત્નીએ તેમની સાથે ખૂબ જ બેબાકીપણે વાતચીત કરી અને તેમનો વાતચીતનો તરીકો આપને નાપસંદ પડયો. અને આપે ચેતવણી આપી કે ગૈર મર્દો સાથે આ રીતે બેબાકપણે અને બેપર્દા વાતચીત શોભતી નથી. પરંતુ પત્નીએ જવાબ આપ્યો કે નફ્સની ખ્વાહિશની પૂર્ણતામાં જેવી રીતે આપ મારા રાઝદાર છો એ જ પ્રમાણે હઝરત બાયઝીદ ખ્વાહિશે તરીકતમાં મારા હમરાઝ છે અને તેમના કારણે મને (ખ્વાબમાં) દીદારે ઈલાહી નસીબ થાય છે. અને એનું કારણ એ છે કે આપ તો મારી સોહબતની તમન્નાવાળા રહો છો અને તે એનાથી બેનિયાઝ છે.

એકવાર હઝરત બાયઝીદ رحمۃ اللہ علیہએ તેમના હાથમાં મેંદી લાગેલી જોઈને પૂછયું કે ફાતિમા ! આ મેંદી શા માટે લગાડી ? તેમણે અર્ઝ કરી કે આજ સુધી આપે મારા હાથ અને મેંદી પર નજર નાખી ન હતી એટલા માટે હું આપની નજીક બેસી જઉં છું, પરંતુ આજથી આપની સોહબત મારા માટે નાજાઈઝ છે. ત્યારબાદ હઝરત અહમદ બીવી સાથે નીશાપુરમાં વસી ગયા. અને જે વખતે યહ્યા ઈબ્ને મઆઝ નીશાપુર પહોંચ્યા તો આપે તેમની દાવતના માટે જ્યારે પત્નીથી મશ્વરો કર્યો તો તેમણે કહ્યું કે આટલી સંખ્યામાં ગાય, આટલી સંખ્યામાં બકરીઓ, આટલુ અત્તર અને વીસ ગધેડા, કેમ કે એક કરીમની દાવત માટે જરૂરી છે કે કૂતરાં પણ મેહરૂમ ન રહે. જેથી વીસ ગધેડાંઓનો ગોશ્ત કૂતરાઓને ખવડાવવામાં

❒ **અઝ :** *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર رحمۃ اللہ علیہ* ❒ **અનુવાદક :** *પટેલ શબ્બીર અલી રઝવી-દયાદરવી*

આવશે. એના કારણે આપ આપનાં પત્ની વિશે એવું ફર્માવ્યા કરતા હતા કે જે શખ્સ મર્દને જોવા ચાહે તે ફાતિમાને જોઈ લે.

આપ આપના નફ્સ પર બેહદ જબ્રથી કામ લેતા હતા. જેમ કે એકવાર લોકો જેહાદ પર રવાના થયા તો આપના નફસે પણ જેહાદનો તકાઝો કર્યો, પરંતું એ ખયાલ આવ્યો કે નફ્સનું કામ કેમ કે ઈબાદત માટે પ્રોત્સાહિત કરવાનું નથી એટલા માટે મને કોઈ ધોકામાં નાખવા ચાહે છે, અને કદાચ એના પ્રોત્સાહનનો એ મતલબ હોય કે સફર દરમિયાન રોઝા નહીં રાખવા પડે, રાતે ઈબાદતથી છૂટ્ટી મળી જશે અને લોકો સાથે મેળ મેળાપનો મોકો મળી જશે. પણ નફસે એ ચીજોથી ઈન્કાર કરતાં કહ્યું કે એમાંથી કોઈ વાત નથી. પછી જ્યારે આપે એ દુઆ કરી કે, હે અલ્લાહ ! મને નફસના ધોકાથી મેહફૂઝ રાખ. તો અલ્લાહ તઆલાએ નફ્સનો ધોકો જાહેર કરી આપ્યો કે નફસનો એ ધોકો હતો કે, કેમ કે આજ સુધી મારી કોઈ ખ્વાહિશ પૂરી નથી થઈ જેથી હું જેહાદમાં શરીક થઈને શહીદ થઈ જઉં અને તમામ ઝંઝટોથી છૂટકારો મળી જાય. આ સાંભળીને આપે દિવસથી નફસની તકલીફોમાં ઔર વધારો કરી આપ્યો.

આપ ફર્માવ્યા કરતા હતા કે હજના સફર દરમિયાન મારા પગોમાં કાંટો ખૂપી ગયો, અને મેં તેને એ ખયાલથી ન કાઢયો કે એનાથી તવક્કુલમાં અસર પડશે. જેના લીધે રસી થવાથી મારો પગ સુજી ગયો જેના કારણે હું લંગડાતા પગે મક્કામાં દાખલ થયો અને એ જ હાલતમાં હજ કરીને પરત થઈ ગયો. પણ રસ્તામાં લોકોએ આગ્રહ કરીને તે કાંટો કાઢી નાખ્યો. અને જયારે હું હઝરત બાયઝીદની ખિદમતમાં હાજર થયો તો તેમણે સ્મિત કરતાં પૂછયું કે જે તકલીફ તમને આપવામાં આવી હતી તે કયાં ગઈ ? મેં જવાબ આપ્યો કે મેં તો મારા અખત્યારને એના તાબે કરી આપ્યો હતો. એના પર હઝરત બાયઝીદે ફર્માવ્યું કે ખુદને સાહિબે અખત્યાર ખયાલ કરવું શું શિર્કમાં સામેલ નથી ?!

**આપના આદેશો** : આપ ફર્માવ્યા કરતા હતા કે ફક્રની અઝમતનું પ્રદર્શન કોઈ રીતે યોગ્ય નથી. ફર્માવ્યું કે એક દુરવેશે રમઝાનના મહીનામાં એક દોલતમંદને દાવત આપી અને જવની સૂકી રોટી તેની સામે રાખી દીધી. પછી ખાધા પછી તેના ઘરે પહોંચીને એક જોલો અશરફીનો દુરવેશની ખિદમતમાં મોકલ્યો, પરંતું દુરવેશે કહ્યું કે હું મારા ફક્રને (ફક્રીરીને) બંને જહાનના બદલામાં પણ વેચવા માટે તૈયાર નથી.

રાતમાં આપને ત્યાં ચોર આવી ગયો, પરંતું જ્યારે ખાલી હાથે જવા લાગ્યો તો આપે ફર્માવ્યું કે મારી સાથે રાતભર ઈબાદત કરો અને એનો જે કાંઈ બદલો મને મળશે તે હું તમને આપી દઈશ. જેથી તે રાતભર આપની સાથે ઈબાદતમાં મશગૂલ રહ્યો અને સવારે જ્યારે કોઈ માલદારે નઝરાણા રૂપે સો દીનાર મોકલ્યા તો આપે એ ચોરને આપતાં ફર્માવ્યું કે આ તો કેવળ એક રાતની ઈબાદતનો બદલો છે ! આ સાંભળીને ચોરે કહ્યું કે સેંકડો અફસોસ ! મેં આજ સુધી એ ખુદાને ભૂલાવેલો રાખ્યો જેની એક રાત ઈબાદત કરવાનો આ બદલો મળે છે. પછી તૌબા કરીને આપના મુરીદોમાં સામેલ થઈ ગયો અને ઘણા જ ઉચ્ચ મર્તબા હાંસલ કર્યા.

કોઈએ ખ્વાબમાં જોયું કે આપ સોના ઝવેરાતની સાંકળોવાળા એક રથ પર સવાર છે અને ફરિશ્તા એ રથને ખેંચી રહ્યા છે. અને જ્યારે તેણે સવાલ કર્યો કે આપ આવી શાનો શૌકત સાથે ક્યાં તશરીફ લઈ જઈ રહ્યા છો ? તો ફર્માવ્યું, મારા દોસ્તથી મુલાકાત કરવા. પછી તેણે અર્ઝ કરી કે આટલા બુલંદ મર્તબાઓ છતાં પણ આપને દોસ્તથી મુલાકાતની ખ્વાહિશ છે ?

ફર્માવ્યું, જો હું નહીં પહોંચું તો તે ખુદ આવી જશે અને ઝિયારતનો જે મર્તબો મળે છે તે તેને હાંસલ થઈ જશે.

**આપની કરામતો** : એકવાર આપ કોઈ બુઝુર્ગની ખાનકાહમાં છુપો લિબાસ પહેરીને પહોંચ્યા તો ત્યાંના લોકોએ આપને તુચ્છકારપૂર્વક જોયા પણ આપ ખામોશ રહ્યા. પછી એકવાર કૂવામાં ડોલ પડી ગઈ તો આપે એ જ બુઝુર્ગને ત્યાં જઈને કહ્યું કે દુઆ કરી આપો કે ડોલ કૂવાથી બહાર આવી જાય. આ સાંભળીને તે બુઝુર્ગ આશ્ચર્યમાં પડી ગયા. પરંતું આપે ફર્માવ્યું કે જો ઈજાઝત હોય તો હું જાતે દુઆ કરી દઉં. જેથી ઈજાઝત બાદ જ્યારે આપે દુઆ કરી તો ડોલ આપોઆપ કૂવાથી બહાર નીકળી આવી. આ જોઈને જ્યારે એ સર્વ લોકોએ આપની તાઝીમ કરી તો ફર્માવ્યું કે તમારા મુરીદોને હિદાયત કરી આપો કે મુસાફરને તુચ્છકારભરી નજરે ન જોયા કરે.

**અજબનો બનાવ** : કોઈએ આપને પોતાની ગરીબીની શિકાયત કરી. તો ફર્માવ્યું કે જેટલા પણ ધંધાઓનાં નામો હોય શકે છે તેમનાં નામ અલગ અલગ કાગળોમાં લખીને એક લોટામાં નાખીને મારી પાસે લઈને આવો. અને જ્યારે તેણે હુકમનું પાલન કર્યું તો આપે લોટામાં હાથ નાખીને જ્યારે એક કાગળ નો ટુકડો કાઢયો તો એના પર ચોરીના પૈસા લખેલુ હતું. આપે તેને હુકમ આપ્યો કે તમારે આ જ ધંધો અપનાવવો જોઈએ ! આ સાંભળીને પહેલાં તો તે પરેશાન થયો પરંતું શયખના હુકમના કારણે ચોરીની ટોળીમાં ભરતી થઈ ગયો. પરંતું એ ચોરોએ તેનાથી એ વાયદો લઈ લીધો કે જે પ્રમાણે અમે કહીશું તમારે કરવું પડશે. જેથી એક દિવસ એ ટોળીએ કોઈ કાફલાને લૂટીને એક માલદારને કેદી બનાવી લીધો અને જ્યારે એ નવા ચોરને એ માલદારને કત્લ કરવા માટે કહ્યું તો એ ચોરને એ ખયાલ આવ્યો કે આ રીતે તો આ લોકો સેંકડો માણસોને કત્લ કરી ચૂક્યા હશે, જેથી બેહતર રસ્તો એ છે કે એમના સરદારને જ ખત્મ કરી દેવામાં આવે. અને આ ખયાલની સાથે જ તેણે સરદારનો ખાત્મો કરી આપ્યો. આ સ્થિતિ જોઈને સર્વ ચોરો ડરના માર્યા ભાગી ગયા. અને જે માલદારને કેદ કર્યો હતો તેને આ નવા ચોરે મુક્ત કરી આપ્યો. જેના બદલામાં એ માલદારે એને એટલી દોલત આપી દીધી કે એ ખુદ અમીર કબીર બની ગયો અને પૂરી જિંદગી ઈબાદતમાં પસાર કરી દીધી.

## ★ અલ્લાહને ખાતર સળગાવેલી શમ્અઓ ફૂકથી ન ઓલવાઈ ! ★

એકવાર કોઈ બુઝુર્ગ આપને ત્યાં તશરીફ લાવ્યા તો આપે મેહમાન નવાઝીના ધોરણે તે દિવસે સાત શમ્અઓ રોશન કરી. એ જોઈને એ બુઝુર્ગ વાંધો ઉઠાવ્યો કે આ વધારાની ચીજો તો તસવ્વુફની વિરૂધ્ધ છે ! આપે ફર્માવ્યું મેં તો સર્વ શમ્અઓ કેવળ ખુદાના ખાતર રોશન કરી છે, અને જો આપ ગલત સમજો છો તો પછી એમાંથી જે શમ્અ ખુદાને ખાતર રોશન ન હોય તેને બુઝાવી દો. એ સાંભળીને તે બુઝુર્ગ સર્વ શમ્અઓને ઓલવવામાં મશગૂલ રહ્યા, પરંતું એક પણ ન ઓલવાઈ શકી ! પછી સવારે આપે ફર્માવ્યું કે મારી સાથે ચાલો હું તમને કુદરતની અજાયબીનો નઝારો કરાવવા ચાહું છું. જેથી જ્યારે એક ચર્ચના દરવાજા પર પહોંચ્યા તો ત્યાં એક કાફિર બેઠેલો હતો અને તેણે આપને જોતાં જ ખૂબ જ તાઝીમ સાથે દસ્તરખાન બિછાવ્યું અને ખાણુ મૂકીને અર્ઝ કરી કે આવો ! આપણે બંને ખાવા ખાઈએ. આપે ફર્માવ્યું કે ખુદાના વિરોધી સાથે બેસીને કેવી રીતે ખાવા ખાઈ શકીએ છીએ ?! આ સાંભળીને તે ઈમાન લઈ આવ્યો અને તેની સાથે અધિક ૬૯ માણસો મુસલમાન થઈ ગયા. અને એ જ રાતે આપે ખ્વાબમાં અલ્લાહ તઆલાને એ ફર્માવતાં જોયો કે હે અહમદ ! તેં અમારા માટે સાત શમ્અઓ રોશન કરી અને એના બદલામાં અમે તારા જ વસીલાથી

સિત્તેર દિલોને નૂરે ઈમાનથી રોશન કરી દીધા.

**આપના ઈર્શાદો** : આપ ફર્માવ્યા કરતા હતા કે મેં માણસોને જાનવરોની જેમ ચારો ખાતાં જોયા છે. આ સાંભળીને લોકોએ પૂછયું કે શું તમે એ માણસોમાં સામેલ ન હતા ? ફર્માવ્યું કે સામેલ તો હું પણ હતો પરંતું ફરક એ હતો કે તેઓ ખાતાં ખાતાં ખુશ થઈને ઉછળી કૂદી રહ્યા હતા અને હું ખાતાં ખાતાં રડી રહ્યો હતો. ફર્માવ્યું કે ફક્ત ત્રણ ચીજોથી હાંસલ થાય છે : એક સખાવત, બીજુ આજીજી (નમ્રતા) તવાઝોઅ, ત્રીજુ અદબ. પછી ફર્માવ્યું કે શાકી (શંકા કરનારા) લોકો સાબિર નથી થઈ શકતા, પરંતું બેચેન લોકોનો ઝાદેરાહ (ભાથુ) સબર છે. ફર્માવ્યું, મઅરેફતનો ભાવાર્થ એ છે કે ખુદાને દિલથી મહબૂબ રાખીને ઝબાનથી પણ યાદ કરતો રહે અને ખુદા સિવાય દરેક ચીજને ત્યજી દે. ફર્માવ્યું કે અખ્લાક઼વાળા ખુદાની નજીક મેહબૂબ હોય છે અને ખુદાની મહોબ્બતવાળા ખુદાની નજીક મેહબૂબ હોય છે અને ખુદાની મહોબ્બત એ છે કે સર્વ સબબો તથા માધ્યમોને વિદાય કહીને સાચા દિલથી ઝિક્રે ઈલાહીમાં મશગૂલ રહે. ફર્માવ્યું કે જ્યારે દિલ નૂરથી ભરપૂર થઈ જાય છે તો તેનું નૂર શરીરના અંગોએથી પણ જાહેર થવા લાગે છે. અને જો બાતિલથી લબરેઝ (છલોછલ) હોય છે તો તેનો અંધકાર પણ અંગોએથી જાહેર થાય છે. ફર્માવ્યું કે ખ્વાબે ગફલતથી ખરાબ કોઈ ખ્વાબ નથી અને શહવત (વાસના)થી વધુ મજબૂત બીજી કોઈ ચીજ નથી. પરંતું ગફલત વિના શેહવતનો ગલ્બો (પ્રભાવ) કદી નથી થઈ શકતો. ફર્માવ્યું કે જિંદગીમાં એવી મધ્યમ ચાલ હોવી જોઈએ જે દીન તથા દુનિયા બંનેથી મળતાપણુ ધરાવતી હોય. ફર્માવ્યું કે ખુદા સિવાય દરેક ચીજથી દૂરી સૌથી મહાન ઈબાદત છે.

કોઈએ આપની સમક્ષ જ્યારે આ આયત પઢી કે فَفِرُّوْٓا اِلَى اللّٰهِ ۭ اِنِّىْ لَكُمْ مِّنْهُ نَذِيْرٌ مُّبِيْنٌ (તો અલ્લાહની તરફ ભાગો ! બેશક ! હું તેની તરફથી સ્પષ્ટ ડર સંભળાવનારો છું. સૂ. ધારિયાત, ૫૧/૫૦) આપે ફર્માવ્યું કે આ આયત તો એની સામે ક઼િરાઅત કરો જે એનો ન બની ચૂક્યો હોય. પછી નસીહત કરી કે નફ્સને મારી નાખો કે તમને હયાત મળી જાય.

**કરામત** : મૃત્યુ પહેલાં આપ સિત્તેર હજાર દીનારના કરજદાર હતા. અને સર્વ કરજો કેવળ ખૈરાત તથા સદક઼ા કરવાના કારણે થયો હતો. જેથી આખરી સમયે જ્યારે કરજ માગનારાઓએ તકાઝો કર્યો તો આપે દુઆ કરી, યા અલ્લાહ ! હું તો એ વખતે તારી પાસે હાજર થઈ શકુ છું જ્યારે આમના કરજથી મુક્ત થઈ જાઉં. કેમ કે મારી હયાત તો એમની પાસે ગીરો છે. હજી એ દુઆ ખત્મ પણ ન થવા પામી હતી કે દરવાજા પરથી અવાજ આવ્યો કે સર્વ લોકો પોતાનું કરજ લઈ લે. અને જ્યારે જ્યારે સર્વને કરજ અપાય ગયું ત્યારે આપનો ઈન્તેક઼ાલ થઈ ગયો.

**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ નો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہ ની લખેલ ઉમદા તફસીર એટલે.....**

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** *(ગુજરાતી તર્જુમા સાથે)*

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ
હદિયો : **રૂા. ૫૦૦/–** (ટપાલ ખર્ચ રૂા.૧૦૦ અલગ)

**:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::**
**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,
તા. જિ. ભરૂચ, ગુજરાત,
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ

લેખક : સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા અમજદઅલી આઝમી رحمۃ اللہ علیہ

કાર્યાલય ✧✧✧✧✧✧✧✧ હપ્તો : ૧૭

"બહારે શરીઅત" (લેખક : હઝરત સદરુશ્શરીઅહ رحمۃ اللہ علیہ)ના કુલ ૨૦ ભાગ છે. ગુજરાતીમાં કેવળ ૧૦ ભાગો છપાયેલા છે જે અમારે ત્યાં મળે છે. **"ઈસ્લામી અખ્લાક઼ો આદાબ"** એ "બહારે શરીઅત"નો ૧૬મો ભાગ છે જે ખૂબ જ ઉમદા હદીષો તથા મસાઈલ ધરાવે છે. **મૌલાના મુહમ્મદ નઈમ અમજદી (બાકરોલ)** સાહબે એનો લગભગ ૧/૨ ભાગ ગુજરાતી કરીને આપેલ હતો જેને અત્યારે પ્રકાશિત કરવાનું નસીબ થયું છે. ઈન્શાઅલ્લાહ ! પૂરો ૧૬મો ભાગ અનુવાદ કરીને પ્રસિધ્ધ કરીશું જે ઈસ્લામી જિંદગી જીવવા ચાહનાર માટે દીવાદાંડી સમાન છે જે ઈન્સાનને બાઅખ્લાક઼ તથા સભ્ય ઈન્સાન બનાવવા મદદરૂપ થશે. *–તંત્રી*

**હદીષ–૧૬ :** બયહક઼ીએ હઝરત અલી رضی اللہ عنہથી રિવાયત કરી કે ફર્માવ્યું, એક જમાઅત ક્યાંકથી પસાર થઈ અને તેમાંથી એકે સલામ કરી દીધી તો એ પૂરતી છે. અને જે લોકો બેઠા છે તેમાંથી એકે જવાબ આપી દીધો તો એ પૂરતો છે. એટલે કે તમામ પર જવાબ આપવો જરૂરી નથી.

**હદીષ–૧૭ :** સહીહ બુખારી વ મુસ્લિમમાં અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, કે સવાર પગપાળા ચાલનારને સલામ કરે અને ચાલવાવાળો બેસેલાને સલામ કરે અને થોડાક માણસો વધારે લોકોને સલામ કરે એટલે એક બાજુ વધારે હોય અને બીજી બાજુ ઓછા હોય તો સલામ તે લોકો કરે જે ઓછા હોય. બુખારીની બીજી રિવાયતમાં તેમનાથી જ છે કે નાનો મોટાને સલામ કરે અને જનારો બેસેલાને સલામ કરે અને થોડા વધારાને.

**હદીષ–૧૮ :** સહીહ બુખારી વ મુસ્લિમમાં અનસ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم બાળકોની સામેથી પસાર થતા અને બાળકોને સલામ કરતા.

**હદીષ–૧૯ :** સહીહ મુસ્લિમમાં અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, યહૂદીઓ અને નસરાનીઓને પ્રથમ સલામ ન કરો અને જ્યારે તમે એનાથી રસ્તામાં મળો તો તેમને સાંકડા રસ્તાની તરફ તકલીફમાં નાખો.

**હદીષ–૨૦ :** સહીહ બુખારી વ મુસ્લિમમાં ઓસામા બિન ઝૈદ رضی اللہ عنہما મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એક મહેફિલથી પસાર થયા જેમાં મુસલમાન અને મુશ્રિકો (મૂર્તિપૂજા કરનાર) અને યહૂદી તમામ જ લોકો હતા. હુઝૂરે સલામ કરી, એટલે કે મુસલમાનોની નિય્યતથી.

**હદીષ–૨૧ :** સહીહ બુખારી વ મુસ્લિમમાં ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જ્યારે યહૂદી તમને સલામ કરે તો આવું કહે છે السلام علیک તો તમે એના જવાબમાં وعلیک કહો એટલે કે وعلیک السلام ન કહો. "સામ"નો અર્થ મૃત્યુ છે. એ લોકો ખરેખર સલામ નથી કરતા બલ્કે મુસલમાનો માટે જલ્દીથી મરી જવાની દુઆ કરે છે. તેવી જ રીતે અનસ رضی اللہ عنہથી મરવી છે કે અહલે કિતાબ સલામ કરે તો તેમના જવાબમાં વઅલયકુમ કહો.

**હદીષ-૨૨ :** સહીહ બુખારી વ મુસ્લિમમાં અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, રસ્તા પર બેસવાથી બચો. લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! અમને રસ્તા પર બેસ્યા વગર ચાલે તેવું નથી કે અમે ત્યાં અંદરો અંદર વાતચીત કરીએ છીએ. ફર્માવ્યું, જ્યારે તમે માનવા તૈયાર નથી અને બેસવા ચાહો છો તો રસ્તાનો હક અદા કરો. લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! રસ્તાનો હક શો છે ? ફર્માવ્યું, "નજર નીચી રાખો અને તકલીફને દૂર કરવી અને સલામનો જવાબ આપવો, સારી વાતનો હુકમ આપવો અને ખરાબ વાતોથી રોકવું. બીજી રિવાયતમાં છે, અને માર્ગ બતાવવો. એક રિવાયતમાં છે, ફરિયાદ કરવાવાળાની ફરિયાદ સાંભળવી અને ભૂલી ગયેલને હિદાયત કરવી.

**હદીષ-૨૩ :** શરહે સુનનમાં અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કે રસ્તા પર બેસવું ભલાઈ નથી પરંતું તેના માટે જે રસ્તો બતાવે અને સલામનો જવાબ આપે અને નજર નીચી રાખે અને બોજ લાદવામાં મદદ કરે.

**હદીષ-૨૪ :** તિર્મિઝી વ અબૂ દાઊદમાં ઈમરાન બિન હુસૈન رضی اللہ عنہથી રિવાયત છે કે એક શખ્સ રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં આવ્યો અને અસ્સલામુ અલયકુમ કહ્યું, હુઝૂરે તેનો જવાબ આપ્યો. તે બેસી ગયો. હૂઝૂરે ઈર્શાદ ફર્માવ્યું, તેના માટે દસ. એટલે દસ નેકીઓ છે. પછી બીજો શખ્સ આવ્યો અને તેણે અસ્સલામુ અલયકુમ વ રહમતુલ્લાહ કહ્યું, હુઝૂરે જવાબ આપ્યો તે બેસી ગયો. ઈર્શાદ ફર્માવ્યું, તેના માટે વીસ. પછી ત્રીજો શખ્સ આવ્યો અને اَلسَّلَامُ عَلَيْكُمْ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ કહ્યું, તેને જવાબ આપ્યો અને તે પણ બેસી ગયો. હુઝૂરે ફર્માવ્યું, તેના માટે ત્રીસ. અને મુઆઝ બિન અનસની રિવાયતમાં છે કે પછી એક શખ્સ આવ્યો તેણે કહ્યું, **અસ્સલામુ અલયકુમ વ રહમતુલ્લાહિ વ બરકાતુહુ વ મગફેરતુહૂ** હુઝૂરે ફર્માવ્યું, તેના માટે ચાલીસ. અને ફઝીલતો આ જ પ્રમાણે હોય છે એટલે કે જેટલું કામ વધારે થતું રહેશે સવાબ પણ વધતો રહેશે.

**હદીષ-૨૫ :** તિર્મિઝીમાં બ રિવાયત અમ્ર બિન શોએબ અન અબિયહ બિન જદ્દિહી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે શખ્સ અમારા વગર ગેરની સાથે તશબ્બોહ (મળતાપણુ) કરે તે અમારામાંથી નથી. યહૂદીઓ નસરાનીઓની સાથે તશબ્બોહ ન કરો. યહૂદીઓનો સલામ આંગળીઓના ઈશારાથી છે અને નસરાનીઓનો સલામ હથેળીઓના ઈશારાથી છે.

**હદીષ-૨૬ :** અબૂ દાઊદ વ તિર્મિઝીએ અબૂ જુરૈય્ય رضی اللہ عنہથી રિવાયત કરી. કહે છે, મેં હુઝૂર ﷺની ખિદમતમાં ઉપસ્થિત થઈને કહ્યું, અલયકસ્સલામ યા રસૂલલ્લાહ ! મેં બે વખત કહ્યું, હુઝૂરે ફર્માવ્યું, અલયકસ્સલામ ન કહો અલયકસ્સલામ મરેલાની દુઆ છે, السلام علیک કહેતા રહો.

## ફિક્હી મસાઈલ

સલામ કરવામાં એવી નિય્યત હોય કે તેની ઈજ્જત અને આબરૂ અને માલ તમામ તેની હિફાઝતમાં છે. આ વસ્તુઓનો વિરોધ કરવો હરામ છે. *(રદ્દુલ મુહતાર)*

**મસ્અલા-૧ :** કેવળ તેને જ સલામ ન કરે જેને ઓળખતા હોય બલ્કે દરેક મુસલમાનને સલામ કરે ચાહે ઓળખતા હોય કે ન ઓળખતા હોય, બલ્કે કેટલાક સહાબાએ કિરામ એ ઈરાદાથી બજારમાં જતા હતા કે ઘણા લોકોથી મુલાકાત થાય અને વધારે સલામ કરવાની તક મળે.

**મસ્અલા-૨ :** આમાં વિવાદ છે કે અફઝલ શું

છે ? સલામ કરવું કે જવાબ આપવો. કોઈએ કહ્યું, જવાબ આપવો અફઝલ છે કારણ કે સલામ કરવી સુન્નત છે અને જવાબ આપવો વાજિબ. કેટલાકે કહ્યું કે સલામ કરવું અફઝલ છે કે તેમાં આજીજી છે, જવાબ તો દરેક લોકો આપી દે છે. પરંતું સલામ કરવા કેટલીક વાર કેટલાક લોકો પોતાની શાન વિરૂધ્ધ સમજે છે !

**મસ્અલા-૩** : એક શખ્સને સલામ કરે તેના માટે પણ બહુવચનનો શબ્દ હોવો જોઈએ એટલે કે اَلسَّلَامُ عَلَيْكُمْ કહે અને જવાબ આપનારો પણ وَعَلَيْكُمُ السَّلَامِ કહે. એના બદલે عَلَيْكُمْ અલયક ન કહે. અને બે અથવા બે થી વધારેને સલામ કરે તો પણ عَلَيْكُمْ કહે અને બેહતર એ છે કે સલામમાં રહમતો બરકતોનો પણ ઝિક્ર કરે એટલે કે اَلسَّلَامُ عَلَيْكُمْ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ કહે અને જવાબ આપનારો પણ આ જ કહે بَرَكَاتُهٗ પણ સલામનો અંત હોય છે, તેના પછી વધારે શબ્દો ઉમેરવાની જરૂરત નથી. *(આલમગીરી)*

**મસ્અલા-૪** : જવાબમાં "વાવ"નું હોવું એટલે કે وَعَلَيْكُمُ السَّلَامِ કહેવું બેહતર છે, અને કેવળ عَلَيْكُمُ السَّلَامِ વાવ વગર કહ્યું એ પણ થઈ શકે છે. અને જો જવાબમાં તેણે પણ એ જ اَلسَّلَامُ عَلَيْكُمْ કહ્યું તો એનાથી પણ જવાબ થઈ જશે. *(આલમગીરી)*

**મસ્અલા-૫** : જો કે سَلَامٌ عَلَيْكُمْ સલામ છે પરંતું આ શબ્દ શીઆઓમાં એ રીતે વપરાય છે કે આને કહેવાથી સાંભળનારનું ધ્યાન તરત જ તેની તરફ જતું રહે છે કે આ શખ્સ શીઆ છે, જેથી એનાથી (એ સલામથી) બચવું જરૂરી છે.

**મસ્અલા-૬** : સલામનો જવાબ આપવો તરત જ વાજિબ છે, વગર મજબૂરીએ મોડુ કર્યું તો ગુનેહગાર થશે, અને આ ગુનોહ જવાબ આપવાથી દૂર નહીં થાય બલ્કે તૌબા કરવી પડશે.

*(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

**મસ્અલા-૭** : જે લોકોને તેણે સલામ કરી અને તેમાંથી કોઈએ પણ જવાબ ન આપ્યો બલ્કે કોઈ બીજા માણસે જે મહેફિલની બહાર હતો જવાબ આપ્યો તો આ જવાબ મહેફિલવાળા તરફથી ન થયો, એટલે કે તે લોકો જિમ્મેદાર રહ્યા. *(રદ્દુલ મુહતાર)*

**મસ્અલા-૮** : એક ટોળી બીજી ટોળી પાસે આવી અને કોઈએ પણ સલામ ન કરી તો સૌએ સુન્નતને ત્યજી દીધી તો તમામ પર આક્ષેપ છે, અને તેમાંથી એ કે સલામ કરી લીધી તો બધાનો છૂટકારો થઈ ગયો, અને અફઝલ એ છે કે તમામ લોકો સલામ કરે. આ જ રીતે તેમાંથી કોઈએ પણ જવાબ ન આપ્યો તો તમામ લોકો ગુનેહગાર થશે અને એકે જવાબ આપી દીધો તો તમામે છૂટકારો હાંસલ કરી લીધો, અને અફઝલ એ છે કે તમામ લોકો જવાબ આપે.

*(આલમગીરી)*

**મસ્અલા-૯** : એક શખ્સ મહેફિલમાં આવ્યો અને તેણે સલામ કરી તો મહેફિલવાળાઓ પર જવાબ આપવો વાજિબ છે. અને બીજીવાર ફરી સલામ કરી તો જવાબ આપવો વાજિબ નથી. મહેફિલમાં આવીને કોઈએ السلام علیک કહ્યું એટલે કે વાહિદ (એકવચન)નો સેગો બોલ્યો અને કોઈ એક શખ્સે જવાબ આપ્યો તો જવાબ થઈ ગયો ખાસ તેણે જવાબ આપવો વાજિબ નથી જેની તરફ તેણે ઈશારો કર્યો છે. હા ! જો તેણે કોઈ શખ્સનું નામ લઈને સલામ કરી કે ફલાં સાહબ السلام علیک તો ખાસ તે જ શખ્સે જવાબ આપવાનો રહેશે, બીજાનો જવાબ તેના જવાબની જગ્યા નહીં લઈ શકે.

*(ખાનિયા, આલમગીરી)*

**મસ્અલા–૧૦** : મજલિસવાળાઓ પર સલામ કરી તેમાંથી કોઈ નાબાલિગ આકિલે જવાબ આપી દીધો તો જવાબ પૂરતો છે અને ઘરડાએ જવાબ આપ્યો તો એ જવાબ પણ થઈ ગયો. યુવાન સ્ત્રી અથવા પાગલ કે નાસમજ બાળકે જવાબ આપ્યો એ અપૂરતો છે.

**મસ્અલા–૧૧** : સાઈલે દરવાજા પર આવીને સલામ કરી તો તેનો જવાબ આપવો વાજિબ નથી. કચેરીમાં કાઝી જ્યારે મહેફિલ કરી રહ્યો તેને સલામ કરવામાં આવી તો કાઝી પર જવાબ આપવો વાજિબ નથી. **લોકો ખાવાનું ખાય રહ્યા હોય તે સમયે કોઈ આવ્યો તો સલામ ન કરે.** હા ! જો એ ભૂખ્યો છે અને જાણે છે કે તેને ખાવામાં બોલાવી લેશે તો સલામ કરી લે. *(ખાનિયા, બઝ્ઝાઝિયા)*

આ તે સમયે છે કે ખાવાવાળાના મોઢામાં લુકમો છે અને તે ચાવી રહ્યો છે કે તે સમયે જવાબ આપવાથી આજિઝ છે. અને હજુ ખાવા માટે બેઠો છે અથવા ખાય ચૂકયો છે તો સલામ કરી શકે છે કે હવે તે આજિઝ નથી. *(રદ્દુલ મુહતાર)*

**મસ્અલા–૧૨** : એક શખ્સ શહેરમાંથી આવી રહ્યો છે અને બીજો ગામડામાંથી તો બંનેવમાંથી કોણ સલામ કરે ? કેટલાકે કહ્યું, શહેરવાળો ગામડાવાળાને સલામ કરે, અને અમુક ઓલમા ફર્માવે છે કે ગામડાવાળો શહેરવાળાને સલામ કરે. એક શખ્સ બેઠો છે, બીજો ત્યાંથી પસાર થયો તો પસાર થનાર બેઠેલાને સલામ કરે અને નાનો મોટાને સલામ કરે અને સવારીવાળો પગપાળાવાળાને સલામ કરે અને થોડા વધારાને સલામ કરે. એક શખ્સ પાછળથી આવ્યો તો આગળવાળાને સલામ કરે.

*(બઝ્ઝાઝિયા, આલમગીરી)*

**મસ્અલા–૧૩** : સ્ત્રી અને પુરુષની મુલાકાત થાય તો પુરુષ સ્ત્રીને સલામ કરે અને અજનબી સ્ત્રીએ પુરુષને સલામ કરી અને તે વૃધ્ધ હોય તો જવાબ એ રીતે આપે કે તે સાંભળે અને યુવાન હોય તો એ રીતે જવાબ આપે કે તે ન સાંભળે. *(ખાનિયા)*

**મસ્અલા–૧૪** : જ્યારે પોતાનાં ઘરોમાં જાવ તો ઘરવાળાઓને સલામ કરો, બાળકો પાસેથી જાવ તો બાળકોને સલામ કરો. *(આલમગીરી)*

**મસ્અલા–૧૫** : કાફિરોને સલામ ન કરો અને તે સલામ કરે તો જવાબ આપી શકે છે પરંતું જવાબમાં કેવળ અલયકુમ કહે. અને એવી જગ્યાએ પસાર થવાનું થયું જ્યાં મુસ્લિમ અને કાફિર બંનેવ હોય તો અસ્સલામુ અલયકુમ કહે અને મુસલમાન પર સલામનો ઈરાદો કરે અને એવું પણ થઈ શકે છે કે اَلسَّلَامُ عَلٰى مَنِ اتَّبَعَ الْهُدٰى કહે. *(આલમગીરી)*

**મસ્અલા–૧૬** : કાફિરને જરૂરત માટે સલામ કરે, દા.ત. સલામ ન કરવામાં તેનાથી અંદેશો છે તો વાંધો નથી અને તાઝીમના ઈરાદાથી કદાપિ કદાપિ સલામ ન કરે કે **કાફિરની તાઝીમ કુફ્ર** છે. *(દુર્રેમુખ્તાર)*

**મસ્અલા–૧૭** : સલામ એટલા માટે છે કે મુલાકાત કરવા માટે જે શખ્સ આવે તે સલામ કરે કે આવનાર અને મુલાકાત કરવાવાળાની દુઆ છે. માટે જે શખ્સ મસ્જિદમાં આવે અને મસ્જિદમાં હાજર રહેલા કુર્આનની તિલાવત વ તસ્બીહ વ દુરૂદમાં મશ્ગૂલ છે અથવા નમાઝના ઈંતેઝારમાં બેઠા છે તો સલામ ન કરે કે આ સલામનો સમય નથી. આના લીધે ફકીહો ફર્માવે છે કે તેમને ઈખ્તિયાર છે કે જવાબ આપે અથવા ન આપે. હા ! જો કોઈ શખ્સ મસ્જિદમાં એટલા માટે બેઠો છે કે લોકો તેની પાસે મુલાકાત માટે આવે તો આવવાવાળા સલામ કરે.

*(આલમગીરી)*

**મસ્અલા–૧૮** : કોઈ શખ્સ તિલાવતમાં મગ્ન છે અથવા પઢવા પઢાવવામાં અથવા ઈલ્મી વાતોમાં

અથવા સબકની તકરારમાં છે તો તેને સલામ ન કરે. એ જ રીતે અઝાન તથા ઈકામત અથવા જુમ્આનો ખુત્બો તથા ઈદૈનના સમયે સલામ ન કરે. તમામ લોકો ઈલ્મી વાતો કરી રહ્યા છે અથવા એક શખ્સ બોલી રહ્યો છે બાકીના સાંભળી રહ્યા છે તો બંનેવ હાલતમાં સલામ ન કરે. દા.ત. આલિમ બયાન કરી રહ્યો હોય અથવા દીની મસ્અલા પર તક્રીર કરી રહ્યો છે અને ઉપસ્થિત લોકો તેને સાંભળે છે તો આવવાવાળો શખ્સ આવીને ચૂપકેથી બેસી જાય સલામ ન કરે. *(આલમગીરી)*

**મસ્અલા-૧૯** : આલિમે દીન દીનની તાલીમમાં મગ્ન છે, તાલિબે ઈલ્મ આવ્યો તો સલામ ન કરે અને સલામ કરી તો તેના પર જવાબ વાજિબ નથી. *(આલમગીરી)* અને એવું પણ થઈ શકે છે કે ભલે તે પઢાવી ન રહ્યો હોય સલામનો જવાબ આપવો વાજિબ નથી, કારણ કે આ તેની મુલાકાતે નથી આવ્યો કે તેના માટે સલામ કરવી સુન્નત હોય બલ્કે પઢવા માટે આવ્યો છે, જેવી રીતે કાઝીની પાસે જે લોકો મહેફિલમાં જાય છે તે મળવા માટે નથી જતા બલ્કે પોતાના મુકદ્દમા (કેસ) માટે જાય છે.

**મસ્અલા-૨૦** : જે શખ્સ ઝિક્રમાં મશ્ગૂલ હોય તેની પાસે કોઈ શખ્સ આવે તો સલામ ન કરે અને કરે તો ઝિક્ર કરવાવાળા પર જવાબ વાજિબ નથી. *(આલમગીરી)*

**મસ્અલા-૨૧** : જે શખ્સ પેશાબ અથવા પાખાના કરી રહ્યો છે અથવા કબૂતર ઊડાવી રહ્યો છે અથવા ગાય રહ્યો છે અથવા ગુસલખાના કે બાથરૂમમાં નગ્ન નાહી રહ્યો હોય છે તેને સલામ કરવામાં ન આવે અને તેના પર જવાબ આપવો વાજિબ નથી *(આલમગીરી)* પેશાબ પછી ઢેલુ લઈને ઈસ્તિન્જા સૂકવવા માટે ટહેલતા રહે છે, આ પણ તે હુકમમાં છે કે પેશાબ કરી રહ્યો છે.

**મસ્અલા-૨૨** : જે શખ્સ ખુલ્લમ ખુલ્લા ફિસ્ક (ગુનોહ) કરે છે તેને સલામ ન કરે. કોઈના પડોસમાં ફાસિકો રહે છે પરંતુ તેનાથી કડકાઈ કરે છે તો એ તેને વધારે પરેશાન કરશે અને નરમી કરે છે તેનાથી સલામ કલામ કરતો રહે છે તો તકલીફ પહોંચાડશે નહીં, તો એની સાથે જાહેરી રીતે મેલજોલ રાખવામાં એ મઅઝૂર છે. *(આલમગીરી)*

**મસ્અલા-૨૩** : જે લોકો શતરંજ રમી રહ્યા હોય તેમને સલામ કરવામાં આવે કે ન કરવામાં આવે ? જે ઉલમા સલામ કરવાનું જાઈઝ ફર્માવે છે તે કહે છે કે સલામ એ હેતુથી કરે કે એટલા સમય સુધી કે જવાબ આપે રમવાથી બચેલો રહેશે, આ સલામ તેમને ગુનાહથી બચાવવા માટે છે ભલે તેટલા સમય સુધી. જે ફર્માવે છે કે સલામ કરવું નાજાઈઝ છે, તેમનો હેતુ ચેતવણી તથા ધમકી છે કે એમાં તેમની બેઈજ્જતી છે. *(આલમગીરી)*

**મસ્અલા-૨૪** : કોઈએ કહ્યું, ફલાણાને મારા સલામ કહી દેજો. તેના ઉપર સલામ પહોંચાડવી વાજિબ છે અને જ્યારે તેણે સલામ પહોંચાડી તો જવાબ આપે કે પહેલાં આ પહોંચાડવાવાળાને તેના પછી એને જેણે સલામ મોકલી એટલે કે કહે "વ અલયક વ અલયહિસ્સલામ." *(આલમગીરી)*

## ★ ઈન્તેકાલ પુરમલાલ ★

નબીરએ સદરુશ્શરીઅહ, શહઝાદાએ મુહદ્દિષે કબીર, હઝરત મૌલાના મુફ્તી મુહમ્મદ અતાઉલ મુસ્તફા આ'ઝમી સાહબ તાઈફમાં રોડ અકસ્માતમાં તા. ૧૫-૪-૨૦૨૪ સોમવારના રોજ વિસાલ કરી ગયા. اِنَّا لِلّٰہِ وَاِنَّا اِلَیْہِ رٰجِعُوْنَ

અલ્લાહ કરીમ તેના હબીબ ﷺ ના સદકે હઝરતની મગફિરત તથા દરજાઓની બુલંદી ફર્માવે, તેમના કુટુંબીજનો, ચાહકો, મુરીદોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) તંત્રી...

મસ્અલા-૬

# શફાઅત કિતાબ તથા સુન્નતની-રોશનીમાં

અઝ : મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી
*(સદર : દારુલ ઈફતા જામિઆ અશરફિયા-મુબારકપુર)*
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

## શફાઅતના પ્રકાર

શફાઅતનો દરવાજો અલ્લાહ عزّوجلّ ની ઈજાઝતથી ખુલશે અને અંબિયા તથા ફરિશ્તા અને મો'મિનો અલ્લાહના હુકમથી જ શફાઅત કરશે. રબની અનુમતિ (ઈઝ્ન) વગર ન ફતહે બાબે શફાઅત થશે અને ન તો કોઈ કોઈની શફાઅત કરશે. કુર્આને હકીમમાં વિવિધ જગાએ એનું વર્ણન છે★ એટલા માટે આ શફાઅત "શફાઅત બિલ્ઈઝ્ન" કહેવાય છે.

અને શફાઅતનો સબબ બારગાહે ઈલાહીમાં શફીઅ (શફાઅત કરનાર)ની ઈજ્જત તથા વજાહત (પ્રતિષ્ઠા) છે અથવા શફીઅની મહબૂબિયત છે. શફાઅતનો સબબ વજાહત હોય તો તે "શફાઅત બિલ્ વજાહત"થી અને મહબૂબિયત હોય તો તેને "શફાઅત બિલ મહ્બ્બત"થી સંબોધવામાં આવે છે. આ પ્રમાણે "શફાઅત બિલ ઈઝ્ન" (રબના હુકમથી શફાઅત)ના પાયાની રીતે બે પ્રકાર છે : (૧) શફાઅત બિલ્ વજાહત (૨) શફાઅત બિલ્ **મહબ્બત.**

વળી એ શફાઅતના પણ કેટલાય પ્રકાર છે જે ઉમ્મતના ઉલમાએ પોતાની કિતાબોમાં વિગતવાર વર્ણવેલ છે :

**૦૧.** શફાઅતે કુબરા, હિસાબ કિતાબ માટે.

**૦૨.** શફાઅતે સુઅદા, વિના હિસાબે જન્નતમાં પ્રવેશ માટે.

**૦૩.** શફાઅતે ઉસાત, જહન્નમથી હિફાઝતના માટે.

**૦૪.** શફાઅતે અહલે નાર, જહન્નમથી કાઢવા માટે.

**૦૫.** દરજાની પ્રગતિ માટે શફાઅત, ઊંચા દરજાની જન્નત પર બિરાજમાન કરવા માટે.

*(જુઓ મિન્હાજે શરહે મુસ્લિમ)*

શફાઅતે કુબરાની એ હદીષો આપની નજર સમક્ષ છે કે મહશરવાસીઓ વારફારતી પાંચ અંબિયાએ કિરામ علیہم السلام ની બાગારહમાં હાજરી આપશે અને અર્ઝ કરશે કે બારગાહે ઈલાહીમાં આપને એ ઈજ્જત તથા મક઼ામ હાંસલ છે, આપ અમારા માટે શફાઅત ફર્માવશો, પણ એ હઝરાત એની હિંમત કરશે નહીં. અને છેવટે જ્યારે તેઓ સૈયદુલ મુરસલીન ખાતમુન્નબીય્યીન ﷺની બારગાહમાં હાલ રજૂ કરશે તો સરકાર ﷺ ફર્માવશે انا لہا (અના લહા) આ શફાઅતનો હોદ્દો મારા માટે છે.

*કહેંગે ઔર નબી ઈઝહબૂ ઈલા ગૈરી*
*મેરે હુઝૂર કે લબ પર અના લહા હોગા*

★ *દા.ત. આ આયતો : (અર્થ) : "એ કોણ છે જે એની બારગાહમાં તેની અનુમતિ (ઈઝ્ન) વગર શફાઅત કરે?!" (સૂરએ બક઼રહ, ૨/૨૫૫) ★ "કોઈ સિફારિશી નથી પણ તેની ઈજાઝત પછી." (સૂરએ યૂનુસ, ૧૦/૩) ★ "તે દિવસે કોઈની શફાઅત કામ ન આપશે, પણ તેની જેને રહમાને (શફાઅત કરવાની) અનુમતિ આપી દીધી છે." (સૂરએ તાહા, ૨૦/૧૦૯) ★ "અને તેની પાસે શફાઅત કામ નથી આપતી પણ જેના માટે તે અનુમતિ (ઈઝ્ન) આપે. (સૂરએ સબા, ૩૪/૨૩) ★ "સિફારિશ કાંઈ કામ નહીં આપે પણ જ્યારે કે અલ્લાહ ઈજાઝત આપી દે જેના માટે ચાહે." (સૂરએ નજ્મ, ૫૩/૨૬)*

*આ આયતોથી સ્પષ્ટપણે એ સાબિત થાય છે કે બારગાહે ઈલાહીમાં શફાઅત તેના ઈઝ્ન (અનુમતિ) પછી જ થશે, અને તે આ શફાઅતનું ઈઝ્ન કેવળ પોતાના મહબૂબો તથા નિકટવર્તીઓને આપશે અને તે પણ જેના માટે તે ચાહે, એટલે મો'મિનોના માટે. સારાંશ આ મુબારક આયતોથી સાબિત થાય છે કે શફાઅત અલ્લાહના હુકમ (ઈઝ્ન) વગર ન થશે. તો પાયાની શફાઅત આ જ "શફાઅત બિલ ઈઝ્ન" છે અને તેનો સબબ બારગાહે ઈલાહીમાં શફીઅ (શફાઅત કરનાર)નો માન મર્તબો તથા મોભો તથા મહબૂબિયત છે.*

સરકાર ﷺને આ શફાઅતનો ઈઝ્ન (અનુમતિ) બારગાહે ઈલાહીમાં આપનો મર્તબો તથા મહબૂબિયતના કારણે મળશે. પછી જ્યારે સરકાર શફાઅત કરશે તો આપની પ્રતિષ્ઠા તથા મહબૂબિયતના ઈઝહાર (પ્રદર્શન) માટે ખુદા પાક કેવળ કરમની રાહે તેને ક઼બૂલ ફર્માવશે★ આ રીતે શફાઅતે કુબરાની હદીષો એ "શફાઅત બિલ ઈઝ્ન"નું પણ દષ્ટાંત છે અને "શફાઅત બિલ્વજાહત" તથા "શફાઅત બિલ મહબ્બત"નું પણ ઉદાહરણ છે. એ અલગ વાત છે કે એ બંને "શફાઅત બિલ્ ઈઝ્ન"ના પ્રકારોમાંથી છે.

### ★ શફાઅતના પ્રકારોની સ્પષ્ટતામાં દલીલો કિતાબ તથા સુન્નતની રોશનીમાં ★

"શફાઅત બિલ ઈઝ્ન"ની આ વહેંચણી દિમાગમાં રાખીને હવે દરેકની સહીહ સ્પષ્ટતા જુઓ.

મુહક્કિ઼કે જલીલ અલ્લામા ફઝ્લે હક઼્ક઼ ખૈરાબાદી رَحْمَةُ اللهِ عَلَيْهِ લખે છે :–

એક શખ્સ બીજાની સામે કોઈ સિફારિશ (ભલામણ) કરે છે તો એટલા માટે મક઼બૂલ તથા મંઝૂર થાય છે કે પહેલા શખ્સને બીજાની સામે ઈજ્જત તથા શરાફત (મર્તબો) હાંસલ છે. ઈજ્જત તથા શરાફતનાં કેટલાંક કારણો હોય છે :–

**વજાહત (પ્રતિષ્ઠા, મોભો)** : જેની પાસે સિફારિશ કરવામાં આવી છે તેણે સિફારિશ કરનારાને પોતાની બારગાહમાં કુર્બ (નઝદીકી) અતા કરી છે અને પોતાના મુતઅલ્લિક઼ીન (સંબંધ ધરાવનારાઓ)માં તેને ઈજ્જત તથા વિશિષ્ટતા (વિશિષ્ટ સ્થાન) બખ્શ્યું છે. આ ઈજ્જતોમાંથી એક એ છે કે અન્ય તેના હેઠળની વ્યક્તિઓના મર્તબાઓની ઉચ્ચતા તથા ગુનેહગારોની માફીના માટે તેને વાત કરવાની ઈજાઝત છે, તેની અરજ ક઼બૂલ કરવામાં આવે છે અને તેની સિફારિશ માનવામાં આવે છે. જો એ મોભાદાર વ્યક્તિની અરજ તથા સિફારિશ ન માનવામાં આવે તો તેના રંજમય થવાથી તે શખ્સને (જેની બારગાહમાં સિફારિશ કરવામાં આવી છે) કોઈ રંજ કે નુકસાન નહીં પહોંચે. પરંતુ તેની અરજને ન માનવું અને તેની વાતને મહત્વ ન આપવું એ ઈજ્જત આપવું અને બંદાનવાઝીની વિરુદ્ધ

★ *એની ઉમદા સ્પષ્ટતા આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત رَحْمَةُ اللهِ عَلَيْهِ એ આ શબ્દોમાં કરી છે : મુસલમાન એ જ રીતે ઈમાનની નજરે જુએ અને હક઼્ક઼ عَزَّوَجَلَّ ની આ મહાન હિકમત ખયાલ કરે કે કેવી રીતે મેહશરવાળાઓનાં દિલોમાં ક્રમસર અંબિયાએ એઝામ عَلَيْهِمُ السَّلَام ની ખિદમતમાં જવાનુ ઈલ્હામ કરશે અને એકદમ બારગાહે અક઼દસ સૈયદે આલમ ﷺ માં હાજર ન લાવશે કે હુઝૂર તો યક઼ીનન ! શફીએ મુશફ્ફઅ છે. શરૂઆતમાં અહીં આવત તો શફાઅત પામતા.*

★ *પણ અવ્વલીન તથા આખરીન, મુવાફિક઼ીન તથા મુખાલિફીન, ખલ્કુલ્લાહ અજમઈન પર કેવી રીતે ખુલતુ (જાહેર થતુ) કે આ ક઼દર તથા શાનવાળો મન્સબ (હોદ્દો) એ જ સૈયદે અકરમ મૌલાએ આ'ઝમ ﷺ નો ખાસ હિસ્સો છે જેમનો દામને રફીઅ, જલીલ તથા મુનીઅ તમામ અંબિયા વ મુરસલીનના દસ્તે હિંમત કરતાં બુલંદોબાલા છે.*

★ *વળી વિચારો કે દુનિયામાં લાખો કરોડો કાન આ હદીષથી બાખબર અને અસંખ્ય બંદાઓ આ હાલના માહિતગાર છે, ક઼યામતના મેદાનમાં સહાબા તથા તાબઈન તથા ઈમામો મુહદ્દિષો તથા અવલિયાએ કામિલીન તથા ઉલમાએ આમિલીન સૌ મૌજૂદ હશે, તો પછી કેમ કરીને આ જાણેલી પહેચાનેલી વાત દિલોથી એવી ભૂલાવી દેવામાં આવશે કે આટલી અતિ અધિક જમાઅતોમાં એ લાંબી મુદ્દતો સુધી કોઈને મુદ્દલે યાદ નહીં આવે.*

★ *પછી વારાફરતી અંબિયા હઝરાતથી જવાબ સાંભળવામાં આવશે, ત્યારે પણ તદ્દન ધ્યાન નહીં આવે કે આ તે જ બનાવ છે જે સાચા મુખ્બિર ﷺ એ પહેલા જ બતાવી આપ્યો છે !*

★ *વળી હઝરાતે અંબિયા عَلَيْهِمُ السَّلَام ને જુઓ, તેઓ પણ એક પછી એકની પાસે મોકલતા રહેશે, એવું કોઈ નહીં કહે કે શા માટે બેકાર તબાહ થઈ રહ્યા છો ? તમારો મકસદ આ પ્યારા મહબૂબ ﷺ પાસે હલ થશે.*

*આ સર્વ ગતિવિધિઓ એ જ મહબૂબે બાશૌકતના અઝમતના પ્રદર્શન તથા પ્રતિષ્ઠા (મર્તબા, ઈજ્જત)ના પ્રચારના માટે છે. (રિસાલા : તજ્જલ્લિયતુલ યક઼ીન, પેજ : ૧૨૩ થી ૧૨૫, અહાદીષુશ્શફાઅત, રઝવી દારુલ ઈશાઅત, બ્રાઉન શરીફ, બસ્તી)*

છે જે એ શખ્સને આપવામાં આવેલ છે. આ "શફાઅતે વજાહત" છે.

એમાં એ શર્ત નથી કે જેની પાસે સિફારિશ કરવામાં આવી છે તેને શફાઅત કરવાવાળાની નાખુશીથી ખતરો હોય અને સિફારિશ ન સ્વીકારવાની સ્થિતિમાં નુકસાનનો ભય હોય, કેમ કે "શફાઅત"નો અર્થ સિફારિશ અને "વજાહત"નો અર્થ લેહાઝ તથા ઈજ્જત છે. કોઈ શબ્દથી ડર કે ફિકર નથી સમજવામાં આવતું.

એ જ અર્થમાં દરેક શખ્સ જાણે છે કે શફાઅત અને સીનાઝોરી (જબરદસ્તી) અલગ અલગ છે. સિફારિશમાં સીનાઝોરી નથી હોતી. જો કોઈ શખ્સ કોઈની વાત નુકસાનના ડરથી માને છે તો એ નથી કહી શકાતુ કે તેણે સિફારિશ માની લીધી. એ સિફારિશને માનવું નથી બલ્કે પોતાના નુકસાન તથા અહિતના ડરથી માને છે તો એવું નથી કહી શકાતુ કે તેણે સિફારિશ માની લીધી. આ સિફારિશને માનવું નથી બલ્કે એક નુકસાન તથા અહિતને દૂર કરવું છે. એને ઈતાઅત (આજ્ઞાપાલન) કહી શકાય છે, કેમ કે નાફર્માની (અવજ્ઞા)ની સ્થિતિમાં નુકસાનનો ડર હોય છે.

સિફારિશ કૃબૂલ કરવામાં કોઈ ડર સામેલ નથી હોતો. દા.ત. એક સત્તાધારી બાદશાહ પોતાના સાથીઓમાંથી કોઈને એટલો મક઼ામ તથા મર્તબો અતા કરે છે કે તેને હાજતમંદોની હાજતો પેશ કરવા અને મુજરિમો માટે માફી ચાહવાની ઈજાઝત છે. તેને બીજાઓ કરતાં આ વિશિષ્ટતા હાંસલ છે. તે શખ્સ બાદશાહથી કોઈ એવા ગુનાહને બખ્શવાની દરખાસ્ત કરે છે જેને માફ કરી આપવું બાદશાહ માટે અઘરુ નથી. બાદશાહ તેની પ્રતિષ્ઠા તથા મર્તબાનો લેહાઝ કરીને તે ગુનોહ માફ કરી આપે છે અને મુકર્રબ (નઝદીકી પામેલા સાથી)ની સિફારિશ કૃબૂલ કરીને તેની ઈજ્જતમાં વધારો કરે છે. તે એવું નથી કહી શકાતુ કે બાદશાહે પોતાની સલ્તનતના કારખાનામાં ખલેલ પડવાના ડરથી સિફારિશ કૃબૂલ કરી છે, બલ્કે સહીહ વાત એ છે કે બાદશાહે પોતાના સૌથી નિકટવર્તી ખાદિમના મર્તબાને લક્ષમાં રાખીને અને તેની દિલદારીના માટે તેની સિફારિશ કૃબૂલ કરી છે અને મુજરિમોના ગુનાહ માફ કરી આપ્યા છે.

હા ! જો કોઈ શખ્સ નામ માત્રનો બાદશાહ હોય, રાજ્ય સત્તાની વ્યવસ્થા તથા સલ્તનતના કાનૂનોને લાગુ કરવાની ક્ષમતા ન ધરાવતો હોય, અન્ય લોકો સલ્તનતના સર્વ વિભાગો પર સવાર હોય, અને દેશની વ્યવસ્થા તથા શાસનના બંદોબસ્ત પર સંપૂર્ણ અખત્યાર ધરાવતા હોય. એ સત્તાધારી સાહબોમાંથી કોઈ શખ્સ નામ માત્રના બાદશાહથી કોઈ મુજરિમની માફીની માગણી કરે છે અને બાદશાહ એ ડરથી કે જો એના કહ્યા પર અમલ ન કર્યો તો તેનાથી નુકસાન પહોંચશે, એટલે કે જાહેરી સત્તા પણ જતી રહેશે, જેથી તેના કહેવા પર અમલ કરે છે અને મુજરિમનો ગુનોહ માફ કરી દે છે, તો નથી કહી શકાતુ કે બાદશાહે તેની શફાઅત કૃબૂલ કરી લીધી છે, બલ્કે બાદશાહ હકીકતમાં એ લોકોના તાબામાં છે અને તેમનો પાબંદ છે અને તેમની વાત માનવા માટે મજબૂર છે. એને આજ્ઞાપાલન તથા ફર્માંબરદારી તો કહી શકાય છે પણ શફાઅતનો સ્વીકાર નથી કહી શકતા.

આ ચર્ચાથી સ્પષ્ટ થઈ ગયું કે વજાહત તથા ઈજ્જત ડર તથા અંદેશા વગર શફાઅતની કબૂલિયતનો સબબ બની શકે છે.

અલ્લાહ તઆલા હઝરત ઈસા عَلَيْهِ السَّلَام ની શાનમાં ફર્માવે છે :–

وَجِيْهًا فِي الدُّنْيَا وَالْاٰخِرَةِ وَمِنَ الْمُقَرَّبِيْنَ "દુનિયા તથા આખેરતમાં વજાહત (ઈજ્જત)વાળા અને નિકટવર્તી (મુકૃરિબીન)માંથી છે." *(સૂરએ આલે ઈમરાન, ૩/૪૫)*

મુફસ્સિરો આખેરતની વજાહત (ઈજ્જત તથા મર્તબા)ને શફાઅત અવલંબિત દર્શાવે છે. અલ્લામા બયઝાવી આ આયતની તફસીરમાં ફર્માવે છે : "એટલે વજાહત (ઈજ્જત) દુનિયામાં નબુવ્વત છે અને આખેરતમાં શફાઅત." *(અન્વારુત્તન્ઝીલ વ અસ્રારુત્તાવીલ અલ મઅરૂફ બિતફસીરિલ બયઝાવી, ૨/૧૭, દારુલ અહયાઉત્તરાસુલ અરબી, બૈરૂત)* .....*(ક્રમશઃ)*

ઈસ્લામના
મુજદ્દિદો વિશે વર્ણન

બીજી સદીના મુજદ્દિદ ૩

# ઈમામે જરહો તઅદીલ યહ્યા ઈબ્ને મુઈન رَحْمَةُ اللهِ عَلَيْه

*(હિ.સ. ૧૮૫ થી ૨૩૭)*

*(કાર્યાલય)*

**નામ મુબારક** : યહ્યા. કુન્નિયત અબૂ ઝકરિય્યા, લક્બ : ઈમામે જરહો તઅદીલ.

**વંશાવેલો** : યહ્યા ઈબ્ને મુઈન ઈબ્ને ઔન ઈબ્ને ઝિયાદ ઈબ્ને બુસ્તામ ઈબ્ને અબ્દુર્રહમાન બગદાદી.

**જન્મ મુબારક** : હિ.સ. ૧૮૫ નકયાયી સ્થળે અંબાર ઈલાકામાં થયો, જે બગદાદથી લગભગ ૩૬ માઈલના અંતરે આવેલ છે.

**ખાનદાની હાલત** : આપના પિતા મુઈન નકયાયી સ્થળે રહેતા હતા. પ્રાથમિક તાલીમ પછી ઈલ્મે હદીષ તરફ ધ્યાનિત થયા. હઝરત ખતીબ બગદાદી લખે છે : પોતાના પિતા મુઈન ઈબ્ને ઔનના ઈન્તેકાલ પછી વારસામાં દસ લાખ પચાસ હજાર દિરહમ પામ્યા. આપે તે સર્વ રકમ ઈલ્મે હદીષની ખિદમતમાં ખર્ચી નાખી. **લગભગ છ લાખ હદીષો પોતાની કલમની અણીએથી લખી.** ત્યાં સુધી નોબત પહોંચી ગઈ કે પગોમાં જોડા પણ ન રહ્યા. *(તારીખે બગદાદ, ૧૪/૧૮૨, મત્બઅ દારૂલ કુતુબિલ ઈલ્મિયા, બૈરૂત, લબનાન)*

ઈલ્મ પ્રાપ્તિ માટે પોતાના સમયના જલીલુલ કદ્ર મશાઈખ મુહદ્દિષોની બારગાહોમાં શાગિર્દી અપનાવી અને ઈલ્મ પ્રાપ્તિ કરીને પોતાનો દામન ભરપુર ઈલ્મી ઝવેરાતથી ભરી લીધો. ખાસ કરીને અસ્માઉર્રિજાલના ફન (વિદ્યાકલા)માં એટલી પહોંચ તથા કમાલ હાંસલ કરી લીધો કે એ ફનના ઈમામ બની ગયા. જે અકાબિર (અગ્રગણ્ય ઉલમા)થી ઈલ્મ હાંસલ કર્યો એમાંથી અમુકનાં નામો આ પ્રમાણે છે :

**આપના ઉસ્તાઝો** : અબ્દુસ્સલામ ઈબ્ને હર્બ, અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક, હફ્સ ઈબ્ને ગયાષ, જરીર ઈબ્ને અબ્દુલમજીદ, હિશામ ઈબ્ને યૂસુફ, અબ્દુર્રઝ્ઝાક, ઈબ્ને ઐતિયા, વકીઅ, ઈબ્ને અલી અદી, ગંદર, ઉમર બિન અબ્દુર્રહમાન હજ્જાજ બિન મુહમ્મદ, હાતિમ બિન ઈસ્માઈલ, ઈસ્માઈલ બિન મુજાદિલ બિન સઈદ, હુસૈન બિન મુહમ્મદ, અબ્દુસ્સમદ બિન અબ્દુલ વારિષ, એબાદ બિન એબાદ, મરવાન બિન મુઆવિયહ, કત્તાન, અબૂ ઓબેદા બિન હદાદ, અબૂ ઓસામા, હદ્દાદ બિન ખાલિદ, અબ્દુર્રહમાન બિન મહદી. *(તહઝીબુત્તહઝીબ, ૬/૭૫, મતબઅ દારૂલ અહયાઉત્તરાષ અરબી)*

ઈમામ યહ્યા ઈબ્ને મુઈન ઝબાની હિફ્ઝની સાથોસાથ હદીષોને કાગળો પર લખ્યા પણ કરતા હતા. આપને કોઈકે પૂછયું કે આપે કેટલી હદીષો લખી ? ફર્માવ્યું, મેં મારા હાથ વડે છ લાખ હદીષો લખી. *(વફયાતુલ અઅયાન, ૫/૧૧૪, મત્બઅ દારૂલ કુતુબિલ્ ઈલ્મિયા, બૈરૂત)*

અલી બિન મદીની ફર્માવે છે : હું કોઈ એવા શખ્સને નથી જાણતો જેણે યહ્યા બિન મુઈનના બરાબર હદીષો લખી હોય. *(તારીખે બગદાદ, ૧૪/૧૮૨, મતબઅ દારૂલ કુતુબિલ્ઈલ્મિયા, બૈરૂત)*

સાલેહ જઝાએ કહ્યું : યહ્યા ઈબ્ને મુઈનના મૃત્યુ બાદ ત્રીસ કબાટો અને વીસ પેટીઓ કિતાબોથી ભરેલી મળી. *(તહઝીબુત્તહઝીબ, ૬/૧૭૯, મત્બઅ દારે અહ્યા ઉષ્ષરાત અરબી)*

**આપનો ઈલ્મો ફઝ્લ** : ઈબ્ને મુઈન ખુદાદાદ દિમાગી શક્તિ અને સતત જેહદ (મહેનત)થી ઈલ્મે

હદીષમાં કમાલ હાંસલ કરીને આલમે ઈસ્લામની અજોડ શખ્સિયત બની ગયા. આપની હદીષો બારામાં આપની ષકાહત તથા જલાલતનો સ્વીકાર મહાન મહાન હદીષના ઈમામો તથા ફકીહોએ કર્યો છે. મશહૂર નાકિદ (વિવેચક) તથા મુહદ્દિષ અલી ઈબ્ને મદીની ફર્માવે છે : (અર્થ) બસરામાં ઈલ્મે હદીષ યહ્યા ઈબ્ને અબી કષીર અને અબૂ કતાદા પર ખત્મ થયો. કૂફાનો ઈલ્મ ઈસ્હાક અને અઅમશ પર અંત પામ્યો, હિજાઝનો ઈલ્મ ઈબ્ને શિહાબ અને અમ્ર ઈબ્ને દીનાર પર પૂર્ણ થયો. આ છે મુહદ્દિષોનો ઈલ્મ ! બસરામાં સઈદ ઈબ્ને અબી અરૂબા, શઅબહ, મઅમર, હમ્માદ બિન સલમા અને અબૂ અવાના પર ખત્મ થયો. કૂફાવાળાઓમાં સુફયાન ષૌરી, સુફયાન બિન ઓયૈના અને હિજાઝવાસીઓમાં માલિક બિન અનસ અને શામવાળાઓમાં અવઝાઈ પર પૂર્ણ થયો. આ સર્વ મુહદ્દિષોનો ઈલ્મ મુહમ્મદ બિન ઈસ્હાક, હિશામ, યહ્યા ઈબ્ને સઈદ, ઈબ્ને અબી ઝાઈદા, વકીઅ અને ઈબ્ને મુબારક સુધી પહોંચ્યો. ઈબ્ને મુબારક, ઈબ્ને મહદી અને યહ્યા ઈબ્ને આદમ આ સર્વથી અધિક વિશાળ ઈલ્મ ધરાવે છે. પછી એ સર્વ મુહદ્દિષોનો ઈલ્મ યહ્યા ઈબ્ને મુઈનની પાસે જમા થઈ ગયો છે.

**ખતીબ બગદાદી કહે છે** : આપ ઈમામે રબ્બની, આલિમ, હાફિઝ, ષિબ્ત ફિલ્ હદીષ અને સાહિબે હિફ્ઝ વ ઈત્કાન હતા. *(તારીખે બગદાદ, ૧૪/૧૮૨, મત્બઅ દારુલ કુતુબિલ ઈલ્મિયા, બૈરૂત)*

**ઈમામ અહમદ ઈબ્ને હંબલ** : ઈમામ યહ્યા બિન મુઈનથી હદીષો સાંભળવી સીનાઓ માટે શિફા છે. *(તારીખે બગદાદ, ૧૪/૧૮૫, મત્બઅ દારુલ કુતુબિલ ઈલ્મિયા, બૈરૂત)*

**અબૂ સઈદ હદ્દાદ** : હદીષમાં સર્વ લોકો યહ્યા ઈબ્ને મુઈનથી ફાયદો હાંસલ કરનારા છે. *(તારીખે બગદાદ, ૧૪/૧૮૩, મત્બઅ દારુલ કુતુબિલ ઈલ્મિયા, બૈરૂત)*

આપની જલાલતે ઈલ્મી (ઈલ્મી મહાનતા) અને આપના રોઅબ તથા દબદબાનો આલમ એ હતો કે કેવળ આપનું નામ સાંભળીને સમયના મુહદ્દિષો કાંપી ઉઠતા હતા. હારૂન બિન મઅરૂફ ફર્માવે છે :

''બગદાદમાં મુલ્કે શામથી એક મશહૂર મુહદ્દિષ તશરીફ લાવ્યા. તેમની બારગાહમાં સૌ પ્રથમ હું પહોંચ્યો અને તેમને હદીષ ઈમ્લા કરાવવાની (લખાવવાની) દરખાસ્ત કરી. આપે તરત જ આપની કિતાબ ઉઠાવી અને હદીષો ઈમ્લા કરાવવાનું શરૂ કરી આપ્યું. એટલામાં દરવાજા પર કોઈએ દસ્તક આપી. આપે પૂછયું, કોણ ? જવાબ મળ્યો, અહમદ બિન હંબલ ! શયખે ફર્માવ્યું, આવી જાવ ! ઈમામ અહમદ બિન હંબલ આવ્યા બાદ બેસી ગયા અને શયખ હદીષો લખાવતા રહ્યા. એમના પછી હઝરત અહમદ દૂરકી, અબ્દુલ્લાહ ઈબ્ને રૂમી, અને ઝહીર બિન હર્બ વગેરે વારાફરતી મકાનમાં દાખલ થયા. શયખે એ સૌને બેસવાનો હુકમ આપ્યો અને કિતાબ હાથમાં લઈને લખાવતા રહ્યા. થોડીવાર પછી કોઈએ દરવાજો ખટખટાવ્યો. શયખે દસ્તૂર મુજબ પૂછયું, કોણ ? જવાબ મળ્યો, યહ્યા ઈબ્ને મુઈન ! નામ સાંભળતાં જ શયખ પર ધ્રુજારી છવાઈ ગઈ અને બંને હાથ કાંપવા લાગ્યા અને કિતાબ હાથથી પડી ગઈ.''

*(ઉપર મુજબ, પેજ–૧૮૫)*

**ઈબ્ને મદીની** : મેં લોકોમાં એમની કક્ષાનો ન જોયો : *(તહઝીબુત્તહઝીબ, ૬/૧૮૦)*

**આપના શાગિર્દો** : આપના ઈલ્મી વર્તુળમાં ફાયદો ઉઠાવનારાઓની સાચી સંખ્યા તો નથી મળી શકી, અલ્બત્ત કેટલાક મશહૂર શાગિર્દો નીચે પ્રમાણે છે : ઈબ્રાહીમ બિન અબ્દુલ્લાહ બિન જુનેદ ખતલી, અબૂ બક્ર ઈબ્ને અબી ખુષૈમા, અહમદ ઈબ્ને મુહમ્મદ ઈબ્ને કાસિમ ઈબ્ને મહઝર, જઅફર ઈબ્ને મુહમ્મદ તયાલ્સી, અબૂ મુઈન હુસૈન બિન હસન રાઝી,

અબ્દુલ્લાહ ઈબ્ને અહમદ દૂરકી, અબ્દુલ્લાહ ઈબ્ને અહમદ ઈબ્ને હંબલ, અબ્દુલ્લાહ ઈબ્ને શોએબ સાબૂની, હુસૈન બિન હવ્વાન અબૂ હાતિમ રાઝી, અબૂ ઝરઆ દમિશ્કી, અબૂ યઅ્લા મૂસલી, અહમદ બિન અબ્દુલ જબ્બાર સૂફી. *(તહઝીબુત્તહઝીબ, ૬/૧૭૮)*

**તજદીદી ખિદમતો :** આપનાં કારનામાંઓથી એ વાત નોંધપાત્ર છે કે પોતાની પૂરી જિંદગી હુઝૂર ﷺની હદીષની નિગેહબાનીના માટે વકફ કરી દીધી કે ક્યાંક કોઈક રીતે એમાં જૂઠની ભેળસેળ ન થવા પામે. વિના શંકાએ આપની જિંદગી આ હદીષના પ્રમાણે હતી : ઈમામ બયહકી અને ઈબ્ને અસાકિરે ઈબ્ને સઈદ ફર્યાબીની સનદથી આ હદીષની તખરીજ કરી છે કે ઈમામ અહમદ ઈબ્ને હંબલ رضی اللہ عنہથી મરવી છે : **બેશક ! અલ્લાહ તઆલા દરેક સદીમાં લોકોના માર્ગદર્શન માટે એવી જાતને જાહેર કરે છે જે લોકોને સુન્નતોની તાલીમ આપે અને રસૂલુલ્લાહ ﷺની તરફ સંબંધિત જૂઠી વાતોને દૂર કરે.** *(અત્તમ્બિઅતુ બિમંયબ્અષહુલ્લાહુ અલા રઅ્સિ કુલ્લિ મઆનિન, જલાલુદ્દીન સિયૂતી, પેજ–૨૪)*

**જરહો તઅદીલ :** જરહ તથા તઅદીલને એક મહત્વના ફના (વિદ્યા)ની હૈસિયત ઉપલબ્ધ છે. એનો હેતુ શરીઅતે મુતહહરાની રક્ષા અને તેની હિફાઝત કરવાનો છે. મહાન મુહદ્દિષોનું એ મહાન કારનામુ છે જેનું દષ્ટાંત ઈતિહાસ રજૂ નથી કરી શકતો. હદીષના રાવીઓની જાંચ પરખના માટે આ ફન (વિદ્યા કલા)ની શોધ થઈ જેથી તેમની ષકાહત (પરહેઝગારી, સચ્ચાઈ, બુઝુર્ગી), અદાલત, હિફ્ઝ, ઝોઅફ, સદાકત, તથા અમાનત અને જૂઠ તથા ભૂલવુંના સંબંધે ફૈસલો કરવામાં આવે. આ કામ પહેલી સદીના આખરમાં જ શરૂ થઈ ચૂક્યું હતું, પરંતુ બીજી સદીના મુહદ્દિષોએ એને એક નિયમિત ફન (વિદ્યા)નો દરજ્જો આપી દીધો. આ વિદ્યામાં ઈમામ યહ્યા ઈબ્ને મુઈનને ઈમામતનો દરજ્જો હાંસલ છે. –*(ક્રમશઃ)*

પેજ નં.૧૮ નું ચાલુ.. કૌલે સાહિબૈન પર ભી ફત્વા દિયા ગયા હૈ, ઈસ લિયે જિસ કૌલ પર અમલ કિયા જાએગા હો જાએગા અગર એહતિરાઝ અવલા હૈ. (યા'ની બચના બેહતર હૈ) હાં ! અગર યે જાને કે જમાઅત હોને કે બા'દ મેરે સાથ કોઈ ન હોગા તો જમાઅત મેં શરીક હો જાએ, ફિર વક્ત હોને પર અકેલે અસ્ર કી નમાઝ અદા કર લે, ઐસા હી અલ્મલ્ફૂઝ હિસ્સા : ૧, સફહા : ૨૬/૨૭ પર હૈ.

ફિર ફતાવા રઝવિય્યા મેં હૈ : બે શુમાર કુતુબે અઈમ્મા મેં તસ્રીહ હૈ : ઈસ વક્ત અસ્ર કા પઢના બે એહતિયાતી હૈ પસ મોહતાત ફિદ્દીન કો લાઝિમ કે અગર જાને કે મુઝે મિષ્લે ષાની કે બા'દ જમાઅત મિલ સકતી હૈ અગર ચે એક હી આદમી કે સાથ તો ઈસ જમાઅતે બાતિલા યા કમ અઝ કમ મકરૂહ બકરાહતે શદીદા મેં શરીક ન હો, બલ્કે વક્તે ઈજમાઈ પર અપની જમાઅતે સહીહા નઝીફા અદા કરે, અગર જાને કે ફિર મેરે સાથ કોઈ ન મિલેગા તો બતક્લીદે સાહિબૈન શરીકે જમાઅત હો જાએ ઔર તેહસીલે સિહહતે મુત્તફક્ અલૈહા વ રફએ કરાહત કે લિયે મિષ્લે ષાની કે બા'દ ફિર અપની તન્હા અદા કરે.

*(જિલ્દ : ૨, સફહા : ૨૧૩)*

**મગર યે હુકમ ઉસ સૂરત મેં હૈ જબ કે ઈમામ સુન્ની સહીહુલ્ અકીદા હનફી હો ઔર વહાં તો નજદિયોં કી હુકૂમત હૈ, ઈમામે હરમૈન શરીફૈન ભી નજ્દી હી હોતે હૈં, લિહાઝા ઉનકી ઈક્તિદા મેં સિરે સે નમાઝ હી ન હોગી,** ખાહ વોહ મિષ્લે ષાની મેં અસ્ર પઢેં યા ઉસકે બા'દ, ઈસ લિયે મઝહબે હનફી કી રૂસે વક્ત હો જાએ ઔર ઉનકી જમાઅત ખત્મ હો જાએ તો ખૂદ અલગ સે અપની જમાઅત કરલેં યા ફિર તન્હા પઢે. *(ફતાવા મર્કઝે તર્બિયતે ઈફ્તા, જિલ્દ : ૧, સફહાઃ ૧૫૬/૧૫૭)*

# કોઈના માલમાં ખયાનત તથા તેને હડપ કરવાનો અંજામ

રજૂ : પટેલ શબ્બીર અલી રઝવી *(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

આજકાલ માલ કમાવામાં તથા માલદાર થવાની લાલશામાં ઘણા લોકો હલાલ હરામની પણ પરવા કરતા નથી. ગમે તેનો આવે ગમે ત્યાંથી આવે, કોઈનો હક્ક઼ મારી ખાવો, કોઈનો માલ કે જમીન પચાવી પાડવી કોઈનો માલ હડપ કરી જવાને ઘણુ જ સામાન્ય કામ સમજે છે, વળી ક્યાંક તો એને પોતાની બહાદુરી તથા હોશિયારી સમજવામાં આવે છે. તો આ રીતે માલ દૌલત મિલ્કત પચાવી પાડનારાઓની ઈસ્લાહ માટે નીચેના લખાણમાં નબી કરીમ ﷺનાં કેટલાંક ફર્માનો રજૂ કરીએ છીએ તેને વાંચો અને દિલમાં ખુદાનો ડર પેદા કરો. નીચેની હદીષોમાં તો તદ્દન મામૂલી ચીજોમાં ખયાનત કરનાર કે ભૂલથી ખયાનત થઈ જનારના વિશે હદીષો આવેલ છે, તો જેઓનો ધંધો જ ઈરાદાપૂર્વક ખયાનત કરવાનો છે તેમનો અંજામ કેટલો બુરો આવી શકે છે તે વિચારો.

## ★ ખયાનત કરનારના ક઼યામતમાં શું હાલ હશે ? ★

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે એક દિવસે અમારામાં હુઝૂરે અકરમ ﷺ ઉભા થયા તો ખયાનતનો ઉલ્લેખ કર્યો. તો એને તથા એના મામલાને મહાન ગુનોહ બતાવ્યો. પછી ફર્માવ્યું કે હું તમારામાંથી કોઈને ન પામુ કે ક઼યામતના દિવસે આ પ્રમાણે આવે કે તેની ગરદન પર ઊંટ હોય ભાંભરતુ અને અર્ઝ કરે, યા રસૂલ્લાહ ! ﷺ મારી મદદ કરો ! હું કહી આપું કે હું તારા માટે હું કોઈ ચીજનો માલિક નથી, હું તને તબ્લીગ કરી ચૂક્યો. હું તમારામાંથી કોઈને એ રીતનો ન પામુ કે ક઼યામતના એ રીતે આવે કે તેની ગરદન પર ઘોડો હોય હણહણતો. પછી કહે, યા રસૂલલ્લાહ ! ﷺ મારી મદદ કરો ! હું કહી આપું કે તારા માટે હું કોઈ ચીજનો માલિક નથી, તને તબ્લીગ કરી ચૂક્યો. હું તમારામાંથી કોઈને ન પામુ કે તે કયામતમાં એ રીતે આવે તેની ગરદન પર બકરી હોય જે બેં બેં કરતી હોય. અર્ઝ કરે, યા રસૂલલ્લાહ ! ﷺ મારી મદદ કરો ! હું ફર્માવી આપુ કે હું તારા માટે કોઈ ચીજનો માલિક નથી ! હું તો તને તબ્લીગ કરી ચૂક્યો. હું તમારામાંથી કોઈને ન પામુ કે ક઼યામતના દિવસે એવી રીતે આવે કે તેની ગરદન પર ગુલામ હોય જે ચીસો પાડતો હોય. કહે, યા રસૂલલ્લાહ ! ﷺ મારી મદદ ફર્માવો ! તો હું કહી આપું કે હું તારા માટે કોઈ ચીજનો માલિક નથી ! હું તમને તબ્લીગ કરી ચૂક્યો. હું તમારામાંથી કોઈને પામુ ન કે ક઼યામતના દિવસે એ રીતે આવે કે તેની ગરદન પર કપડાં હોય ચર ચર કરતાં. તો તે કહે, યા રસૂલલ્લાહ ! ﷺ મારી મદદ કરો ! હું કહી આપુ, હું તારા માટે કોઈ ચીજનો માલિક નથી ! હું તમને તબ્લીગ કરી ચૂક્યો. અને હું તમારામાંથી કોઈને એવો ન પામુ કે ક઼યામતના દિવસે એ રીતે આવે કે તેની ગરદન પર સોનું ચાંદી હોય. તે કહે, યા રસૂલલ્લાહ ! મારી મદદ ફર્માવો ! હું કહી આપું કે હું તારા માટે કોઈ ચીજનો માલિક નથી, હું તને તબ્લીગ કરી ચૂક્યો. *(મુસ્લિમ, બુખારી, બહવાલા મિર્આતુલ મનાજીહ–૫)*

સારાંશ કે જેણે જે ચીજમાં ખયાનત કરી હશે તેને તે કયામતમાં પોતાની ગરદન પર ઉઠાવીને ફરશે અને લોકોમાં તેની બેઈજ્જતી થશે કે આ માણસ આ ચીજમાં ખયાનત કરનાર, કોઈનો હક્ક઼ મારી ખાનાર છે. વિચારો કે એ વખતે કેવી મુસીબત હશે ?! અને જો હુઝૂર ﷺ પણ નારાઝગી દર્શાવી આપશે તો શો હાલ થશે ?! જેથી **આ સબક છે આપણા માટે કે જેનું જે જે પચાવી પાડયું હોય તે તેને પરત કરીએ ઝર, જમીન, જાનવર, રૂપિયા, અનાજ, કપડાં વગેરે જે પચાવી પાડયું હોય તેને આજે જ પરત કરી દઈએ એમાં જ આપણી ભલાઈ છે.**

## ★ શહીદ થનારથી ખયાનત થઈ હોય તો પણ આ અંજામ ! ★

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી જ રિવાયત છે. ફર્માવે છે કે એક શખ્સે રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં એક ગુલામ પેશ કર્યો જેને મિદઅમ કહેવામાં આવતો હતો. તો એ હાલતમાં કે મિદઅમ રસૂલુલ્લાહ ﷺનો સામાન ઉતારી રહ્યો હતો એવામાં તેને ગાઈબાના તીર વાગ્યું, જેણે એને મારી નાખ્યો. તો લોકો બોલ્યા કે મુબારક થજો એને જન્નત ! ત્યારે રસૂલલ્લાહ ﷺએ ફર્માવ્યું, કદાપિ નહીં ! એની ક઼સમ જેના કબજામાં મારી જાન છે ! તે ચાદર જે એણે ખૈબરના દિવસે ગનીમતમાંથી વહેંચણી થતા પહેલાં લીધી હતી તે એના પર આગ ભડકાવી રહી છે ! જ્યારે લોકોએ એ સાંભળ્યું તો એક શખ્સ નબી ﷺની ખિદમતમાં એક અથવા બે તસ્મા (જોડાની દોરીઓ) લાવ્યો. તો ફર્માવ્યું કે આ તસ્મા (દોરીઓ) આગની છે ! બે દોરીઓ આગ છે. *(મુસ્લિમ, બુખારી)*

મિદઅમે એક ગલતી કરી હતી કે ગઝવએ ખૈબરની ગનીમતમાંથી એક ચાદર વહેંચણી પહેલાં લીધી હતી. આ થઈ ખયાનત ! કેમ કે ગનીમતનો માલ વહેંચણી પહેલાં ગાઝીઓનો સંયુક્ત માલ હોય છે. એનો માલિક કોઈ શખ્સ નથી. બની શકતો, વહેંચણી બાદ માલિકીમાં આવે છે. એટલા માટે અત્યારે તકલીફમાં છે, હજી જન્નતમાં નથી પહોંચ્યો. મિર્ક઼ાતમાં છે કે અમુક રિવાયતમાં એ પ્રમાણે છે કે હું તેને આગમાં જોઈ રહ્યો છું.

એનાથી અમુક મસ્અલા માલૂમ પડયા. **એક** એ કે હુઝૂર ﷺ સૌના છુપા જાહેર અમલોને જુએ છે, કેમ કે ચાદર લેવી એક છુપો અમલ હતો જે હુઝૂર ﷺની નિગાહમાં હતો. **બીજુ** એ કે હુઝૂરે અન્વર ﷺ દુનિયામાં રહીને આખેરત અને ત્યાંના હાલાતને જોઈ રહ્યા છે, કે ફર્માવે છે, મિદઅમ આગમાં છે. **ત્રીજુ** એ કે શહાદતથી સર્વ ગુનાહ માફ થઈ જાય છે, પણ બંદાઓના હક્કો માફ નથી થતા. જુઓ ! મિદઅમ શહીદ થઈ ગયા પણ બંદાઓના હક્કના કારણે સપડાય ગયા. યાદ રાખશો કે મિદઅમનું એ ચાદર લઈ લેવું ક્યાં તો ગનીમતના મસ્અલાની બેખબરીના કારણે હતું અથવા સગીરા ગુનોહ હતો. જેથી એમની અદાલત (આદિલ હોવા)માં ફરક નથી આવતો. સર્વ સહાબીઓ આદિલ છે. તેમણે ચાદરને બહું જ મામૂલી ચીજ સમજી, એના મહત્વથી ખબરદાર ન થયા. જેવું કે આગલા લખાણથી જાહેર છે કે આ સાંભળીને અમુક સહાબીઓ જોડાની દોરીઓ લાવ્યા કે અમે પણ આને મામૂલી સમજીને રાખી છે ! જેથી આ રિવાયતના આધારે સહાબીઓની ટીકા નથી થઈ શકતી. યાદ રાખશો ! મિદઅમને આ અઝાબ ટેમ્પરરી હતો જે એ વખતે થઈ રહ્યો હતો.

વિચારો ! આ સહાબાની વાત છે, તે પણ ગલત ફહમીમાં ચીજો ગનીમતથી લીધી હતી છતાં અઝાબ વિશે વર્ણન થયું, તો પછી જેઓ ઈરાદાપૂર્વક લોકોના માલ, જમીનો, ઘરો કે અનાજ, સોનુ ચાંદી, રૂપિયા વગેરે હડપ કરતા હશે તેમનો શું બુરો અંજામ થશે એ વિચારી લો. આવો, આ સંબંધી હજી એક બે હદીષો જોઈ લઈએ.

## ★ કેવળ એક કંબલ અઝાબનો સબબ બની ! ★

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રથી રિવાયત છે, ફર્માવે છે કે નબી કરીમ ﷺના સામાન પર એક શખ્સ હતો જેને કરકરા કહેવામાં આવતો હતો. તે મરી ગયો તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કે તે આગમાં છે. તો લોકો તલાશ કરવા લાગ્યા, તો એક કંબલ મળી જેની તેણે ખયાનત કરી લીધી હતી.

*(બુખારી)*

સારાંશ કે ઉપર ખુલાસો કર્યો તેમ મામૂલી ચીજ સમજી જરૂરત પર કંબલ લીધી હશે. જેથી એમની અદાલતમાં કોઈ ફરક પડતો નથી. સર્વ સહાબીઓ આદિલ છે. વળી જ્યારે એક કંબલના કારણે અઝાબ મળી શકે છે તો લાખો પડાવી લેનાર તથા જમીનો હડપ કરનારા ક્યાં જશે ?! આ આપણને ચેતવણીઓ છે કે

અત્યારથી જ જેની અમાનતો કે માલો વગેરે હડપ કર્યા હોય તો તેમને પરત કરો અને તૌબા કરી લો તો છૂટકારો થઈ જાય.

## ★ ઈમાનવાળાઓની હુઝૂર ﷺ શફાઅત ફર્માવશે ★

અહીં એ વાત પણ ધ્યાનમાં રાખશો કે જેઓ ખયાનત કરવાને હલાલ જાણીને કરે તો તે કાફિર થઈ ચૂક્યા અને કાફિરના માટે શફાઅત નથી. અને તે ફાસિક્ મુસલમાન કે જે એને હરામ જાણે છતાં કરે તો આ ફર્માનો જે ઉપર વર્ણન થયાં તે ખરેખર ડરાવવા ધમકાવવા માટે છે. નહીં તો હુઝૂર ﷺની શફાઅત મોટા મોટા ગુનેહગાર મુસલમાનોને નસીબ થશે. ફર્માવ્યું કે : "મારી શફાઅત મારી ઉમ્મતના કબીરા ગુનાહોવાળા માટે છે." અને ફર્માવે છે કે, "મેં મારી ખાસ દુઆ કયામતમાં શફાઅત કરવાના માટે છુપાવી રાખી છે, અને તે દુઆ દરેક મુસલમાનને પહોંચે **જે ઈમાન પર મરશે."** આના પરથી **ઈમાન કેટલુ મહત્વ છે તે પણ સમજો** કે ઈમાન હશે તો જે શફાઅત મળી શકશે !

પણ એ શું કમ અઝાબ છે કે ઉપર હદીષોમાં બતાવ્યું તેમ **ખયાનત કરેલ પચાવી પાડેલ માલ બોચી પર લઈને કયામતના મેદાનમાં ખયાનત કરનાર ફરતો હશે તેને અકલ્પ્ય તકલીફો ઉપરાંત સર્વ મેહશરવાળાઓ સમક્ષ તેની બેઈજ્જતી થશે. પછી શફાઅત નસીબ થશે કે નહીં** તે તો બાદની વાત છે.

વળી માણસ ક્યારેક ગુનાહોમાં ડૂબતો જાય છે, ડૂબતો જાય છે છેવટે એ પણ થાય છે કે છેવટે ઈમાન પણ ગુમાવી બેસે છે ! જેથી ગુનાહોની ચુંગાલથી પણ નીકળવું અનિવાર્ય છે. કોઈ અલ્લાહની રહમતના ભરોસા પર અને રસૂલે પાક ﷺની શફાઅત પર ભરોસો મૂકીને પછી ગુનાહો પર ગુનાહો નથી કરી શકતો, નહીં તો અંજામ ભયાનક આવી શકે છે. "અરે ! અલ્લાહ માફ કરી દેશે !" એવું કહીને તથા "અરે ! હુઝૂર ﷺ શફાઅત કરી દેશે !" એમ કહીને ગુનાહ નથી કરી શકતો, નહીં તો પરિણામ ખતરનાક આવી શકે છે. જેથી હમેશાં ખુદાના ડર અને નબી ﷺની શરમ સાથે જીવવું જોઈએ અને ગુનોહ થઈ જાય તો તરત સાચી તૌબા કરી લેવી જોઈએ.

## ★ સાત જમીનોનો હાર બનાવી ગળે લટકાવવામાં આવશે ! ★

આજે લોકો ઘર બનાવવામાં આસપાસ પોતાની જમીન સિવાયની પડોશની કે સરકારી જમીન હડપ કરવાને રમત સમજે છે. વળી સરકારી જમીન, રસ્તા વગેરેને પથ્થરો મૂકીને આડ કરીને આંતરી લે છે ! અને લોકોના હક્ક મારે છે, તેઓ આ હદીષ ધ્યાનથી સાંભળે :–

અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે, "જેણે જમીનનો કોઈ હિસ્સો નાહક્ક લઈ લીધો તો તેને કયામતના દિવસે સાત જમીનો સુધી ધસાવી દેવામાં આવશે." *(સહીહુલ બુખારી, ૬૪૫૪)*

બીજી હદીષમાં છે : રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : જેણે એક વેંત જમીન નાહક્ક લઈ લીધી તેને **કયામતના દિવસે સાતેવ જમીનોથી એટલો હિસ્સો તેના ગળામાં હાર બનાવી પહેરાવવામાં આવશે.** *(રાવી સઈદ ઈબ્ને ઝયદ, અલબુખારી, સહીહુલ બુખારી, ૩૧૯૮)*

આજે હાથમાં થોડુ વજન સહન નથી કરી શકતા કે થોડીવારમાં હાથ દુઃખવા લાગે છે તો કયામતનો દિવસ તો પચાસ હજાર દિવસો જેટલો હશે તો ન જાણે ક્યાં સુધી ગળામાં સાત જમીનોનો ભાર આડાઈ કરીને કે ધોકો કરીને જેઓ જમીનો પચાવે છે તેમણે ઉઠાવવો પડશે એ ખબર નથી ?! જેથી આજે તૌબા કરી લો અને હક્કદારોનો હક્ક તેમને સોંપી દો તો બંને દુનિયામાં ઈજ્જત તથા રાહત નસીબ થશે. અલ્લાહ તઆલા આપણને સૌને નેક તૌફીક આપે. *(આમીન)*

# પોતાની તર્બિયત (સુધારણા)

## સૌ પ્રથમ જરૂરી

અઝ : મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી-મુંબઈ)*

આજે પૂરી દુનિયામાં ઉમ્મતે મુસ્લિમાનો સંબંધ ઈસ્લામથી ઘણે અંશે કમજોર જોવા મળે છે. ઈસ્લામ તેમનાં દિલોમાં એક ઝબુકિયાં ખાતા દીવાની જેમ જોવા મળે છે. જ્યાં પણ નજર ઉઠાવીને જુઓ મુસલમાન બેરાહરવી (ખોટા માર્ગે ચાલી નીકળવા)નો શિકાર છે. સવાલ એ છે કે છેવટે મુસલમાન આટલો બેલગામ કેમ થઈ ગયો છે ? જુમ્આના બયાનો, ઈજતેમાઓ, જલસા તથા ઉર્સો વગેરેના છતાં મુસલમાનોનાં દિલ પ્રભાવિત કેમ નથી થઈ રહ્યાં ? તબદીલીઓ કેમ પેદા નથી થઈ રહી ? ત્યાં સુધી કે મુક઼દસ દિવસો મુક઼દસ રાતોમાં થોડીવારની ઈબાદતો બાદ જે તબદીલી નજર આવવી જોઈએ તેઓ એની અસરોથી પણ મેહરૂમ જણાય છે. ઈલ્લા માશાઅલ્લાહ ! અમુક લોકોની જિંદગીઓમાં ઈન્કિલાબ સર્જાય છે પણ મોટાભાગનાનો મામલો એવો જ છે. મેં તેનાં કારણો જાણવાની કોશિશ કરી તો મેહસૂસ કર્યું કે આપણે ત્યાં ઈસ્લાહે મુઆશરા કોન્ફ્રન્સ તો થાય છે, "ઈસ્લાહે ઝાત કોન્ફ્રન્સ" નથી થતી, જ્યારે કે સૌથી અધિક તર્બિયત (સુધારણા)ની જરૂરત જાતને છે. એટલા માટે અલ્લાહ ﷻએ પ્રથમ ખુદ (સ્વજાત)ને જહન્નમથી બચાવવાનો હુકમ આપ્યો : يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا عَلَيْكُمْ اَنْفُسَكُمْ ۚ હે ઈમાનવાળાઓ ! તમે તમારી ફિકર રાખો. (સૂ. માઈદા, આ. ૧૦૫, કન્ઝુલ ઈમાન) પણ આપણી સ્થિતિ તો એ છે કે આપણે નાસેહ (નસીહત કરનાર) તો છીએ પણ બીજાના માટે છીએ, પોતાની જાતના માટે નહીં.

સમાજનો તે વર્ગ જે પ્રભાવશાળી કહેવાય છે, ચાહે સરમાયાના એતબારથી અથવા ઈલ્મના એતબારથી અથવા હોદ્દા કે સ્થાનના એતબારથી કે જેમને જોઈને લોકો સામાન્યતઃ ખુદને એ રસ્તા પર ઢાળવાની કોશિશ કરે છે, એ વર્ગમાં અમલનો તે બહાવ (પ્રવાહ) નજર નથી આવતો જેને જોઈને તેમના હેઠળ પોતાની અંદર તબદીલી પેદા કરે. પ્રભાવશાળી (વર્ચસ્વધારી)ઓમાં સૌથી અધિક બેલગામી (નિરંકુશપણુ) જોવા મળે છે, ઈલ્લા માશા અલ્લાહ ! કોઈ આપણને ક઼ાઈદ કહે છે, કોઈ રહનુમા, કોઈ અમીર પણ આપણે આપણી જિંદગીમાં ઝાંકીને જોઈએ કે આપણે આપણી ક઼ૌમને શું આપી રહ્યા છીએ. આપણી કઈ આદતો તેમના સુધી તબદીલ થઈ રહી છે. આપણે જ્યારે જોઈશું તો શર્મિંદગી સિવાય કોઈ અન્ય ચીજ આપણને હાંસલ નહીં થાય. એટલા માટે આજના દૌરમાં સૌથી અધિક જરૂરત જેવી રીતે સામાન્ય પબ્લિકની ઈસ્લાહની છે તેવી જ રીતે ખાસ લોકોએ પણ પોતાની સુધારણાની ફિકર કરવી જોઈએ, ખાસ કરીને મારા જેવાઓએ ! રબ્બે કરીમે ફર્માવ્યું :-

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لِمَ تَقُوْلُوْنَ مَا لَا تَفْعَلُوْنَ ۝ "હે ઈમાનવાળાઓ ! શા માટે કહો છો તે જે નથી કરતા. (સૂ. સફ્ફ, ૬૧/૨) એક જગાએ આદેશ થાય છે : اَتَاْمُرُوْنَ النَّاسَ بِالْبِرِّ وَتَنْسَوْنَ اَنْفُسَكُمْ "શું લોકોને ભલાઈનો હુકમ આપો છો અને પોતાની જાનોને ભૂલો છો ?!" (સૂ. બક઼રહ, આ. ૪૪) આજે આપણે નફ્સ પરસ્તીના શિકાર છીએ, પોતાની ખ્વાહિશોના ગુલામ છીએ અને એ ચીજ ભૂલી ચૂક્યા છીએ કે દીને મુહમ્મદ પર અમલ કરીને જ આપણે અલ્લાહના મહબૂબ બંદા બની શકીએ છીએ. આપણી જિંદગીથી સુન્નતોની વિદાય થઈ ચૂકી, અમલનો જઝબો ઠંડો પડી ચૂક્યો. આપણી મેહફિલો ગીબતથી ભરેલી રહે છે, આપણી વાતચીતમાં નરમી નથી હોતી, ઈલ્લા

માશા અલ્લાહ ! આપણે ખુદ પોતાને સંવારવું પડશે. આ મામલો કેવળ દીનદારોના સંબંધે નથી, દુનિયાદારોના સંબંધે પણ છે. આપણને ખબર હોવી જોઈએ કે વસ્તીઓ ગરીબોના કારણે તબાહ નથી થતી. અલ્લાહ عزوجل નો ઈર્શાદ છે :–

وَ اِذَاۤ اَرَدْنَاۤ اَنْ نُّهْلِكَ قَرْیَةً اَمَرْنَا مُتْرَفِیْهَا فَفَسَقُوْا فِیْهَا فَحَقَّ عَلَیْهَا الْقَوْلُ فَدَمَّرْنٰهَا تَدْمِیْرًا ﴿۱۶﴾

"અને જ્યારે કોઈ વસ્તીને હલાક કરવા ચાહીયે છીએ, તેના ખુશહાલો પર અહકામ મોકલીએ છીએ પછી તેઓ તેમાં બેહુકમી કરે છે તો એના પર વાત પૂરી થઈ જાય છે તો અમે તેને તબાહ કરીને બર્બાદ કરી દઈએ છીએ." *(સૂ. અલ્ ઈસ્રા, આ. ૧૬)*

જાણવા મળ્યું કે વસ્તીઓની તબાહીનું કારણ એ સરમાયાદાર (પૂંજીપતિઓ) હોય છે જેઓ અલ્લાહની ફર્માંબરદારીથી વિમુખ થાય છે. સરમાયાદાર વર્ગ જે રીતે પોતાની દોલતને ભોગ વિલાસમાં ખર્ચ કરે છે તો લોકો એ રસ્તા પર ચાલવા લાગે છે. એટલા માટે મારી ગુઝારિશ બસ એટલી જ છે કે બે વર્ગો પર ખૂબ જ અધિક મહેનત કરવામાં આવે : એક સરમાયાદાર અને બીજો ગામડામાં રહેનારા મુસલમાન અંદેશો કે ગામડાવાસી મુસલમાન સાચા અર્થમાં ઈલ્મ ન પહોંચવાના કારણે અને ગરીબીના કારણે ઈસ્લામ છોડી આપશે, અને સરમાયાદાર દોલતના નશામાં આઝાદીની જિંદગી ગુજારીને ઈસ્લામથી રિશ્તો તોડી નાખશે ! એટલા માટે આપણે ગામડાવાસી મુસલમાનો તથા સરમાયાદારો પર ધ્યાન આપીએ. પણ જાહેર છે કે એના માટે તૈયારીની જરૂરત પડશે. કેમ કે સરમાયાદારો (પૂંજીપતિઓ)ની મેન્ટાલિટી જુદી હોય છે અને ગરીબની અલગ હોય છે. થોડાક પ્રમાણમાં માનસિકતા પર અભ્યાસ કરીને જો એના પર ધ્યાન આપવામાં આવે તો ઘણા સારા પરિણામો બહાર પડી શકે છે. આપણી જિમ્મેદારી પહેલાંની સરખામણીમાં ખૂબ જ વધી ગઈ છે. ક્રમે ક્રમે દેશના દેશ ઈસ્લામથી રિશ્તો તોડતા જોવા મળી રહ્યા છે ! આપણે આપણી વાણીના કરતાં અધિક અમલ થકી કુર્બાનીઓ આપવી પડશે. અલ્લાહ સૌ પ્રથમ મને એની તૌફીક઼ અતા ફર્માવે અને આક઼ાએ કરીમ ﷺના સદક઼ા તથા તુફૈલથી આપણા સૌથી તે કામ લે જેનાથી અલ્લાહ عزوجل અને તેના રસૂલ ﷺ આપણાથી રાજી થઈ જાય. *–(માહનામા સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ, માર્ચ–૨૦૨૪)*

## દયાદરામાં જશ્ને દસ્તારબંદી

દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી–દયાદરા ખાતે તા. ૧૭–૨–૨૦૨૪ શનિવારના રોજ અસર બાદ દારુલ ઉલૂમમાંથી ફારિગ થનાર આલિમો ફાઝિલો માટે ખત્મે બુખારી શરીફનો પ્રોગ્રામ હઝરત અલ્લામા મૌલાના મુફ્તી હાફિઝ અશરફ રઝા બુરહાની સાહબ (રતનપુર) થકી દારુલ ઉલૂમની મસ્જિદમાં રાખવામાં આવ્યો હતો. અને ઈશા બાદ આલિમ, ફાઝિલ, ક઼ારી, હુફ્ફાઝની સનદ પામનાર તલબાની દસ્તારબંદીનો પ્રોગ્રામ મૌલાના સાદિક દહેગામી સાહબની નિઝામત, નઅતખ્વાં જનાબ ક઼ારી મકસૂદ અશરફી કાવીવાળા સાહબ તથા હઝરત સૈયદ નૂરાની બાવા તથા હઝરત સૈયદ ફરીદ બાવા (શાહઝાદગાને હઝરત સૈયદ બડા સાહબ رحمۃ اللہ علیہ)ની સદારતમાં હઝરત સૈયદ સફીયુલ્લાહ બાવા બીરપુરી તથા અન્ય સાદાતે કિરામ ઉલમાએ એઝામની નૂરાની હાજરીમાં થયો. જેમાં શાહઝાદએ ગાઝીએ મિલ્લત હઝરત અલ્લામા સૈયદ નૂરાની મિયાં અશરફીયુલ જીલાની સાહબે ઈમાન અફરોઝ ખિતાબ કર્યો હતો. છેવટમાં સાદાતે કિરામ તથા ઉલમાએ એઝામના મુબારક હાથોથી ફારિગીનની દસ્તારબંદી કરવામાં આવી. સલાતો સલામ દુઆ પર પ્રોગ્રામ સંપન્ન થયો.

# હુઝૂર ﷺના ગૈર મુસ્લિમોથી મામલાઓ

❀ કાર્યાલય ❀

ગૈર મસ્લિમો સાથે સદવર્તન કરવા સંબંધે સીરતે તૈયબામાં બે પાસાં છે : (૧) ગૈર મુસ્લિમોની જાની તથા માલી સુરક્ષાના આદેશો (૨) જાની દુશ્મનોને ક્ષમા આપવી, તેમના માટે દુઆએ ખૈર અને તેમનામાંથી બંધી બનેલા લોકો સાથે સદવર્તન. અત્રે બીજા પર ચર્ચા કરીશું.

**ગૈર મુસ્લિમની જાની હિફાઝત :** ઈબ્ને ઉમર رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર ﷺએ એક ઝિમ્મી (ગૈર મુસ્લિમ)ની એ જ દિયત અદા કરી જે મુસલમાનની હોય છે. *(નય્યુલ અવતાર, શૌકાની, ૭/૫૫)*

સ્પષ્ટ રહે કે માનવ જીવની મહાનતા અને ઈજ્જતના આધારે ઈસ્લામમાં ગૈર મુસ્લિમ નાગરિક જાનને એ જ સન્માન અને ઈજ્જત પ્રાપ્ત છે જે મુસલમાનની જાનની હોય શકે છે. બંનેમાં કોઈ પ્રકારનો કોઈ તફાવત નથી. એટલા માટે જ હુઝૂર ﷺએ ફર્માવ્યું : જેણે કોઈ મુઆહિદ (ગૈર મુસ્લિમ શહેરી જે ઈસ્લામી રાજ્યનો સહેવાસી હોય)ને કતલ કરી દીધો તે વ્યક્તિ જન્નતની સુગંધ નહીં પામે જ્યારે કે તેની સુગંધ ચાલીસ વરસના અંતરથી અનુભવાશે. *(સહીહ બુખારી : કિતાબુદ્દિયાત)*

**ગૈર મુસ્લિમના માલની હિફાઝત :** જંગે ખૈબરના મોકા પર જ્યારે યહૂદીઓ સાથે કરાર થઈ ચૂક્યો તો તેમણે રસૂલે અકરમ ﷺથી ફરિયાદ કરી કે મુસલમાન અમારાં ફળો અને અનાજ પર તૂટી પડયા છે જ્યારે કે તે ચીજો સુરક્ષિત જગ્યાએ રાખવામાં આવેલ હતી. આપે તુરંત આદેશ આપ્યો : ધ્યાન રાખો ! મુઆહિદીન (ગૈર મુસ્લિમો)ના માલ બિલ્કુલ હલાલ નથી, એ સિવાય કે તેને લેવાનો હક હોય. *(સુનને અબૂ દાઊદ, ૩/૩૬૮ હદીષ ૩૮૦૬)*

**જાની દુશ્મનને ક્ષમા આપવી :** જાની દુશ્મનો અને ખૂની હુમ્લા કરનારાઓને માફી આપવાના પ્રસંગો પૈગમ્બરોના નીતિ શાસ્ત્ર સિવાય બીજે ક્યાં મળી શકે છે. જે રાત્રીએ હુઝૂર ﷺએ હિજરત ફર્માવી ત્યારે કુરૈશના કાફિરોએ એ નક્કી કરેલ હતું કે સવારે મુહમ્મદ ﷺને કતલ કરી દઈશું અને એ માટે દુશ્મનોની એક ટુકડીએ આખી રાત નબી ﷺના ઘરનો ઘેરાવ કરી રાખ્યો. ભલે તે સમયે દુશ્મનોથી બદલો લેવાની શકતી જાહેરી રીતે ન હતી પરંતુ એક સમય એવો આવ્યો જ્યારે તેમનામાંથી દરેકની ગરદન ઈસ્લામની તલ્વાર હેઠળ હતી અને તેમની જાન કેવળ નબીએ રહમત ﷺના રહમો કરમને આધિન હતી, પરંતુ સૌ જાણે છે કે તેમનામાંથી કોઈ પણ આ (કતલ કરવાના ષડ્યંત્રના) ગુનાના કારણે કતલ કરવામાં ન આવ્યો.

**જાની દુશ્મન માટે અમાન નામુ :** હિજરતના દિવસે કુરૈશે એલાન કર્યું હતું કે જે કોઈ મુહમ્મદ ﷺને કતલ કરે અથવા જીવતા પકડી લાવે તેને સો ઊંટ ઈનામમાં આપવામાં આવશે. સુરાકા બિન જઅષમ પ્રથમ વ્યક્તિ હતા જે આ હેતુથી પોતાના ઝડપી ઘોડા પર સવાર થઈ હાથમાં ભાલો લઈ હુઝૂર ﷺથી નજીક પહોંચી ગયા. બે ત્રણ વાર મોઅજીઝો (ઘોડાનું જમીનમાં ધસી જવું) જોઈ આખરે પોતાની બુરી નિય્યતથી તૌબા કરી અને ઈચ્છા વ્યક્ત કરી કે મારા માટે અમાનનામુ લખી આપવામાં આવે, જેથી તેમને અમાન નામુ લખી આપવામાં આવ્યું. આઠ વરસ બાદ ફતહે મક્કાના મૌકા પર ઈસ્લામમાં દાખલ થયા અને કતલ કરવાના હેતુથી પીછો કરવાના ગુના બાબત તેમને એક શબ્દ પણ કહેવામાં ન આવ્યો.

*(બુખારી, ૩/૧૪૨૦, હદીષ : ૩૬૯૩)*

**જાની દુશ્મનને પાસે બેસાડવો** : ઉમૈર બિન વહબ હુઝૂર ﷺનો દુશ્મન હતો. બદ્રમાં કતલ થયેલા લોકોનો બદલો લેવા માટે જ્યારે સમગ્ર કુરૈશ સમુદાય તલપાપડ હતું ત્યારે સફવાન બિન ઉમય્યાએ મોટા ઈન્આમના વાયદે તેને મદીના મોકલ્યો કે તે છુપી રીતે નબી ﷺને કતલ કરી દે. ઉમૈર પોતાની તલ્વાર જહેરમાં ભેળવી મદીના આવ્યો. પરંતું ત્યાં પહોંચતાં જ તેનો તેવર જોઈ લોકો સમજી ગયા. હઝરત ઉમર رضی اللہ عنہએ તેની સાથે સખતી કરવા ચાહી પરંતું હુઝૂર ﷺએ મના ફર્માવ્યું અને પોતાની પાસે બેસાડી તેની સાથે વાતચીત કરી અને તેના આવવાનું કારણ તેને બતાવી દીધું. તે સાંભળી ગભરાઈ ગયો પરંતુ હુઝૂર ﷺએ કોઈ પ્રતિરોધ ન કર્યો. આ નિહાળી તેણે ઈસ્લામ સ્વીકારી લીધો અને મક્કા જઈ ઈસ્લામનો પ્રચાર કર્યો. આ ઘટના હિ.સ. ૩ની છે. *(તારીખે તબરી બૈરૂત, ૨/૪૪)*

**જાની દુશ્મન પર કાબૂ પામીને માફ કરી દેવું** : એક વાર હુઝૂર ﷺ એક ગઝ્વાથી પરત થઈ રહ્યા હતા. રસ્તામાં મેદાન આવ્યું, તાપ સખત હતો, લોકોએ વૃક્ષો નીચે બિસ્તર લગાવી દીધા. હુઝૂર ﷺએ પણ એક ડાળ સાથે તલ્વાર લટકાવી ઝાડ નીચે આરામ ફર્માવ્યો. કાફિરો મૌકાની તલાશમાં રહેતા. જેથી એક ગામડિયાએ લોકોને આરામમાં જોઈ ઝાડ પરથી તલ્વાર લઈ લીધી. હુઝૂર ﷺની આંખ ખુલી તો જોયું કે એક વ્યક્તિ માથા પર ઉભો છે અને તલ્વાર તેના હાથમાં છે. હુઝૂર ﷺને જાગતા જોઈ બોલ્યો : મુહમ્મદ ﷺ ! બતાવો ! તમને હવે મારાથી કોણ બચાવી શકે છે ? હુઝૂર ﷺએ ફર્માવ્યું : અલ્લાહ ! આ પ્રભાવશાળી અવાજ સાંભળી તેના હાથમાંથી તલ્વાર છૂટી ગઈ. હુઝૂર ﷺએ એ તલ્વાર હાથમાં લઈ ફર્માવ્યું કે બોલ ! તને કોણ બચાવી શકે ? તેણે કહ્યું, આપ તો માફી આપનારા છો ! સહાબાએ કિરામ પણ આવી ગયા. હુઝૂર ﷺએ તેમને હકીકત જણાવી અને તે ગામડિયાથી કોઈ પ્રતિરોધ ન કર્યો. *(બુખારી, ૩/૧૦૬૫, હદીષ, ૨૭૫૩)*

સુલહે હુદૈબિયાના જમાનામાં એક વાર ૮૦ લોકોનું દળ પરોઢે જબલે તનૂઈમથી ઉતરી આવ્યું અને છુપી રીતે હુઝૂર ﷺને કત્લ કરવાનો ઈરાદો કર્યો. સંયોગથી એઓ પકડાય ગયા પરંતુ હુઝૂર ﷺએ તેમને મુક્ત કરી દીધા અને કોઈ સજા ન આપી. ત્યારે કુર્આન મજીદની આ આયતે કરીમા નાઝિલ થઈ وَهُوَ الَّذِىْ كَفَّ اَيْدِيَهُمْ عَنْكُمْ وَاَيْدِيَكُمْ عَنْهُمْ અને તે જ ખુદા છે જેણે તેમના હાથ તમારાથી અને તમારા હાથ તેમના હાથ રોકી દીધા.

*(સૂરએ ફત્હ, આયત–૪૪)*

**ઝહેર આપનાર યહૂદી ઔરતથી પોતાની જાત માટે બદલો ન લીધો** : ખૈબરમાં એક યહૂદી ઔરતે હુઝૂર ﷺને ખાવામાં ઝહેર આપ્યું. હુઝૂર ﷺએ ખાણુ ખાધુ તો ઝહેરની અસર જણાયી. હુઝૂર ﷺએ યહૂદીઓને બોલાવી એ બાબત પૂછયું તો તેમણે સ્વીકાર કર્યો. હુઝૂર ﷺએ તેમને કોઈ સજા ન આપી. પરંતુ જ્યારે એ જાહેરના અસરથી એક સહાબીની વફાત થઈ ગઈ તો કેવળ તે યહૂદી ઔરતને કિસાસની સજા આપી. જ્યારે કે હુઝૂર ﷺને વિસાલ સુધી એ ઝહેરની અસર જણાતી રહી. *(સુનને અબૂ દાઊદ, ૪/૧૭૩, હદીષ : ૪૫૧૦)*

**દુશ્મનો માટે ભલાઈની દુઆ** : દુશ્મનો માટે બદ્ દુઆ કરવી મનુષ્ય સ્વભાવમાં હોય છે. પરંતુ પયગમ્બરોનો મર્તબો સામાન્ય માનવ સ્તરથી અત્યંત ઉચ્ચ હોય છે. જે લોકો તેમને ગાળો ભાંડે છે, અલ્લાહના પૈગમ્બરો તેમને પણ દુઆઓ આપે છે, અને જેઓ તેમના ખૂનના પ્યાસા હોય છે તેઓ તેમને પ્યાર આપે છે. હિજરતથી પહેલાં હુઝૂર ﷺ પર

અને મુસલમાનો પર જે અત્યાચારો થતા રહ્યા તે દાસ્તાનને વર્ણવવા માટે પણ પથ્થર દિલ હોવું જરૂરી છે. તે જમાનામાં એક સહાબી હઝરત ખબ્બાબ બિન અરત رضی اللہ عنہ એ અરજ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ દુશ્મનોના હકમાં બદ્દ દુઆ ફર્માવો. આ સાંભળી હુઝૂર ﷺ (નારાઝ થયા અને આપ)નો મુબારક ચહેરો લાલ થઈ ગયો. *(બુખારી, ૧/૧૩૦૯, હદીષ–૩૬૩૯)*

એકવાર અમુક સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن એ આજ પ્રકારની શિકાયત કરી તો હુઝૂર ﷺ એ ફર્માવ્યું, હું દુનિયા માટે લઅનત નહીં બલ્કે રહમત બનાવી મોકલવામાં આવ્યો છું. *(સહીહ મુસ્લિમ, ૪/૨૦૦૬, હદીષ–૨૫૯૯)*

**કુરૈશીઓ માટે પણ દુઆ ફર્માવી** : તે કુરૈશીઓ જેમણે હુઝૂર ﷺ ને ત્રણ વરસ સુધી (શિઅબે અબી તાલિબમાં) ઘેરી રાખ્યા અને જેઓ ત્યાં અનાજનો એક દાણો પણ પહોંચવા ન દેતા. તેમની શરારતોના પરિણામે મક્કામાં એવો દુકાળ પડયો કે લોકો હાડકાં અને મૃત જાનવરો ખાવા મજબૂર થઈ ગયા. હઝરત અબૂ સુફિયાને (ત્યારે મુસલમાન ન થયા હતા) હુઝૂર ﷺ ની ખિદમતમાં હાજર થઈ અરજ કરી : "મુહમ્મદ ! તમારી કૌમ હલાક થઈ રહી છે ખુદાથી દુઆ કરો કે આ મુસીબત દૂર થાય." હુઝૂર ﷺ એ તુરંત (એ લોકો માટે જેમણે અનાજ પાણી પર પ્રતિબંધ સાથે હુઝૂર અને મુસલમાનોને ત્રણ વરસ સુધી ઘેરી રાખ્યા હતા) દુઆ માટે હાથ ઉઠાવ્યા અને અલ્લાહ તઆલાએ સખત દુકાળની મુસીબતથી નજાત આપી. *(સહીહ બુખારી, ૪/૧૭૯૧, હદીષ–૪૪૯૬)*

જંગે ઉહદમાં લોહી લુહાણ કરનારાઓ માટે દુઆ : જંગે ઉહુદમાં દુશ્મનોએ હુઝૂર ﷺ પર પથ્થર મારો કર્યો, તીર વરસાવ્યાં, તલ્વારો ચલાવી, દાંત મુબારક શહીદ કર્યા, પેશાની મુબારક ઝખ્મી કરી, છતાં તેમના માટે નબીએ રહમત ﷺ એ દુઆ ફર્માવી : اللھم اھد قومی فانھم لا یعلمون ("હે અલ્લાહ ! મારી કૌમને હિદાયત આપ, તેઓ નાદાન છે."

*(સહીહ મુસ્લિમ, ૩/૧૪૧૭, હદીષ : ૧૭૯૧)*

**તાઈફવાસીઓના મજાક ઉડાવવા પર દુઆ** : એ તાઈફની વસ્તી જેણે ઈસ્લામની દાવતનો જવાબ હંસી મજાકથી આપ્યો. એ તાઈફનો સમાજ જેણે ઈસ્લામના પૈગમ્બરને આશ્રય આપવાથી મનાઈ કરી હતી, એ તાઈફ જ્યાંના લોકો પથ્થરો મારી હુઝૂર ﷺ ના પગ મુબારક લોહીથી લથપથ કરી દીધા. તેમના માટે અલ્લાહ તરફથી ફરિશ્તાએ પૂછયું : "યા રસૂલલ્લાહ ! ﷺ હુકમ ફર્માવો ! તેમના પર પહાડને ઉલ્ટાવી દેવામાં આવે." જવાબ મળ્યો : " નહીં ! શાયદ તેમની ઔલાદમાંથી કોઈ અલ્લાહની ઈબાદત કરનાર પૈદા થાય."

દસેક વરસ બાદ એ જ તાઈફે ઈસ્લામની દાવતનો જવાબ જંગથી આપ્યો. કેટલાક સહાબાએ કિરામ શહીદ થયા. સહાબા رضی اللہ عنہ એ અરજ કરી : "યા રસૂલલ્લાહ ! ﷺ તેમના હકમાં બદ્દ દુઆ ફર્માવો." હુઝૂર ﷺ એ દુઆ માટે હાથ ઉઠાવ્યા, લોકો સમજ્યા કે હુઝૂર ﷺ તેમના હક્કમાં બદ્દ દુઆ ફર્માવશે, પરંતુ જબાન મુબારકથી આ શબ્દો નીકળ્યા : "હે અલ્લાહ ! ષકીફ (તાઈફવાસીઓ)ને ઈસ્લામ નસીબ કર અને તેમને મૈત્રીપૂર્ણ રીતે મદીના લાવ." અને તેઓ મદીના આવી મસ્જિદે નબવીમાં મુસલમાન થયા. *(તબકાતે ઈબ્ને સઅદ, ૧/૨૧૧)*

**દવ્સ કબીલા માટે દુઆ કરી** : દવ્સનો કબીલો યમનમાં રહેતો હતો. હઝરત તુફૈલ બિન અમ્ર દવ્સી આ કબીલાના સરદાર હતા. તેઓ કદીમુલ ઈસ્લામ (શરૂમાં જ ઈસ્લામ લાવેલા) હતા, એક અરસા સુધી તેઓ પોતાના કબીલાને ઈસ્લામની દાવત આપતા રહ્યા પરંતુ તેઓ પોતાના કુફ્ર પર અડી રહ્યા. અંતે તેઓ બારગાહે રિસાલતમાં હાજર થયા

અને કબીલાની હાલત જણાવી અરજ કરી કે તેમના હકમાં બદ્ દુઆ ફર્માવો. લોકો આ સાંભળી સમજ્યા કે હવે તો દવ્સ કબીલાની બરબાદીમાં કોઈ શંકા નથી. પરંતુ રહમતે આલમ ﷺએ આ શબ્દોમાં દુઆ ફર્માવી : اللهم اهد دوسا و أت بهم "હે અલ્લાહ ! દવ્સ કબીલાને હિદાયત આપ અને તેમને ઈસ્લામથી નજીક લઈ આવ. *(સહીહ બુખારી, ૫/૨૩૪૯ હદીષ, ૬૦૩૪)*

**હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہનાં વાલિદા માટે દુઆ :** હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہનાં વાલિદા ગૈર મુસ્લિમ હતાં, તેઓ પોતાનાં વાલિદાને જેટલી ઈસ્લામની તબ્લીગ કરતા તેઓ એટલો જ તેનો વિરોધ કરતાં. એક દિવસ તેમણે પોતાની વાલિદાને ઈસ્લામની દાવત આપી તો તેમના વાલિદા હુઝૂર ﷺની શાનમાં અયોગ્ય શબ્દો બોલ્યાં. જેનાથી હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہને સખત આઘાત લાગ્યો અને તે રડવા લાગ્યા અને એ જ હાલતમાં હુઝૂર ﷺ પાસે આવી હકીકત જણાવી. હુઝૂર ﷺએ દુઆ ફર્માવી : "ઈલાહી ! અબૂ હુરૈરહની માતાને હિદાયત નસીબ કર." તેઓ ખુશ થઈને ઘરે આવ્યા તો જોયું કે દરવાજો બંધ છે અને પાણી પડવાનો અવાજ આવી રહ્યો છે. તેમના વાલિદાએ ગુસ્લ કરી દરવાજો ખોલ્યો અને કલ્મો પઢયાં. *(સહીહ મુસ્લિમ, ૪/૧૯૩૪, હદીષ, ૨૪૯૧)*

**યુધ્ધ કેદીઓ સાથે સદ્વર્તાવ :** નબીએ અકરમ ﷺના જમાનામાં અરબમાં અને વિશેષ રીતે હિજાઝમાં કેદખાનાઓનો રિવાજ ન હતો અને ન એવા સંજોગો હતા કે કોઈને લાંબી મુદત સુધી બંધી બનાવી શકાય. ઈસ્લામમાં કાયદેસર કેદખાનાની શરૂઆત હઝરત ઉમર رضی اللہ عنہએ કરી. તેમણે સફવાન બિન ઉમય્યાનું મકાન ચાર હજાર દિરહમમાં ખરીદીને તેને કેદખાનું બનાવ્યું. ત્યારબાદ હઝરત અલી رضی اللہ عنہએ કેદખાનું બનાવડાવ્યું અને તેનું નામ "નાફેઅ" રાખ્યું પરંતુ તે એટલું મજબૂત ન હતું જેથી અમુક કેદીઓ ભાગી જતા. બાદમાં તેને ફરી બનાવવામાં આવ્યું જે મજબૂત હતું, જ્યાંથી કેદીઓના ભાગવાની કોઈ ગુંજાઈશ ન હતી. જે લોકો ટેમ્પરરી બંધી બની આવતા તેમને મસ્જિદના થાંભલા સાથે બાંધી દેવામાં આવતા અથવા સહાબાએ કિરામને સોંપી દેવામાં આવતા જે તેમની દેખભાળ સાથે તેમના ખાવા પીવા અને બીજી જરૂરિયાતની વ્યવસ્થા કરતા. જહાલતના યુગમાં જંગમાં બંધી બનેલા લોકો પર અત્યાચાર થતા, તેમની સાથે દુર્વ્યવહાર કરવામાં આવતો, તેમના ખાવા પીવા માટે તેમનાથી ભીખ મંગાવામાં આવતી. આજના સભ્ય દોરમાં પણ જંગી કેદીઓ સાથે બર્બરતાપૂર્ણ વ્યવહાર કરવામાં આવે છે. જે ગ્વાનતાનામોબેની જેલ અને તેમાં કેદીઓની સ્થિતિથી સમજી શકાય છે.

નબીએ કરીમ ﷺ એ જંગી કેદીઓને પણ એક અલગ સ્થાન આપ્યું. જંગે બદ્રના કેદીઓ જે મદીનાના ઈતિહાસમાં પહેલીવાર અધિક સંખ્યામાં બંધી બન્યા હતા, તેમના વિશે હિદાયત કરવામાં આવી કે કેદીઓને આરામ સાથે રાખવામાં આવે. સહાબાએ કિરામે પોતે ખજૂરો ખાઈ પોતાની જિમ્મેદારીમાં આવેલા કેદીઓને પેટ ભરી સારુ ખાવા ખવડાવ્યું. જંગે બદ્રના એક બંધી અબૂ ઉઝૈર (મુસ્અબ બિન ઉમૈરના ભાઈ) વર્ણવે છે કે, "જે અન્સારી સહાબાને ત્યાં મને રાખવામાં આવ્યો હતો તેઓ પોતે ખજૂર ખાતા અને મને સારુ ખાણું ખવડાવતા જેનાથી હું શર્મિંદા થતો." જે કેદીઓ પાસે કપડાં ન હતાં તેમને કપડાં આપવામાં આવ્યા. હઝરત અબ્બાસને લાંબા કદના હોવાના કારણ કોઈ કપડાં આવી ન રહેતાં તો તેમના માટે અબ્દુલ્લાહ બિન ઉબયએ કપડાં મોકલ્યાં. એ કેદીઓમાં સુહેલ બિન અમ્ર પણ હતો જે હુઝૂર ﷺ વિરૂધ્ધ ભડકાવ ભાષણો આપવામાં

એડીચોટીનું જોર લગાવતો. હઝરત ઉમર رضی اللہ عنہએ મશવરો આપ્યો કે તેના સામેના દાંત કાઢી નાખામાં આવે જેથી તે ભડકાવ ભાષણો ન આપી શકે. પરંતુ હુઝૂર ﷺએ તેને પણ કોઈ સજા ન આપી.

નજદના સરદાર ષુમામા બિન ઉષાલને બંધી બનાવી મદીના મુનવ્વરા લાવવામાં આવ્યા અને મસ્જિદે નબવીના એક સુતૂન સાથે બાંધી દેવામાં આવ્યા. ત્રણ દિવસ સુધી બંધક રહ્યા. હુઝૂર પોતે તેમની દેખભાળ કરતા, ખૈર ખબર લેતા અને તેમની સાથે વાતચીત કરતા. તેઓ કહેતા હુઝૂર ! મને આઝાદ કરો તો મારા પર એહસાન કરશો અને મને કતલ કરો તો એક મુજરિમને કતલ કરશો. અંતે ત્રીજા દિવસે હુઝૂર ﷺએ તેમને આઝાદ કરી દીધા. આઝાદ થતાં જ તેઓ મદીનાથી નજીક એક તળાવ પર જઈ સ્નાન કરી પાક સાફ થયા અને બારગાહે રિસાલતમાં હાજર થઈ કલ્મો પઢી મુસલમાન થઈ ગયા. પોતાના વતન જઈ મક્કાના કુરૈશને સંદેશો આપ્યો કે હવે તમારા વ્યાપારી કાફલા યમન તરફ આવી શકશે નહીં, હું મુસલમાન થઈ ગયો છું અને હવે હું ઈસ્લામ અને મુસલમાનોને સાથ આપીશ. આ પરિવર્તન કેદીઓ સાથે હુઝૂરના સદ્‌વર્તન, ઉદારતા, નમ્રતા અને દરગુજરના કારણે આવ્યું. જો કે મક્કાના કાફિરોની વિનવણી પર તેમણે તેમને એવું કરવાની મનાઈ કરી.

જંગી કેદીઓ સાથે સદવર્તન અને સમાનતાના સંદર્ભની એ મહાન ઘટના પણ ઈસ્લામી ઈતિહાસની ઝળહળતી ઝાંખી અને દુનિયા માટે માર્ગદર્શિકા સમાન છે, જ્યારે બદ્રના કેદીઓ બંધક બનાવી લાવવામાં આવ્યા તો તેમના હાથ તેમની પીઠ પર જકડીને બાંધેલા હતા જેના કારણે તેમને સખત તકલીફ થઈ રહી હતી. પહેલી રાત્રે તેમને મસ્જિદે નબવીના સહેન અથવા તેના નજીક રાખવામાં આવેલા હતા. હઝરત અબ્બાસ رضی اللہ عنہ તકલીફના કારણે વિલાપ કરી રહ્યા હતા. જ્યારે તેમનો અવાજ હુઝૂર ﷺના કાને પહોંચ્યો તો વિલાપનું કારણ પૂછયું. સહાબાએ કિરામે અરજ કરી કે દોરડાની જકડના કારણ પીડા થઈ રહી છે. હુઝૂર ﷺએ હુકમ આપ્યો કે સર્વ કેદીઓની રસ્સી ઢીલી કરી દેવામાં આવે. *(ઉપર મુજબ)*

હુઝૂર ﷺની કેદીઓ સાથે રહેમદિલીની સાથે સમાનતા પણ કે પોતાના કાકા હઝરત અબ્બાસ رضی اللہ عنہ અને સર્વ કેદીઓ સાથે સમાન વલણ અને વર્તન કરવામાં આવ્યું. બદ્રમાં કાફિરો જે ઈરાદાથી આવ્યા હતા અને મુસલમાનો વિરૂધ્ધ જે સખત નફરત રાખતા હતા તે કોઈનાથી છુપાયેલ નથી. તેમના ઈરાદા અને અપરાધોના કારણ તેઓ કતલને પાત્ર હતા. અલ્લાહ તઆલા તરફથી ઈજાઝત પણ હતી. હઝરત ઉમર رضی اللہ عنہની સલાહ પણ એ જ હતી પરંતુ હુઝૂર ﷺએ હઝરત અબૂ બક્ર رضی اللہ عنہના મશવરા મુજબ તે કેદીઓથી દંડની રકમ લઈ આઝાદ કરી દીધા અને જેમની પાસે દંડની રકમ ન હતી તેમનાથી મુસલમાનોના દસ દસ બાળકોને લખતાં વાંચતા શિખવાડવાની શર્તે આઝાદ કરી દીધા. *(ઉપર મુજબ)*

જંગે બદ્રમાં જે લોકો બંધી બન્યા હતા તેમાં હુઝૂર ﷺના જમાઈ અબુલ આસ બિન રબીઅ પણ હતા જેમના નિકાહમાં હઝરત ઝૈનબ હતાં. તેઓ હઝરત ખદીજા رضی اللہ عنہاના ભાણ્યા હતા. જ્યારે મક્કાવાસીઓએ પોતાના કેદીઓની મુક્તિ ચાહી તો રસૂલે કરીમ ﷺના સાહબઝાદી હઝરત ઝૈનબ رضی اللہ عنہاએ પણ પોતાના પતિના ફિદયા માટે રકમ મોકલી. જેમાં તે હાર પણ હતો જે હઝરત ખદીજા رضی اللہ عنہاએ તેમને આપ્યો હતો. તે હાર જોઈને રસૂલુલ્લાહ ﷺ બેચેન થઈ ગયા અને સહાબાથી ફર્માવ્યું : "જો યોગ્ય સમજો તો ઝયનબે ખાતર તેમના પતિને આઝાદ કરી દો અને તેમનો હાર પણ તેમને

પરત કરી દો." સહાબાએ કિરામે અરજ કરી : યા રસૂલુલ્લાહ ! ﷺ અમે ખુશીથી એ માટે તૈયાર છીએ. અબુલ આસને છોડી આપવામાં આવ્યા અને હાર પણ પરત કરી દેવામાં આવ્યા.

મક્કા પહોંચી અબુલ આસે હઝરત ઝૈનબ رضی اللہ عنہાને રસૂલુલ્લાહ ﷺ પાસે જવાની ઈજાઝત આપી. હઝરત ઝૈનબ رضی اللہ عنہا તેમને મક્કા છોડી મદીના શરીફ આવી ગયાં. ફતહે મક્કાથી પહેલાં અબુલ આસ તિજારત માટે શામ ગયા. તેમની દયાનતદારી મશહૂર હતી એટલા માટે કુરૈશના અમુક લોકોએ પોતાનો માલ પણ તેમને તિજારત માટે આપ્યો હતો. જ્યારે અબુલ આસ તિજારત કરી પરત થઈ રહ્યા હતા તો મદીનાની એક ફોજે દુશ્મન સમજી તેમના માલ પર કબ્જો કરી લીધો, તેઓ છુપી રીતે મદીના પહોંચી ગયા અને હઝરત ઝૈનબ رضی اللہ عنہાથી પનાહ માગી. તેમણે પનાહ આપી અને તેમનો માલ પાછો અપાવવાનો વાયદો કરી લીધો. ફજરની નમાઝમાં હઝરત ઝૈનબ رضی اللہ عنہا એ ઔરતોની સફમાંથી મોટા અવાજે કહ્યું, "મેં અબુલ આસને પનાહ આપી છે." સલામ ફેરવ્યા બાદ રસૂલલ્લાહ ﷺએ સહાબાથી ફર્માવ્યું : "જે મને સંભળાયું તે તમે સાંભળ્યું ?" તેમણે કહ્યું : હા ! હુઝૂર ﷺએ ફર્માવ્યું, "કસમ છે એ જાતની જેના હાથમાં મુહમ્મદની જાન છે ! મને આ વાતની આનાથી પહેલાં ખબર ન હતી. જ્યારે એક વ્યક્તિએ તમામ મુસલમાનો તરફથી પનાહ આપી દીધી છે તો તેને પનાહ મળવી જોઈએ." ત્યાર બાદ હુઝૂર ﷺ પોતાનાં સાહબઝાદી પાસે આવ્યા અને ફર્માવ્યું : "બેટા ! અબુલ આસની સારી રીતે મહેમાનનવાઝી કરો પરંતુ તેમને નજીક ન આવવા દેશો, કારણ કે હવે તમે તેમના માટે હલાલ નથી." અબુલ આસનો સર્વ માલ તેમને પરત આપી દેવામાં આવ્યો. જ્યારે તેઓ મક્કા આવ્યા તો જે લોકોના માલ લઈ વેપાર માટે લઈ ગયા હતા તેમની એક એક વસ્તુ તેમના હવાલે કરી. અને સૌને પૂછયું : તમારામાંથી કોઈ એવું છે જેનો માલ મારી પાસે હોય અને હજુ સુધી તેને મળ્યો ન હોય ? જવાબ મળ્યો : "ના ! હવે કોઈ એવું નથી જેને તેનો માલ ન મળ્યો હોય. અમે તમને અત્યંત ભરોસા પાત્ર અને શરીફ પામ્યા. પછી" અબુલ આસે કલ્મો પઢયો :–

اشھد ان لا الہ الا اللہ و اشھد ان محمدا عبدہ و رسولہ

પછી કુરૈશના લોકોને સંબોધીને કહ્યું : "હું જ્યારે રસૂલલ્લાહ પાસે હતો તે જ સમયે ઈમાન લઈ આવતો પરંતુ મને ડર લાગ્યો કે તમે લોકો બદગુમાની કરશો કે આ રીતે મેં તમારો માલ પચાવવાની યુક્તિ કરી છે. હવે તમારો માલ અલ્લાહે તમને પરત પહોંચાડી આપ્યો અને હું અમાનતના ભારથી મુક્ત થઈ ગયો છું તો હવે ઈસ્લામ જાહેર કરું છું." ત્યાર પછી તેઓ મદીના ગયા અને રસૂલુલ્લાહ ﷺએ ફરીથી હઝરત ઝૈનબ رضی اللہ عنہا સાથે તેમના નિકાહ કરાવ્યા.

જે સ્થળો પર ઈન્સાનનું દિલ નરમ થાય છે અને તેને વિચારવાનો મોકો મળે છે તેમાંથી એક જેલ પણ છે, માટે કેદીઓ સાથે ખુલૂસથી સદવર્તન કરવામાં આવે તો તેમના પર અવશ્ય તેની અસર થશે. આજે કેદીઓમાં ઈસ્લામ કબૂલ કરવાવાળા સૌથી વધુ અમેરિકાની જેલોના નિગ્રુ અને શ્યામ વર્ગના લોકો છે. હુઝૂર ﷺએ કેદીઓ સાથે રહેમદિલી અને તેમના હક્કો વિશે જે આદેશો આપ્યા છે તે આજના UNOના બનાવેલા માનવ અધિકારોથી અત્યંત ઉચ્ચતમ અને અનુસરણને પાત્ર છે. *(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી–મુંબઈ, ફેબ્રુઆરી–૨૦૨૪)*

● ● ●

# આહ ! 'હાજી અબ્દુલ અઝીઝ ધનાની બરકાતી' ન રહ્યા !

તા. ૨૦–૩–૨૦૨૪, ૯ રમઝાનુલ મુબારકની નૂરાની ઘડીઓમાં બુધવારના રોજ લગભગ ઝહોર બાદ મોહસિને સુન્નિયત, ઉલમા વ અઈમ્માના હમદર્દ, સુન્નિયતના ફરોગ માટે સદા ફિક્રમંદ રહેનાર, નિઃસ્વાર્થ સખાવત કરનાર સખીદાતા જનાબ હાજી અબ્દુલ અઝીઝ ધનાની બરકાતી ૯૦ વરસની વયે મરહૂમ મગફૂર થઈ ગયા એવા સમાચાર એમના નેક ફરઝંદ જનાબ જુનેદભાઈ થકી મળતાં દિલને આંચકો લાગ્યો, થોડીવાર માટે આંખો અશ્રુમય થઈ ગઈ... اِنَّا لِلّٰہِ وَاِنَّا اِلَیْہِ رٰجِعُوْن રાત્રે ૧૦ વાગ્યા બાદ વડોદરા દફનવિધિ હતી. ઈફતારી કરીને વડોદરા ફતેગંજ પહોંચ્યા તરાવીહ બાદ મર્હૂમના ઘરે હાજરી આપી આખરી દીદાર ભારે હૃદયે કર્યા. નેક ફરઝંદોથી મુલાકાત કરી આશ્વાસન આપ્યાં અને ત્યારબાદ જનાઝામાં હાજરી આપી. આપ જે દારુલ ઉલૂમના બાની તથા સંચાલક હતા તે "દારુલ આ'લા હઝરત –બાવામાનપુરા, વડોદરા" ખાતે લગભગ રાત્રે ૧૧:૪૫ના ખાસ્સી સંખ્યામાં આપના સંબંધીઓ ચાહકોની ભીડમાં નમાઝે જનાઝા હઝરત સૈયદ અમીરૂદ્દીન બાવા સાહબે પઢાવી. ત્યારબાદ જનાઝો મેમન હાલાઈ જમાત કબ્રસ્તાનમાં લઈ જવામાં આવ્યો. જ્યાં આપની દફનવિધિ થઈ. અમારી મર્હૂમ હાજી ધનાની સાહબ સાથે આપના ઘરે તા. ૮–૧૧–૨૦૨૩ના છેલ્લી મુલાકાત થઈ હતી. ગૌષો ખ્વાજાના ચાહક હતા. મારી જાણ મુજબ આપ હઝરત સૈયદુલ ઉલમા મારહરવી رحمۃ اللہ علیہના મુરીદ હતા. મારહરા શરીફ તથા બરેલી શરીફથી ખૂબ લગાવ હતો. મસ્લકે આ'લા હઝરતના શયદાઈ હતા. આપ મર્હૂમ હાજી સાહબ સાથે અમારી ઘણી યાદો જોડાયેલ છે. આપને સુન્ની બાળકોની દીની દુનિયવી બંને તાલીમની ખૂબ જ ફિકર રહેતી જેથી આપ સ્વખર્ચે જંબુસર ખાતે "ગરીબખાના કાદરિયા મદ્રસો" વરસો પહેલાંથી ચલાવતા હતા જે આજે પણ ચાલુ છે. અલ્હમ્દુલિલ્લાહ ! અઠવાડિયે ત્યાં વિઝિટમાં આવતા તો ત્યાંથી આપની સાથે સૈયદ હશ્મતબાપુના વાલિદે મોહરતમ મર્હૂમ સૈયદ મજૂ મિયાં બાપુને તથા મર્હૂમ દાઉદ અશરફી, ઈસ્માઈલ ભોજવાળાને સાથે લઈ દયાદરા અમારી ઓફીસે આવતા અને મને સાથે લઈને દારુલ ઉલૂમ મુઈનુલ ઈસ્લામ–થામ મર્હૂમ વલીભાઈ ગોરજી પાસે જતા. અને ત્યાં એ જ સુન્નિયતની મજબૂતીની ચર્ચાઓ થતી. તદ્ઉપરાંત અહમદાબાદ રામોલ ખાતે દીની તાલીમ સાથે સ્કૂલ ચાલુ કરી હતી જેનું સંચાલન મર્હૂમ આબિદભાઈ કરતા હતા. જેમના ઈન્તેકાલ બાદ શાયદ બંધ થઈ ગયેલ છે. મહેમદાવાદ ખાતે પણ આપે દીની તાલીમ સાથે મોર્ડન એજ્યુકેશન માટે એવો જ ઈદારો સ્થાપેલો. **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** જે હાલ મશહૂર ઈલ્મી ઈદારો છે તેની શરૂઆત કરવા મને અતિ આગ્રહ કરી શરૂ કરાવનાર મર્હૂમ હાજી ધનાની સાહબ જ હતા. અને આપ એના ટ્રસ્ટીમંડળમાં પણ હતા. આપનું અમને ખૂબ જ પ્રોત્સાહન રહેતુ હતું. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા હેઠળ **"હેરા ઈંગ્લિશ સ્કૂલ"** જે હાલ નવ ધોરણ સુધી પહોંચી છે તેનાથી ખૂબ ખુશ હતા એમાં પણ ખૂબ પ્રોત્સાહન આપતા રહ્યા. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ હવે નવી જગામાં બનશે ઈન્શા અલ્લાહ ! તેમાં ભરપુર સહકાર કર્યો અને ખૂબ જ ખુશી વ્યક્ત કરતા હતા. કેટલીક વાર મને મેવાસમાં ડભોઈ, નસવાડી, તીલકવાડા, દેવલિયા, ગમોડ, ચનવાડા ...... વગેરે સાથે લઈ જઈને વિઝિટ કરાવી જરૂરતવાળા ગામડાંમાં **"ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા"** થકી મસ્જિદ મદ્રસામાં સહાય કરવી, વોટર બોરિંગ, બાંધકામ કરવાં વગેરે કામોમાં માર્ગદર્શન કરતા રહ્યા. આપે વોરા

વજીરીયામાં પણ સ્કૂલ સાથે મદ્રસો ચાલુ કરાવ્યો હતો. અંજુમને રઝાએ મુસ્તફા તથા બરકાતે ખ્વાજા મંથલીના વાંચક ચાહક હતા.

"સુન્ની દા'વતે ઈસ્લામી" તેહરીકના પણ ખૂબ ચાહક હતા અને ખૂબ દુઆઓ આપતા હતા. અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી સાથે ખૂબ અક઼ીદત હતી. અવાર નવાર મોકાસર મુલાકાતો કરતા રહેતા. આપના ઈન્તેક઼ાલની ખબર હઝરતને મદીના શરીફ હતા ત્યાં પહોંચાડી તો આપે પણ ખૂબ દુઆએ મગફિરત કરીને તેમના ફરઝંદોને સબ્રે જમીલની તાકીદ કરતો વોઈસ મેસેજ મોકલ્યો. સરકાર ﷺના રોઝા મુબારક પર મગફેરતની દુઆ પણ કરી.

સુન્નિયતના ખાદિમોમાં પૂરાણા માણસોમાં મારી દષ્ટિએ આ છેલ્લો મર્દે મુજાહિદ હતો જે ૯૦ વરસની વયે આપણને અલવિદા કહી આખેરતની સફરે ચાલી નીકળેલ છે. આપની મહોબ્બતો યાદ આવતાં આંખો આસુંથી તર થઈ જાય છે. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમ હાજી ધનાનીની ક઼બ્રને રહમતો નૂરથી ભરી આપે, રમઝાનનો મુબારક મહીનો તેમને મળ્યો તેની બરકતોથી તેમની મગફિરત ફર્માવી જન્નતુલ ફિરદોસમાં આ'લા મક઼ામ અતા કરે, તેમની ખતાઓને દરગુઝર અને નેકીઓને કબૂલ ફર્માવી તેમના દરજાત બુલંદ કરે અને તેમની ઔલાદને પણ તેમની નેકીઓનો બેહતર સિલો અતા કરે. તેમના નેક ફરઝંદો અબ્દુલ મુનાફભાઈ, મુહમ્મદ સલીમભાઈ મુહમ્મદ જુનેદભાઈ, અબ્દુલ કાદિરભાઈ તેમજ સૌ ઘરવાળાં, સગાં, ચાહકોને સબ્રે જમીલ આપે. અને તેમના ફરઝંદોને મર્હૂમ વાલિદ સાહબના માર્ગે ચાલી સદા નેક કામોમાં લાગેલા રહેવાની, વાલિદ સાહબને હમેશાં ઈસાલે સવાબ કરતા રહેવાની નેક તૌફીક બખ્શે. હાલ તો એવું છે કે જે જાય છે તેમની જગા ખાલી જ રહી જાય છે, એમના જેવો ખાદિમે ક઼ૌમ, ખાદિમે સુન્નિયત નથી જોવા મળતો. અલ્લાહ તઆલા તેમનો નેઅમલ બદલ ઉભો કરે એવી દુઆ. અમીન બિજાહિન્નબી કરીમ ﷺ.

*(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક–દયાદરા)*

## ક઼િબ્લએ અવ્વલ બયતુલ મુક઼દ્દસની સંક્ષિપ્ત ઓળખ

બયતુલ મુક઼દ્દસ ઘણા બધા નબીઓ عليهم السلامનું વતન અને જન્મ સ્થળ રહ્યું છે. જેમાં અગ્રક્રમે હઝરત ઈબ્રાહીમ, હઝરત લૂત, હઝરત ઈસ્હાક઼, હઝરત યાકૂબ, હઝરત મૂસા, હઝરત દાઊદ, હઝરત સુલૈમાન عليهم السلام છે.

મસ્જિદે અક઼સા જેને હઝરત સુલૈમાન عليه السلامએ બંધાવી હતી. અક઼સાનો અર્થ છે "દૂર" કેમ કે મક્કા મુકર્રમાથી ઘણી દૂરી પર છે એટલા માટે તેને અક઼સા કહે છે.

મસ્જિદે અકસાનું બાંધકામ સૌ પ્રથમ ફરિશ્તાઓએ કર્યું જેમાં મશહૂર કુબ્બતુસ્સખરા છે. રાતોરાત મક્કાથી મસ્જિદે અક઼સા પહોંચીને મેઅરાજની રાતે હુઝૂર ﷺએ સર્વ નબીઓની ઈમામત કરી પછી આસ્માની મેઅરાજે આ સ્થળેથી જવા નીકળ્યા હતા. જ્યારે હુઝૂરે અકરમ ﷺએ મદીના મુનવ્વરા હિજરત કરી તો ૧૭ મહીના મસ્જિદે અકસાની તરફ ચહેરો કરીને નમાઝ પઢી. શહરે કુદ્સ (બયતુલ મુક઼દ્દસ) તથા ફિલિસ્તીન હિ.સ. ૧૭માં હઝરત ઉમર رضی اللہ عنہના હાથે ફતહ થયું. હિ.સ. ૪૯૩માં એના પર ઈસાઈઓનો કબજો થઈ ગયો હતો. પણ હિ.સ. ૫૮૩માં સલાહુદ્દીન ઐયૂબી رحمۃ اللہ علیہના થકી તેને આઝાદી મળી. ઈ.સ. ૧૯૧૭માં ફિલિસ્તીન પર અંગ્રેજોનો કબજો થઈ ગયો. ઈ.સ. ૧૯૪૮માં યુનોએ ફિલીસ્તીન શહેરે કુદુસમાં ૬ લાખ યહૂદીઓને દુનિયાભરમાંથી લાવીને વસાવ્યા. ઈ.સ. ૧૯૬૭થી મસ્જિદે અક઼સા અને શહરે કુદ્દસ પર સંપૂર્ણપણે કબજો યહૂદીઓનો છે. દરેક મુસલમાને ક઼િબ્લએ અવ્વલ તથા ફિલિસ્તીનવાસીઓની મદદ તથા ભલાઈની સાથે કામયાબીની ખાસ દુઆ કરવી જોઈએ.

## રમઝાન દરમિયાન વિવિધ હસ્તીઓની યાદગારો મનાવાયી

**દયાદરા :** ખાતે રમઝાન મુબારકમાં ૩–રમઝાનના રોજ જુમેરાતે મુખ્તારુલ મસાજિદમાં અસરની નમાઝ બાદ ખાતૂને જન્નત હઝરત બીબી ફાતિમા ઝહ્‌રા رضی اللہ عنہا ના વિસાલ મુબારકના દિવસે અસર બાદ મેહફિલે દુરૂદ બાદ ખત્મે યાસીન શરીફ રાખવામાં આવ્યો અને જુમ્આની અસર બાદ સુન્ની દા'વતે ઈસ્લામીના સુન્ની ઈજતેમામાં હઝરત ફાતિમા ઝહ્‌રા رضی اللہ عنہا ની શાનમાં હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ ઈમાન અફરોઝ બયાન કર્યું. તેમજ ૧૦–રમઝાન જુમેરાત ઉમ્મુલ મો'મિનીન હઝરત ખદીજતુલ કુબરા رضی اللہ عنہا ની યાદમાં અસર બાદ ખત્મે યાસીન શરીફ અને જુમ્આના દિવસે અસર બાદ હઝરત મૌલાના ઝહીર મિસ્બાહીએ આપની શાનમાં બયાન કર્યું. ૧૭–રમઝાન જુમેરાતે અસર બાદ ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہا તથા સહાબાએ બદરની બારગાહમાં ખિરાજે અકીદતના તૌર પર ખત્મે યાસીન શરીફ રાખ્યો અને બીજા દિવસે જુમ્આના બયાનમાં હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી સાહબે હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہا ની શાનમાં અને અસર બાદ શોહદાએ બદરની યાદમાં શાનદાર બયાન મૌલાના ઝહીર મિસ્બાહી સાહબે કર્યું. તેમજ ૨૧ રમઝાન સોમવારના અસર બાદ હઝરત મૌલા અલી મુર્તઝા رضی اللہ عنہ ની શાનમાં ખત્મે યાસીન શરીફ બાદ મૌલાના ઝહીર મિસ્બાહી સાહબે ઈમાન અફરોઝ બયાન કર્યું હતું.

## :: ઈન્તેકાલ પુરમલાલ ::

❒ **મુબારકપુર (યુ.પી.)** : "જામિઆ અશરફિયા–મુબારકપુર"ના મશહૂર તથા ઉસ્તાદ મુફતી હઝરત અલ્લામા મુફતી મુહમ્મદ નસીબ સાહબ مدظلہ العالی ના મોટાભાઈ જેમણે હઝરત મુફતી સાહબની કફાલત કરી અને પઢાવ્યા. તેમની જ કોશિશોથી મુફતી સાહબ આજે મશહૂર આલિમ મુફતી બન્યા, તે મોટાભાઈ હાજી બશીરઅહમદ તા. ૧૯–૩–૨૦૨૪, મંગળવાર, ૮–રમઝાન મુબારક હિ. ૧૪૪૫ના રોજ ઈન્તેકાલ કરી ગયા છે. અલ્લાહ કરીમ તેના હબીબે પાક ﷺ ના સદકે મર્હૂમની કરવટ કરવટ મગફિરત ફર્માવે, જન્નતુલ ફિરદોસમાં આ'લા મકામ અતા કરે. મુફતી સાહબ તેમનાં વાલિદા, કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. હઝરત મુફતી સાહબનાં વાલિદા પણ બીમાર થઈ ગયાં તેમને પણ રબ્બે કરીમ તંદુરસ્તીવાળી લાંબી જિંદગી અતા કરે. (આમીન) *(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*
❒ **વડોદરા** : ખાતે શેખ હાજી ઈબ્રાહીમ મિયાં હાજી હસ્સુ મિયાં મુ.ચાંદ ૧૬ રમઝાન, તા. ૨૬–૩–૨૦૨૪ મંગળવારના રોજ ઈન્તેકાલ કરી ગયા. ❒ **વાગરા** : મુકામે જનાબ અબ્દુલ્લાહભાઈ મુન્શીના અહલિયા મર્હૂમ હામિદાબેનનો તા. ૨૫–૩–૨૦૨૪, સોમવાર, ૧૪–રમઝાનુલ મુબારક હિ.સ. ૧૪૪૫ના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયાં છે. ❒ **અસુરીયા** : મુકામે રશીદ ઈસ્માઈલ માસ્તરનો ૮–રમઝાન શરીફ હિ.સ. ૧૪૪૫, તા. ૧૯–૩–૨૦૨૪ મંગળવારના રોજ ઈન્તેકાલ થયો. ❒ **સાંસરોદ** : મુકામે જનાબ હુસૈનભાઈ સાલેહનાં વાલિદા હજીયાણી મરયમ હાજી વલી સાલેહનો ૯૩ વરસની વયે ૨૬ રમઝાનુલ મુબારક શનિવાર, તા. ૬–૪–૨૦૨૪ના રોજ ઈન્તેકાલ થયો. ❒ **દયાદરા** : ખાતે તા. ૧૩–૩–૨૦૨૪ શનિવાર મુ. ચાંદ ૩ શવ્વાલુલ મુકર્રમ હિ. ૧૪૪૫ના રોજ રૂસ્તમભાઈ સીતપોણવાળાનો ઈન્તેકાલ થયો જેમની દફનવિધિ રવિવારે સવારે નવ વાગે રાખવામાં આવી. *રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺ ના સદકામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે કુર્આન શરીફનો ખત્મ કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*